૨૦૪ વર્ષ

# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 69 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ચૈત્ર સુદ - ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 March 2026, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૨૪ માર્ચ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES.
NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION DIRECTLY OR INDIRECTLY, OUTSIDE INDIA.
Initial public offer of equity shares on the main board of BSE Limited ("BSE") and National Stock Exchange of India Limited ("NSE", and together with BSE, the "Stock Exchanges") in compliance with Chapter II of the Securities and Exchange Board of India (Issue of Capital and Disclosure Requirements) Regulations, 2018, as amended ("SEBI ICDR Regulations").

POWERICA

A PROMISE FOR POWER

# POWERICA LIMITED

## TO BE LISTED ON MAIN BOARD OF NSE AND BSE

(Please scan the QR code to view the RHP)

Our Company was incorporated as 'Consolidated Power Systems Private Limited', a private limited company under the Companies Act, 1956, pursuant to certificate of incorporation dated May 4, 1984 issued by the Registrar of Companies, Mumbai-I, at Mumbai (previously known as Registrar of Companies, Maharashtra at Mumbai prior to amendment to gazette notification S.O. 4850 (E)) ("**ROC**"). Subsequently, the business of Hindustan Industrial & Electrical Engineers, a partnership firm constituted amongst late Naresh Chander Oberoi, late Kharatiram Kharak Puri and Mitter Sen was assigned to our Company pursuant to an agreement to assign dated May 23, 1984 with effect from June 1, 1984. Our Company became a deemed public limited company under Section 43(A) (1A) of the Companies Act, 1956, and the word "private" was struck off from the name of our Company with effect from June 15, 1988 pursuant to a special resolution passed by our Shareholders on July 15, 1988. Subsequently, the name of our Company was changed from 'Consolidated Power Systems Limited' to 'Powerica Limited', pursuant to a special resolution passed by our Shareholders on September 16, 1989. A fresh certificate of incorporation dated October 5, 1989 was accordingly issued by the RoC. For details in relation to changes in the name and registered office of our Company, see ***"History and Certain Corporate Matters – Brief history of our Company"*** and ***"History and Certain Corporate Matters - Changes in the registered office"*** on page 279 of the red herring prospectus dated March 17, 2026 read with the corrigendum to the red herring prospectus dated March 21, 2026 (**"RHP"** or **"Red Herring Prospectus"**) filed with the RoC.

**Registered and Corporate Office:** 9th Floor, Bakhtawar, Nariman Point, Mumbai – 400 021, Maharashtra, India

**Telephone:** 022 - 43152525; **Website:** www.powericaltd.com; **Contact person:** Anita Praful Renuse, Company Secretary and Compliance Officer; **E-mail:** investorrelations@powericaltd.com; **Corporate Identification Number:** U31100MH1984PLC032825

**THE PROMOTERS OF OUR COMPANY: BHARAT OBEROI, RENU NARESH OBEROI, JAI RAM OBEROI, NARESH OBEROI FAMILY TRUST, BHARAT OBEROI FAMILY TRUST AND KABIR AND KIMAYA FAMILY PRIVATE TRUST**

**INITIAL PUBLIC OFFER OF UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 5 EACH ("EQUITY SHARES") OF POWERICA LIMITED ("COMPANY") FOR CASH AT A PRICE OF ₹[●] PER EQUITY SHARE (INCLUDING A SHARE PREMIUM OF ₹[●] PER EQUITY SHARE) ("OFFER PRICE") AGGREGATING UP TO ₹1,100.00 CRORES COMPRISING A FRESH ISSUE OF UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 5 EACH AGGREGATING UP TO ₹700.00 CRORES BY OUR COMPANY ("FRESH ISSUE") AND AN OFFER FOR SALE OF UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 5 EACH AGGREGATING UP TO ₹400.00 CRORES ("OFFERED SHARES") BY THE PROMOTER SELLING SHAREHOLDERS (AS DEFINED BELOW), CONSISTING OF UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 5 EACH AGGREGATING UP TO ₹ 280.00 CRORES BY NARESH OBEROI FAMILY TRUST AND UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 5 EACH AGGREGATING UP TO ₹ 120.00 CRORES BY KABIR AND KIMAYA FAMILY PRIVATE TRUST (COLLECTIVELY THE "PROMOTER SELLING SHAREHOLDERS", AND SUCH EQUITY SHARES OFFERED BY THE PROMOTER SELLING SHAREHOLDERS, THE "OFFERED SHARES") ("OFFER FOR SALE", AND TOGETHER WITH THE FRESH ISSUE, THE "OFFER").**

**THE OFFER INCLUDES A RESERVATION UP TO [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 5 EACH, AGGREGATING UP TO ₹ 2.00 CRORES (CONSTITUTING UP TO [●]% OF THE POST-OFFER PAID-UP EQUITY SHARE CAPITAL), FOR SUBSCRIPTION BY ELIGIBLE EMPLOYEES ("EMPLOYEE RESERVATION PORTION"). OUR COMPANY, IN CONSULTATION WITH THE BRLMS MAY OFFER A DISCOUNT OF UP TO 10.00% (EQUIVALENT TO ₹37 PER EQUITY SHARE) OF THE OFFER PRICE TO ELIGIBLE EMPLOYEES BIDDING IN THE EMPLOYEE RESERVATION PORTION ("EMPLOYEE DISCOUNT"), SUBJECT TO NECESSARY APPROVALS AS MAY BE REQUIRED. THE OFFER LESS THE EMPLOYEE RESERVATION PORTION IS HEREINAFTER REFERRED TO AS THE "NET OFFER". THE OFFER AND THE NET OFFER SHALL CONSTITUTE [●]% AND [●]% OF THE POST-OFFER PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY, RESPECTIVELY.**

**DETAILS OF THE OFFER FOR SALE BY THE PROMOTER SELLING SHAREHOLDERS AND WEIGHTED AVERAGE COST OFACQUISITION**

| NAME OF THE PROMOTER SELLING SHAREHOLDERS | TYPE | NUMBER OF EQUITY SHARES OF FACE VALUE OF ₹ 5 EACH OFFERED / AMOUNT (₹ IN CRORES) | WEIGHTED AVERAGE COST OF ACQUISITION (IN ₹ PER EQUITY SHARE)[#] |
|---|---|---|---|
| Naresh Oberoi Family Trust | Promoter Selling Shareholder | Up to [●] equity shares of face value of ₹5 each aggregating up to ₹ 280.00 crores | Nil |
| Kabir and Kimaya Family Private Trust | Promoter Selling Shareholder | Up to [●] equity shares of face value of ₹5 each aggregating up to ₹ 120.00 crores | Nil |

*[#]As certified by Kapoor & Parekh Associates (FRN: 104803W), by way of their certificate dated March 17, 2026.*

**PRICE BAND: ₹375 TO ₹395 PER EQUITY SHARE OF FACE VALUE OF ₹5 EACH.**
**THE FLOOR PRICE IS 75 TIMES THE FACE VALUE OF THE EQUITY SHARES AND THE CAP PRICE IS 79 TIMES THE FACE VALUE OF THE EQUITY SHARES.**
**BIDS CAN BE MADE FOR A MINIMUM OF 37 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 5 EACH AND IN MULTIPLES OF 37 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 5 EACH THEREAFTER.**
**THE PRICE TO EARNINGS (P/E) RATIO BASED ON DILUTED EPS FOR FISCAL 2025 AT THE LOWER END OF THE PRICE BAND (i.e FLOOR PRICE) IS 24.57 TIMES AND AT THE UPPER END OF THE PRICE BAND (i.e CAP PRICE) IS 25.88 TIMES.**
**A DISCOUNT OF ₹37 PER EQUITY SHARES IS BEING OFFERED TO ELIGIBLE EMPLOYEES BIDDING IN THE EMPLOYEE RESERVATION PORTION**
**WEIGHTED AVERAGE RETURN ON NET WORTH FOR LAST THREE FINANCIAL YEARS IS 18.18%.**

The details of the Offer for Sale and the post Offer market capitalization of our Company, each at the Floor Price and the Cap Price, are given below:

| Particulars | At Floor Price of ₹375 per equity share | | At Cap Price of ₹395 per equity share | |
|---|---|---|---|---|
| | Up to number of Equity Shares of face value of ₹5 each | Up to Amount (₹ Crores) | Up to number of Equity Shares of face value of ₹5 each | Up to Amount (₹ Crores) |
| Fresh Offer* | 1,86,72,504 | 700.00 | 1,77,26,751 | 700.00 |
| Offer for sale | 1,06,66,666 | 400.00 | 1,01,26,581 | 400.00 |
| Total Offer Size | 2,93,39,170 | 1,100.00 | 2,78,53,332 | 1,100.00 |
| Post-Offer market capitalization of the Company | 12,74,97,904 | 4,781.17 | 12,65,52,151 | 4,998.81 |

**Fresh Offer Size has been calculated considering the discount of ₹ 37 each at Cap Price and Lower Price for shares reserved under Employee Reservation portion.*

| BID/ OFFER PERIOD | BID/ OFFER OPENS TODAY |
|---|---|
| | BID/ OFFER CLOSES ON FRIDAY, MARCH 27, 2026* |

**The UPI mandate end time and date shall be at 5:00 p.m. on Bid/Offer Closing Date.*

**WE ARE AN INTEGRATED POWER SOLUTIONS PROVIDER SPECIALISING IN DIESEL GENERATOR SETS, MEDIUM SPEED LARGE GENERATORS, AND RELATED SERVICES. WE EXPANDED INTO THE WIND POWER SECTOR AS AN INDEPENDENT POWER PRODUCER, AN ENGINEERING, PROCUREMENT, AND CONSTRUCTION CONTRACTOR, AS WELL AS AN OPERATION AND MAINTENANCE SERVICE PROVIDER FOR BALANCE OF PLANT.**

**THE OFFER IS BEING MADE THROUGH THE BOOK BUILDING PROCESS IN ACCORDANCE WITH REGULATION 6(1) OF THE SEBI ICDR REGULATIONS.**
**THE EQUITY SHARES OF THE COMPANY WILL GET LISTED ON THE MAIN BOARDS OF BSE AND NSE.**
**NSE SHALL BE THE DESIGNATED STOCK EXCHANGE.**
**• QIB PORTION: NOT MORE THAN 50% OF THE NET OFFER • NON-INSTITUTIONAL PORTION: NOT LESS THAN 15% OF THE NET OFFER • RETAIL PORTION: NOT LESS THAN 35% OF THE NET OFFER**
**• EMPLOYEE RESERVATION PORTION: UP TO [•] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 5 EACH SHARES AGGREGATING UP TO ₹2.00 CRORE**

**IN MAKING AN INVESTMENT, POTENTIAL INVESTORS MUST ONLY RELY ON THE INFORMATION INCLUDED IN THE RHP AND THE TERMS OF THE OFFER, INCLUDING THE RISKS INVOLVED AND NOT RELY ON ANY OTHER EXTERNAL SOURCES OF INFORMATION ABOUT THE OFFER AVAILABLE IN ANY MANNER. IN RELATION TO PRICE BAND, POTENTIAL INVESTORS SHOULD ONLY REFER TO THIS PRE-OFFER AND PRICE BAND ADVERTISEMENT FOR THE OFFER AND SHOULD NOT RELY ON ANY OTHER EXTERNAL SOURCES OF INFORMATION AVAILABLE IN ANY MANNER IN RELATION TO THE VALUATION OF THE COMPANY AS THESE ARE NOT ENDORSED, PUBLISHED OR CONFIRMED EITHER BY THE COMPANY OR THE BRLMS.**

***IN ACCORDANCE WITH THE RECOMMENDATION OF THE COMMITTEE OF INDEPENDENT DIRECTORS OF OUR COMPANY, PURSUANT TO THEIR RESOLUTION DATED MARCH 17, 2026, THE ABOVE PROVIDED PRICE BAND IS JUSTIFIED BASED ON QUANTITATIVE FACTORS/ KEY PERFORMANCE INDICATORS DISCLOSED IN THE "BASIS FOR OFFER PRICE" SECTION ON PAGE 128 OF THE RHP VIS-A-VIS THE WEIGHTED AVERAGE COST OF ACQUISITION ("WACA") OF PRIMARY AND SECONDARY TRANSACTION(S), AS APPLICABLE, DISCLOSED IN THE "BASIS FOR OFFER PRICE" SECTION BEGINNING ON PAGE 128 OF THE RHP AND PROVIDED BELOW IN THIS ADVERTISEMENT.***

## Risk to Investors

**For details, refer to section titled *"Risk Factors"* on page 31 of the RHP.**

1. **Risk from significant dependency on Generator Set Business:** Our Generator Set Business, contributed 80.50%, 85.00%, 86.30%, and 82.79% of our revenue from operations for the six month period ended September 30, 2025, and Fiscals 2025, 2024 and 2023, respectively.
   It comprises of three primary segments: (a) diesel generator sets ("DG sets") which remain the single largest product line (b) sale of medium speed large generator ("MSLG") sets; and (c) allied business activities comprising of allied products and services such as electromagnetic integrated shelters for defence; production of acoustic enclosures and manufacture, assembly, distribution, and service of Schneider Electric's PRISMA control panels and switchboards applications and Schneider PRISMA control panels and switchboards.
   Our reliance on the long-established Generator Set Business significantly increases our exposure to sector-specific and product-specific risks. Any negative developments in our Generator Set Business could have a material adverse impact on our business.
2. **Risk of our reliance on our business collaborations:** Revenue from sale of DG sets powered by Cummins engines accounted for 63.60%, 70.39%, 71.04% and 56.77% of our revenue from operations for the six month period ended September 30, 2025 and Fiscals 2025, 2024 and 2023, respectively. We have been a non-exclusive original equipment manufacturer ("OEM") for Cummins in India for over four decades, and we rely exclusively on Cummins for supply of engines and alternators for our DG sets with capacities ranging from 7.5 kVA to 3,750 kVA. In the MSLG segment, we collaborate with Hyundai for the sale of MSLG sets.
   If Cummins or Hyundai exercises their respective rights in a way that is contrary to our interests, such as appointing competitors, changing product pricing, or failing to renew existing arrangements, they may significantly impact our results of operations and profitability.
3. **Business Risk :** The table below outlines our revenue from operations derived from the independent power producer operations in our Wind Power Business for the fiscals indicated and the six month period ended September 30, 2025:

| Business Division | Six month period ended September 30, 2025 | | Fiscal 2025 | | Fiscal 2024 | | Fiscal 2023 | |
|---|---|---|---|---|---|---|---|---|
| | Revenue from operations (in ₹ crore) | (% of total revenue from operations) | Revenue from operations (in ₹ crore) | (% of total revenue from operations) | Revenue from operations (in ₹ crore) | (% of total revenue from operations) | Revenue from operations (in ₹ crore) | (% of total revenue from operations) |
| IPP operations of Wind Power Business | 124.09 | 8.57% | 200.68 | 7.56% | 218.75 | 9.90% | 208.40 | 8.76% |

   Our key wind turbine generator suppliers, Vestas Wind Technology India Private Limited and GE Renewable R&D India Private Limited, a member of the GE Vernova Group, provide operation and maintenance services under comprehensive long-term O&M contracts, typically ranging between five to 20 years, with complimentary service periods of two to three years in some cases. any disruption or shortfall in the performance or renewal of O&M contracts with our key original equipment manufacturer could materially and adversely affect our business, results of operations, and financial condition.
   While we manufacture certain allied components in-house, we remain reliant on third-party suppliers for most critical parts, including engines, alternators, steel and switchgear.
4. **Compliance Related Risk:** One of our Independent Directors, is on the board of directors of a company whose securities have been suspended from trading on the Stock Exchanges. The said suspension was procedural in nature.
5. **Legal Risk:** Our Company, some of our Promoters and Directors have been impleaded in a civil suit, where the relief sought inter-alia pertains to the family arrangement agreement and equity shares of our Company. There can be no assurance that this civil suit will be decided in our favour. Any unfavourable outcomes or developments relating to the civil suit, such as judgments or injunctions, could have a material adverse effect on our reputation, business, financial condition, results of operations, cash flows and the value of our Equity Shares.
6. **Supplier Risk:** We are reliant on third-party suppliers for most critical parts, including engines, alternators, steel, and switchgear.
   The table below sets out the cost of raw materials which we have obtained from our top supplier, top five suppliers and top 10 suppliers for our Generator Set Business and Wind Power Business divisions on a consolidated basis together with such cost as a percentage of our total expense in the six month period ended September 30, 2025, and Fiscal 2025, Fiscal 2024 and Fiscal 2023.

| Particulars | Six month period ended September 30, 2025 | | Fiscal 2025 | | Fiscal 2024 | | Fiscal 2023 | |
|---|---|---|---|---|---|---|---|---|
| | Cost of raw materials (in ₹ crore) | As a % of total expenses | Cost of raw materials (in ₹ crore) | As a % of total expenses | Cost of raw materials (in ₹ crore) | As a % of total expenses | Cost of raw materials (in ₹ crore) | As a % of total expenses |
| Top supplier (Cummins India Limited) | 664.75 | 51.13% | 1,154.81 | 46.84% | 969.01 | 48.07% | 793.63 | 35.71% |
| Top five suppliers | 919.18 | 70.76% | 1,422.43 | 57.70% | 1,232.85 | 61.15% | 1,325.23 | 59.63% |
| Top 10 suppliers* | 969.46 | 74.57% | 1,474.51 | 59.81% | 1,269.80 | 62.98% | 1,380.07 | 62.10% |

   **For the six month period ended September 30, 2025 and the last three Fiscals, our top 10 suppliers included Cummins India Limited, Cummins Generator Technologies India Private Limited, Nelson Global Products India Pvt Ltd, Shiva Ferric Private Limited, Platino Automotive Private Limited, Satyam Enterprises Pune Pvt. Ltd., Anav Infra Steel Private Limited, Xicon International Limited, Shankara Building Products Limited, Zv Steel Pvt Ltd., HD Hyundai Heavy Industries Co. Ltd., Symatic Engineering Pvt. Ltd., Frontline Electricals, Naresh Steel Industries Pvt. Ltd. and Shilchar Technologies Limited. The names of two of the top 10 suppliers are not being disclosed due to non-receipt of consent from these suppliers.*
   Failure to manage supplier relationships, secure favourable supply terms, or respond effectively to cost and logistical pressures may have a material adverse effect on our business, financial condition, and results of operations.
7. **Risk of Dependency on Power purchase agreements ("PPA"):** We are dependent on our PPAs to sell power and generate our revenue from operations. Furthermore, the terms of our PPAs may expose us to certain risks that may affect our future results of operations and cash flows. Further, we may not be able to qualify, compete, or secure new projects either through competitive bidding or through bilateral arrangements with central and state utilities. As a result, we may not be able to renew or obtain new PPAs at tariffs as favourable as those under our current agreements, or may not be able to procure new PPAs at all for some or all of our capacity.
8. **Risk in relation to terms of land lease agreements:** Some of the land lease agreements for our wind power projects have shorter terms than the corresponding PPAs entered into for the respective projects. The expiry and non-renewal of such land lease agreements prior to the end of the relevant PPA, impact on title, ownership rights, development rights of the owner from whom whose premises we operate or breach of the contractual terms of any lease and license agreement may have a material adverse effect on our business, cash flows, financial condition and results of operations.
9. **Risk in relation to financing agreements:** We are required to comply with certain restrictive covenants under our financing agreements. Any non-compliance may lead to, amongst others, accelerated repayment schedule and suspension of further drawdowns, which may adversely affect our business, results of operations, financial condition and cash flows.
10. **Risk of not having long-term agreements with customer and suppliers:** We do not have long-term agreements with the majority of our customers and suppliers in our Generator Set Business. This lack of long-term commitments exposes us to the risk of variations in customer demand and supply arrangements, which could lead to fluctuations and uncertainties in our Generator Set Business. In the absence of exclusive contracts with our customers, our customers may also replace our products with those of our competitors on short notice. Additionally, if we fail to meet our contractual obligations in a timely manner, or at all, our customers may be entitled to liquidated damages, as per the terms of the purchase orders.
11. **Risk in relation to geographical dependency:** Our Generator Set Business is heavily dependent on the performance of the diesel generator market in southern India and western India. According to the F&S Report, in Fiscal 2025, the southern region accounted for 29.95% and the western region for 20.03% of the LHP DG sets market by volume. According to the F&S Report, the southern region represented 28.23% of volumes for MHP DG sets, largely driven by strong information technology, manufacturing, and urban development activity in cities such as Bengaluru, Chennai, and Hyderabad. According to the F&S Report, the western region accounted for 23.62% of the MHP DG sets market by volume, supported by a robust industrial base in states such as Maharashtra and Gujarat. Any adverse changes in the conditions affecting these markets could adversely affect our business, results of operations and financial condition.
12. **Offer related risk:** This Offer is being undertaken as a Fresh Issue of Equity Shares as well as an Offer for Sale of Equity Shares by the Promoter Selling Shareholders. The proceeds from the Offer for Sale will be paid to the Promoter Selling Shareholders and we will not receive any proceeds from the Offer for Sale.
13. **The Price/Earnings Ratio based on diluted EPS for Financial Year 2025 for the Company at the upper end of the price band is 25.88. The average Industry group Price / Earnings ratio is 77.81.**
14. **Weighted average Return on Net Worth for past three Financial Years i.e. 2025, 2024 and 2023 is 18.18%.**
15. **Weighted average price at which the specified securities were acquired by our Promoters (including our Promoter Selling Shareholders) in the one year preceding the date of the Red Herring Prospectus**

| Name | Number of equity shares of face value of ₹ 5 each acquired in the last one year | Weighted average price of acquisition per Equity Share* (in ₹) |
|---|---|---|
| ***Promoters*** | | |
| Late Naresh Chander Oberoi** | 2,44,800 | Nil |
| Bharat Oberoi | 4,13,871 | Nil |
| Renu Naresh Oberoi** | 1,39,011 | Nil |
| Jai Ram Oberoi | 3,000 | Nil |
| Naresh Oberoi Family Trust[(1)#] | 2,85,00,000 | Nil |
| Bharat Oberoi Family Trust[(2)] | 3,91,57,650 | Nil |
| Kabir and Kimaya Family Private Trust[(3)#] | 1,31,52,321 | Nil |

*As certified by Kapoor & Parekh Associates (FRN: 104803W), by way of their certificate dated *March 17, 2026.*

*[#]Also Promoter Selling Shareholders.*

*(1) Holding Equity Shares through its trustee, Bharat Oberoi. | (2) Holding Equity Shares through its trustee, Jai Ram Oberoi.*

*(3) Holding Equity Shares through its trustee, Warmond Fiduciary Services Limited.*

***As on the date of the Red Herring Prospectus, Naresh Chander Oberoi is deceased. The process in relation to the transmission of all Equity Shares held by late Naresh Chander Oberoi to his successor, Renu Naresh Oberoi, is pending and subject to grant of probate. Upon successful completion of such transmission, Renu Naresh Oberoi shall hold 5,11,748 Equity Shares aggregating to 0.47% of the pre-Offer paid up Equity Share capital of our Company.*

16. **Weighted average cost of acquisition of all Equity Shares transacted in one year, eighteen months and three years preceding March 21, 2026:**

| Period | Weighted Average Cost of Acquisition per Equity Share (in ₹)* | Cap Price is 'X' times the Weighted Average Cost of Acquisition* | Range of acquisition price: Lowest Price – Highest Price(in ₹)* |
|---|---|---|---|
| Last one year from March 21, 2026 | 4.84 | 81.60 | Nil - 395.00 |
| Last 18 months from March 21, 2026 | 4.84 | 81.60 | Nil - 395.00 |
| Last three years from March 21, 2026 | 3.97 | 99.62 | Nil - 395.00 |

**As certified by Kapoor & Parekh Associates (FRN: 104803W), by way of their certificate dated March 21, 2026.*

*Continued on next page...*

દૈનિક મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 69 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ચૈત્ર સુદ - ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 March 2026, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૨૪ માર્ચ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ટ્રમ્પ ટાઢા પડ્યા, શાંતિના અણસાર







## હોર્મુઝ ખોલો નહીં તો પાવર પ્લાન્ટ ઉડાવી દઈશુંના અલ્ટિમેટમ પછી પાંચ દિવસની મહેતલ આપી

## સાથે કહ્યું કે સકારાત્મક મંત્રણાને પગલે બૉમ્બમારો મુલતવી

### અમારી ચેતવણી પછી ટ્રમ્પે પીછેહઠ કરી એવી સ્પષ્ટતા સાથે ઈરાને ઉમેર્યું કે અમે કોઈની સાથે વાતચીત નથી કરી રહ્યા

દુબઈઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઈરાનને હોર્મુઝની સામુદ્રધુની ખોલવા આપેલી મહેતલ પાંચ દિવસ માટે લંબાવી છે. ટ્રમ્પે કહ્યું હતું કે ઇરાનના ઊર્જા પ્લાન્ટ પરના હુમલા પાંચ દિવસ માટે મોકૂફ રાખવામાં આવ્યા છે. ટ્રમ્પની ટ્રુથ સોશ્યલ પરની આ પોસ્ટ પછી ઈરાનના સરકારી ટેલિવિઝને ગ્રાફિક મૂકીને કહ્યું હતું કે ઇરાનની મક્કમ ચેતવણી બાદ અમેરિકાના પ્રમુખે પીછેહઠ કરી છે. જાતે લાદેલી મહેતલ પૂરી થાય તેના કલાકો પહેલાં ટ્રમ્પે આ રાહત આપી હતી.

ટ્રમ્પે કેપિટલ અક્ષરમાં લખતા કહ્યું હતું કે અમેરિકા અને ઇરાન વચ્ચે અતિ સારી અને સકારાત્મક વાતચીત થઈ છે, જેનાથી યુદ્ધનો સંપૂર્ણ ઉકેલ આવી શકે. આખું અઠવાડિયું વાતચીત ચાલુ રહેશે. ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઇરાનના વીજમથક પર હુમલો કરવાની ધમકી મોકૂફ રાખવાનું હાલમાં ચાલુ બેઠકો અને ચર્ચાની સફળતા પર આધીન હશે. ટ્રમ્પે વાતચીત અંગે વધુ માહિતી આપી નહોતી. ઇરાનના સરકારી માધ્યમે કહ્યું હતું કે ઇરાને અમેરિકા સાથે વાતચીત કરી નથી. રીવોલ્યુશનરી ગાર્ડની નજીકના બે સરકારી માધ્યમે દાવો કર્યો હતો કે તહેરાન અને વૉશિંગ્ટન વચ્ચે કોઈ વાતચીત ચાલુ નથી.

અમેરિકના પ્રમુખ ટ્રમ્પે એવો દાવો કર્યો હતો કે ઇરાનને ઝટ શાંતિ- સોદો કરવો છે અને વૉશિંગ્ટન મોટા સન્માનજનક ઇરાની નેતા સાથે વાટાઘાટો કરી રહ્યું છે.

પોતાના જમાઈ જેરડ કુશનર અને મિડલ-ઈસ્ટના વિશેષ રાજદૂત સ્ટીવ વિટ્કોફ મંત્રણા કરી રહ્યા છે, એમ પણ ટ્રમ્પે કહ્યું હતું.

ઈરાનના વિદેશ મંત્રાલયે બે દેશ વચ્ચેની વાતચીતને રદિયો આપ્યો હતો.

અગાઉ ઈરાનના વિદેશપ્રધાન અબ્બાસ અરાઘચીએ કહ્યું હતું કે મેં તૂર્કીના મારા સમકક્ષ હકન ફિદાન સાથે વાતચીત કરી હતી. તૂર્કી અમેરિકા અને ઇરાન વચ્ચે મધ્યસ્થી કરી રહ્યું છે. ટ્રમ્પની મોકૂફીની જાહેરાત આવી ત્યારે યુનાઈટેડ આરબ અમીરાતે અહેવાલ આપ્યો હતો કે અમારું ઍર ડિફેન્સ ઈરાને સોમવારે બપોરે છોડેલી મિસાઈલ રોકવાનો પ્રયાસ કરી રહ્યું છે.

ટ્રમ્પની મહેતલ અને ઈરાનના બદલા લેવાની ધમકીને લીધે ચોથા અઠવાડિયાંમાં પ્રવેશેલું યુદ્ધ વધુ ભીષણ અને જીવલેણ બની શકે. જો ટ્રમ્પ અને ઈરાન વચ્ચે સમાધાન નહીં થાય તો ઈરાન અને અખાતના દેશોના લોકો અંધકારમાં ગરકાવ થઈ જશે. ■

## લડાઈ લંબાશે, કોવિડની જેમ આ કટોકટીમાંથી પણ ઊગરી જઈશું: મોદી

નવી દિલ્હીઃ ભારત પશ્ચિમ એશિયાની કટોકટીને ઉકેલવા સંવાદ અને મુત્સદ્દીગીરીની હિમાયત કરે છે, એમ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે સોમવારે કહ્યું હતું કે કમર્શિયલ શિપ પરના હુમલા અને હોર્મુઝ સામુદ્ધધુની બંધ કરવી એ અસ્વીકાર્ય છે. મોદીએ ખાતરી આપી હતી કે સરકાર તેલ અને વાયુની જરૂરિયાત પૂરી કરવા વિવિધ દેશોના પુરવઠાકારોના સંપર્કમાં છે.

તેમણે કહ્યું હતું કે, આ લડાઈ લાંબી ચાલશે તેની ભારતીયો તૈયારી રાખે અને આ સમયે દેશ એક થઈ જાય તથા જેમ કોવિડની કટોકટી વખતે એકતા દાખવી હતી તેમ ફરી દાખવો. કોવિડની જેમ જ આ કટોકટીને પણ આપણે પાર કરી જઈશું.

મોદીએ લોકસભામાં એક નિવેદનમાં કહ્યું હતું કે યુદ્ધગ્રસ્ત વિસ્તારમાં ફસાયેલા દરેક ભારતીયને સરકાર શક્ય હોય તમામ મદદ કરી રહી છે. મેં પશ્ચિમ એશિયાના દેશોના વડા સાથે વાતચીત કરી છે અને તેમણે ભારતીયોની સલામતીની ખાતરી આપી છે.

ઈંધણની અછતની ચિંતા પર બોલતાં તેમણે કહ્યું હતું કે સરકાર તેલ અને વાયુનો પુરવઠો સતત જળવાઈ રહે એ માટે વિવિધ દેશના પુરવઠાકાર સાથે સંપર્કમાં છે. તેમણે માહિતી આપી હતી કે બધા પાવર પ્લાન્ટમાં કોલસાનો પૂરતો સ્ટોક છે. તેમણે દાવો કર્યો હતો કે ભારત અન્ન સુરક્ષા માટે પણ સુસજ્જ છે. મોદીએ વધુમાં કહ્યું હતું કે ભારતે

(જુઓ પાનું ૨) ▶▶

## ૧૪.૨ને બદલે ૧૦ કિલોના ગૅસ સિલિન્ડર અપાશેની વાતમાં દમ નથીઃ સરકાર

નવી દિલ્હીઃ પેટ્રોલિયમ મંત્રાલયે ૧૪.૨ કિલોના ઘરેલુ સિલિન્ડરને દસ કિલોના કરવાના સમાચારને અફવા કહ્યા છે. મંત્રાલયે કહ્યું હતું કે એલપીજીનો પુરવઠો સમાન્ય છે અને લોકોએ અફવા તરફ ધ્યાન આપવું નહીં.

મંત્રાલયનાં જોઈન્ટ સેક્રેટરી સુજાતા શર્માએ સોમવારે પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે હોર્મુઝ ખાડી પાર કરીને બે ટેન્કર ૯૨,૭૦૦ મેટ્રિક ટન ગૅસ ભરીને ભારત આવવા રવાના થયા છે. અગાઉ અમુક અહેવાલો એવા વહેતા થયા હતા કે એલપીજી સિલિન્ડર દસ કિલોનો કરાશે. હાલમાં ૧૪.૨ કિલોના ગૅસ સિલિન્ડરનો ભાવ

(જુઓ પાનું ૨) ▶▶

## સેન્સેક્સ ધડામ

### યુદ્ધમાં ઈન્વેસ્ટરોના અત્યાર સુધીમાં ૪૮ લાખ કરોડ રૂપિયા ધોવાયાઃ ટ્રમ્પની જાહેરાત પછી ક્રૂડમાં કડાકો, વર્લ્ડ માર્કેટ સુધરી : ગઈ કાલે ૧,૮૩૭ પોઈન્ટનો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ઇરાન અને અમેરિકાની વધતી અથડામણ વચ્ચે યુદ્ધ વધુ ભીષણ બનવાની ભીતિને કારણે ક્રૂડના ભાવમાં આવેલા ઉછાળા અને રૂપિયાના મૂલ્યમાં ધોવાણ થવાથી સેન્સેક્સમાં ૧,૮૩૭ પોઈન્ટનો જોરદાર કડાકો નોંધાયો હતો, જ્યારે નિફ્ટી ૨૨,૫૫૦ની સપાટીએ પટકાયો હતો.

અમેરિકાએ ઇરાન પર ૨૮મી ફેબ્રુઆરીએ હુમલો કર્યો ત્યારથી અત્યાર સુધીમાં સેન્સેક્સમાં ૮૫૯૦.૮૦ પોઇન્ટ અથવા ૧૦.૫૬ ટકાનો કડાકો પડ્યો છે અને માર્કેટ કેપમાં રૂ. ૪૮.૨૯ લાખ કરોડનું ધોવાણ થયું છે. નિફ્ટીમાં આ સમયગાળામાં ૨,૬૬૬ પોઇન્ટ અથવા તો ૧૦.૫૮ ટકાનો કડાકો નોંધાયો છે.

ટ્રમ્પ અને ઇરાનની પરસ્પરની ધમકી ભીષણ યુદ્ધના સંકેત આપી રહી હોવાથી સોમવારે ક્રૂડ ઓઇલ બેરલદીઠ ૧૧૦ની સપાટી વટાવી ગયું હતું, જ્યારે રૂપિયો ૯૪ની સપાટી તોડીને નવી વિક્રમી નીચી સપાટીને અથડાયો હતો. જોકે, મોડી સાંજે ટ્રમ્પે યુદ્ધ પાંચ દિવસ રોકવાની જાહેરાત કર્યા બાદ ક્રૂડ ૧૫ ટકાના કડાકા સાથે ૯૬ ડૉલરની સપાટી સ્પર્શી પાછું ફર્યું હતું, જ્યારે રૂપિયાએ તેની મૂળ સપાટી પાછી હાંસલ કરી લીધી હતી.

ટ્રમ્પ દ્વારા ઈરાન પર હુમલાઓને મુલતવી રાખવાના સંકેત આપ્યા પછી ગિફ્ટ નિફ્ટીમાં ચાર ટકા સુધીનો સુધારો જોવા મળ્યો હતો. યુરોપના માર્કેટમાં પણ સુધારો હતો અને અમેરિકાના

(જુઓ પાનું ૨) ▶▶

## અછતની અફવાની આફતઃ ગુજરાતના પેટ્રોલ પંપ પર વાહનોની લાંબી લાઈન

### જોકે ઇંધણની જરીકે ખેંચ ન હોવાની નાયબ મુખ્ય પ્રધાનની સ્પષ્ટતા

(અમારા પ્રતિનિધિ તરફથી)


અમદાવાદઃ ગુજરાતમાં સોમવારે ઠેર-ઠેર પેટ્રોલ પંપ બહાર લાંબી કતારો લાગી હતી અને લોકોમાં પેટ્રોલ-ડીઝલ નહીં મળે તેવો ડર જોવા મળ્યો હતો. જોકે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ લોકોને આવી કોઈપણ પ્રકારની અછત ન હોવાની સ્પષ્ટતા કરી હતી અને અફવાઓથી દૂર રહેવા અપીલ કરી હતી.

રાજ્યના અમુક પેટ્રોલ પંપ સપ્લાયમાં અવરોધ આવતા બંધ રહ્યા હતા, પરંતુ સોશ્યલ મીડિયામાં આ વાત ફેલાતા લોકોમાં ફફડાટ જોવા મળ્યો હતો અને રાજકોટ, અમદાવાદ, વડોદરા સહિત મોટાભાગના શહેરોમાં પેટ્રોલપંપ બહાર લાંબી કતારો લાગી હતી, જેને લીધે ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઈ હતી. અમદાવાદમાં શિવરંજની ક્રોસ

(જુઓ પાનું ૨) ▶▶




## ન્યૂ યૉર્ક ઍરપોર્ટમાં વિમાન અથડાયું ટ્રક સાથે, પાઈલટ-કોપાઈલટનું મોત



**અકસ્માત કે પછી...?:** ન્યૂ યોર્ક એરપોર્ટ પર ટ્રક સાથે અથડાયેલું એર કૅનેડાનું વિમાન. (એજન્સી)

ન્યૂ યૉર્કઃ ન્યૂ યૉર્કના લગ્વાર્ડીયા ઍરપોર્ટ ખાતે રવિવારે રાત્રે ઍર કેનેડાનું વિમાન રનવે પર એક ફાયર ટ્રક સાથે અથડાતાં પાઈલટ અને કો-પાઈલટનું મોત થયું હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. વિમાનમાં કુલ ૭૨ પ્રવાસી અને ચાર ક્રૂ મેમ્બર સવાર હતા.

ફાયર ટ્રક સાથે અથડાતાં વિમાનના અગ્રભાગને નુકશાન થયું હતું. જોકે વિમાનમાં સવાર ૩૯ પ્રવાસી અને ક્રૂ મેમ્બરોને સારવારાર્થે નજીકની હૉસ્ટિપલમાં લઈ જવામાં આવ્યા હતા. અમુક લોકોને ગંભીર ઈજા થઈ હતી જ્યારે નજીવી ઈજા પામેલાઓને સારવાર આપી ઘરે જવા દેવામાં આવ્યા હતા, એમ વહીવટકર્તાઓએ કહ્યું હતું.

ઍરપોર્ટનું સંચાલન કરતી ન્યૂ યૉર્ક ઍન્ડ ન્યૂ જર્સી પોર્ટ ઑથોરિટીના એક્ઝિક્યૂટિવ ડિરેક્ટર કૅથરિન ગાર્સિયાએ કહ્યું હતું કે ફાયર ટ્રકમાં સવાર પોર્ટ ઑથોરિટીના બે કર્મચારી પણ આ દુર્ઘટનામાં ઘાયલ થયા હતા, પરંતુ તેમની ઈજા જીવલેણ નહોતી. ઘટનાને મામલે તપાસને

(જુઓ પાનું ૨) ▶▶

## બે ભારતીય એલપીજી ટૅન્કર હોર્મુઝ પસાર કરી સ્વદેશભણી

નવી દિલ્હી : શિપ ટ્રેકિંગ ડેટા દર્શાવે છે કે બે વધુ ભારતીય ધ્વજવાળા એલપીજી ટેન્કર પર્શિયન ગલ્ફથી તેમની મુસાફરી શરૂ કરી છે અને ભારતીય બંદરો તરફ જતા પહેલા યુદ્ધગ્રસ્ત હોર્મુઝ સ્ટ્રેટ પાર કરે તેવી અપેક્ષા છે.

સોમવાર બપોરે એકબીજાની નજીકથી પસાર થતા એલપીજી ટેન્કર પાઈન ગેસ અને જગ વસંત, ઈરાનના લારાક અને કેશ્મ ટાપુઓ વચ્ચેના પાણીની નજીક હતા - કદાચ તેઓ સ્ટ્રેટ પાર કરતા પહેલા ઈરાની અધિકારીઓને તેમની ઓળખ સ્પષ્ટ કરશે.

મધ્ય પૂર્વમાં યુદ્ધ પછી હોર્મુઝ સ્ટ્રેટમાં ફસાયેલા બાવીસ ભારતીય ધ્વજવાળા જહાજમાં આ બંને જહાજોનો સમાવેશ થાય છે.

શિપ ટ્રેકિંગ ડેટા દર્શાવે છે કે બંને જહાજ સોમવારે ભારતીય બંદરો તરફ જતા પહેલા સ્ટ્રેટ પાર કરી શકે છે.

અગાઉ, એમટી શિવાલિક અને એમટી નંદા દેવી, જે લગભગ ૯૨૭૧૨ ટન એલપીજી સાથે સુરક્ષિત રીતે ભારતીય કિનારે પહોંચી ગયા છે. અમેરિકા-ઇઝરાયલના ઈરાન પર હુમલાઓ પછી પશ્ચિમ

(જુઓ પાનું ૨) ▶▶

## ન વપરાયેલો ડૅટા રીસેટને નામે ગાયબ કરી દે છે કંપનીઓ: સાંસદ

નવી દિલ્હીઃ દેશની ટેલિકોમ કંપનીઓના નિયમોનો ખુલ્લેઆમ વિરોધ કરી રહેલા રાજ્યસભાના સાંસદ અને આમ આદમી પાર્ટીના નેતા રાઘવ ચઢ્ઢાએ ટેલિકોમ કંપનીઓને વધુ એક સવાલમાં ઘેરી છે. તેમણે એક્સ પર ટેલિકોમ કંપનીઓ દ્વારા ગ્રાહકોના ન વપરાયેલા ડેટાને રીસેટના નામે ગાયબ કરી દેવાના કંપનીના નિયમ સામે સવાલ ઉઠાવ્યો છે.

સાંસદ રાઘવ ચઢ્ઢાએ જણાવ્યું હતું કે મોબાઇલ રિચાર્જ પ્લાન સામાન્ય રીતે દૈનિક ડૅટા મર્યાદા ઑફર કરે છે. જેમ કે ૧.૫ જીબી, ૨ જીબી,અથવા ૩ જીબી પ્રતિ દિવસ જે દર ૨૪ કલાકે રીસેટ થાય છે. તેમજ કોઈપણ ન વપરાયેલા ડૅટા મધ્યરાત્રિએ સમાપ્ત થાય છે. તેમણે ઉદાહરણ આપીને સમજાવ્યું કે જો કોઈ વ્યક્તિ ૨ જીબી પ્લાનમાં સબ્સ્ક્રાઇબ કરે છે પરંતુ ફક્ત ૧.૫ જીબીનો ઉપયોગ કરે છે. તો બાકીનો ૦.૫ જીબી કોઈપણ રિફન્ડ અથવા રોલઓવર લાભ વિના ગાયબ થઈ જાય છે.

રાઘવ ચઢ્ઢાએ કહ્યું છે કે આ કોઈ સંયોગ નથી પરંતુ એક

(જુઓ પાનું ૨) ▶▶

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઈરાન જેરુસલેમમાં તબાહી મચાવે તો વિશ્વયુદ્ધ થઈ જાય

**ઈરાને** ઈદ અલ-ફિતરના દિવસે જ જેરુસલેમ પર હુમલો કરતાં ઈઝરાયલ-અમેરિકા સામેના ઈરાનના યુદ્ધમાં નવો ટિવ્સ્ટ આવી રહ્યો છે. આ હુમલો પણ અલ-અક્સા મસ્જિદને ટાર્ગેટ કરીને કરાયો હતો. ઈઝરાયલે યુદ્ધની સ્થિતિને કારણે ૬૦ વર્ષમાં પહેલી વાર અલ-અક્સા મસ્જિદ બંધ કરાવી તેના કારણે સુન્ની મુસ્લિમો ભડકેલા હતા ત્યાં જ ઈરાને મિસાઈલથી હુમલો કરી દેતાં સુન્ની મુસ્લિમોમાં ભારે આક્રોશ છે.

સદનસીબે ઈરાને છોડેલી મિસાઈલ અલ-અક્સા મસ્જિદથી લગભગ ૩૦૦ મીટર દૂર પડતાં અલ-અક્સા મસ્જિદને કોઈ નુકસાન ના થયું પણ મસ્જિદની બહાર નમાઝ પઢવા એકઠા થયેલા મુસ્લિમોમાં ભાગદોડ મચી ગઈ. મસ્જિદના બંધ દરવાજાની બહાર ઈદની નમાઝ પઢી રહેલા મુસ્લિમોમાંથી એકનું મોત થયું હોવાના પણ અહેવાલ છે. ઈરાનના જેરુસલેમ પરના મિસાઈ હુમલા સામે ઈઝરાયલ અને આરબ દેશો બંનેએ આકરી પ્રતિક્રિયા આપી છે.

આરબ દેશોએ ધમકી આપી છે કે, હવે પછી અલ-અક્સા મસ્જિદ કે બીજા કોઈ ધાર્મિક સ્થળને નિશાન બનાવીને હુમલો કરાશે તો ઈંટનો જવાબ પથ્થરથી અપાશે અને આરબ દેશો ભેગા મળીને ઈરાનનો સફાયો કરી દેશે. ઈઝરાયલનું કહેવું છે કે, આ હુમલાએ ઈરાનનો અસલી ચહેરો છતો કરી દીધો છે અને કહેવાતા ધાર્મિક મુલ્લારાજ પાછળ મુસ્લિમોનો જ ખાતમો કરવાની નફરતની ભાવના સિવાય કંઈ નથી.

આ ઘટનાના વિશ્વભરના મુસ્લિમોમાં પણ ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે પણ આ પ્રત્યાઘાત ઈરાનની એકદમ વિરુદ્ધ નથી એ રસપ્રદ છે. બલ્કે ઈઝરાયલલે ઈરાન સામેના યુદ્ધના બહાને અલ-અક્સા મસ્જિદ બંધ કરીને મુસ્લિમો પાસેથી આ પવિત્ર સ્થાન છિનવી લીધું એવા આક્ષેપો થઈ રહ્યા છે. સોશ્યલ મીડિયા પર ઈરાનની ઝાટકણી કાઢતા મેસેજ તો છે પણ વધારે મેસેજ ઈઝરાયલની કોન્સ્પિરસી થિયરીના છે. ઈઝરાયલ ઈરાનનું નામ દઈને અલ-અક્સા મસ્જિદને ઉડાવી દેવાની ફિરાકમાં હોવાની વાતો થઈ રહી છે અને મિસાઈલ ઈરાને નહીં પણ ઈઝરાયલે જ છોડી હોવાના દાવા પણ કરાઈ રહ્યા છે.

ઈરાન આ મુદ્દે ચૂપ છે પણ વૈશ્વિક બાબતોના નિષ્ણાતો માને છે કે, જેરુસલેમને નિશાન બનાવીને ઈરાન જોરદાર વ્યૂહાત્મક ગેમ રમી રહ્યું છે. અત્યારે સાઉદી અરેબિયા સહિતના આરબ દેશો અમેરિકા અને ઈઝરાયલના પડખે છે. ઈરાન અલ-અક્સા મસ્જિદને નિશાન બનાવીને ઈઝરાયલ અને આરબ દેશોને સામસામે મૂકવા માગે છે. અલ-અક્સા મસ્જિદને નુકસાન થાય તો ઈઝરાયલ અલ-અક્સા મસ્જિદનું રક્ષણ ના કરી શક્યું એમ માનીને મુસ્લિમો તેની સામે ભડકે તેથી આરબ દેશોએ ઈઝરાયલનો સાથ છોડવો પડે.

ઈરાન જેરુસલેમમાં તબાહી મચાવીને દુનિયાભરના મુસ્લિમોની સહાનુભૂતિ મેળવવાનો દાવ પણ ખેલી રહ્યું છે. આ વાતને સમજવા માટે જેરુસલેમનું મહત્ત્વ સમજવું જરૂરી છે. જેરુસલેમ સાથે ત્રણ ધર્મનાં લોકોની ધાર્મિક માન્યતાઓ જોડાયેલી છે અને તેના પર કબજા માટે વરસો સુધી જંગ ખેલાયો છે. જેરુસલેમને યહૂદી, ખ્રિસ્તી અને મુસ્લિમ એમ ત્રણેય ધર્મના લોકો અતિ પવિત્ર સ્થળ માને છે.

અત્યારે જેરુસલેમ બહારની તરફ વિકસી ગયું છે પણ જૂનું શહેર જૂનું શહેર એટલે કે ઓલ્ડ સિટી સદીઓ પહેલાં હતું એવું જ છે. યહૂદીઓની માન્યતા છે કે, ઓલ્ડ સિટીમાં આવેલી કોટેલ (પશ્ચિમી દીવાલ) વોલ ઓફ ધ માઉન્ટનો અવશેષ છે. આ પવિત્ર સ્થળની અંદર તેમનું સૌથી પવિત્ર સ્થાન 'હોલી ઓફ ધ હોલીઝ' આવેલું હતું. વિશ્વનું નિર્માણ અહીં થયું હતું અને અહીં જ પયગંબર ઇબ્રાહિમે પોતાના પુત્ર ઇસહાકનો બલિ ચઢાવવાની તૈયારી કરી હતી. અનેક યહૂદીઓની માન્યતા છે કે ડોમ ઓફ ધ રોક જ હોલી ઓફ ધ હોલીઝ છે.

મુસ્લિમો માટે ઓલ્ડ સિટીમાં અલ અક્સા મસ્જિદ સૌથી પવિત્ર સ્થળ છે. અલ અક્સા મસ્જિદને મુસ્લિમો મક્કા અને મદીના પછી ત્રીજું સૌથી પવિત્ર સ્થળ માને છે. મુસ્લિમોની માન્યતા છે કે, મોહમ્મદ પયગંબર સાહેબે જન્નતની યાત્રા જેરુસલેમથી કરી હતી. ડોમ ઓફ ધ રોક મસ્જિદ પણ મુસ્લિમ વિસ્તારમાં છે. યહૂદી ધર્મસ્થાન તોડીને બનાવાયેલી આ મસ્જિદ યહૂદી અને મુસ્લિમ વિવાદમાં કેન્દ્રસ્થાને છે.

ખ્રિસ્તીઓ માટે જેરુસલેમમાં આસ્થાનું કેન્દ્ર 'ચર્ચ ઓફ ધ હોલી સેપલ્કર' છે. ખ્રિસ્તીઓ માને છે કે, જીસસ ક્રાઈસ્ટ એટલે કે ઇસુ ખ્રિસ્તને વધસ્તંભે આ જ સ્થળે ચડાવવામાં આવ્યા હતાં. જીસસ આ સ્થળેથી જ સ્વર્ગમાં ગયા હોવાની માન્યતા પણ છે. ત્રણેય ધર્મનાં લોકો વચ્ચે આ માન્યતાઓના કારણે વરસોથી સંઘર્ષ ચાલ્યા જ કરે છે.

ઈરાન જેરુસલેમ પર હુમલો કરીને ચર્ચ ઓફ ધ હોલી સેપલ્કર અને હોલી ઓફ ધ હોલીઝ ઉડાવી દે તો મુસ્લિમોમાં હીરો બની જાય કેમ કે સદીઓના સંઘર્ષ પછી પણ મુસ્લિમો આ સ્થાનોને નષ્ટ ના કરી શક્યાં કે જેરુસલેમ પર સંપૂર્ણ કબજો ના કરી શક્યાં. હવે મુસ્લિમો જેરુસલેમ પર સંપૂર્ણ કબજો કરી શકે એ સ્થિતિમાં નથી પણ ઈરાન ખ્રિસ્તી અને યહૂદીઓનાં સૌથી પવિત્ર સ્થાનોને ઉડાવી દે તો તેમની કટ્ટરવાદી માનસિકતા પોષાય.

ઈરાન આ વાત જાણતું હોવાથી જેરુસલેમને નિશાન બનાવી રહ્યાનું કહેવાય છે. જેરુસલેમમાં ખ્રિસ્તી અને યહૂદીઓનાં ધર્મસ્થાનોને નુકસાન થાય તો ભડકેલા યહૂદી અને ખ્રિસ્તીઓ ઈઝરાયલ અને પેલેસ્ટાઈનમાં રહેતા મુસ્લિમોને નિશાન બનાવે જ. એ સંજોગોમાં આરબ દેશો ઈઝરાયલની પડખે ના રહી શકે તેથી ઈરાન અમેરિકાની છાવણીમાં ભાગલા પાડવા માટે પણ આ દાવ ખેલી રહ્યું છે.

ઈરાન સફળ થશે કે નહીં એ ખબર નથી પણ ઈરાન આગ સાથે રમત રમી રહ્યું છે તેમાં શંકા નથી. ઈરાનની આ રમત વિશ્વયુધ્ધ ભડકાવી શકે છે. ઈરાન જેરુસલેમને નિશાન બનાવે તેમાં યહૂદી અને ખ્રિસ્તીઓનાં ધર્મસ્થાનો જ ઊડે એ જરૂરી નથી. અલ અક્સા મસ્જિદને પણ નુકસાન થઈ શકે ને એ સંજોગોમાં મુસ્લિમ રાષ્ટ્રોને ઈરાન પર આક્રમણ કરવાની ફરજ પડે એવું પણ બને. તેના કારણે યુદ્ધમાં વધારે દેશો સામેલ થાય ને દુનિયાનો મોટો વિસ્તાર યુદ્ધગ્રસ્ત થઈ જાય એ શક્ય છે.

શિયા મુસ્લિમો માટે પણ અલ અક્સા મસ્જિદ પવિત્ર હોવા છતાં ઈરાન આ દાવ ખેલી રહ્યું છે તેનું કારણ ચીન અને રશિયા મનાય છે. ચીન સામ્યવાદી છે તેથી ધર્મ સાથે તેને કંઈ લેવાદેવા નથી. રશિયાનાં મૂળિયાં પણ સામ્યવાદી જ હોવાથી તેને પણ કોઈની ધાર્મિક માન્યતાઓ સાથે નાહવા નિચોવવાનો સંબંધ નથી તેથી તેમણે ઈરાનને જેરુસલેમ પર હુમલો કરીને ધાર્મિક લાગણીઓ ભડકાવવાની સલાહા આપી હોવાનું શક્ય છે. બંને પાછલે બારણે મદદ કરી રહ્યાં હોવાથી જ ઈરાન ટકેલું છે તેથી તેમની સલાહ માથે ચડાવીને ઈરાને પણ આગ સાથે રમત માંડી દીધી છે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

ઉત્તરાયણ-સૌર વસંતઋતુ, મંગળવાર, તા. ૨૪-૩-૨૦૨૬, યમુના જયંતી

- ભારતીય દિનાંક ૩, માહે ચૈત્ર, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ચૈત્ર સુદ -૬
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ચૈત્ર, તિથિ સુદ-૬
- પારસી શહેનશાહી રોજ ૧૨મો મોહોર, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૨મો મોહોર, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૪થો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૬ઠ્ઠો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- નક્ષત્ર રોહિણી રાત્રે ક. ૧૯-૦૪ સુધી, પછી મૃગશીર્ષ
- ચંદ્ર વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૧, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ બપોરે ક. ૧૫-૫૬, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૩૩ (તા. ૨૫)
- ઓટઃ સવારે ક. ૦૯-૦૭, રાત્રે ક. ૨૧-૪૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ચૈત્ર શુક્લ - ષષ્ઠી. યમુના જયંતી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ઉપનયન, વિશેષરૂપે ભગવાન સૂર્યનારાયણનું પૂજન, સ્કંદ પૂજા, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, બ્રહ્માજીનું પૂજન, ધ્રૂવ દેવતાનું પૂજન, ચંદ્ર-મંગળ ગ્રહ દેવતાનું પૂજન, જાંબુનાં ઔષધીય પ્રયોગો, મુંડન કરાવવું નહીં, પાટ-અભિષેક પૂજા, ભગવાન સૂર્યનારાયણને અર્ઘ્ય જળ અર્પણ, મંદિરોમાં ધજા-કળશ પતાકા ચઢાવવી, વસ્ત્ર, આભૂષણ, બી વાવવું, ધાન્ય ભરવું, સીમંત સંસ્કાર, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વિનાયક પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ અવિચારી
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, માર્ગી બુધ-કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મીન, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ અસ્ત) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# પાકિસ્તાન માટે જાસૂસીઃ ઍરફૉર્સનો કર્મચારી પકડાયો

નવી દિલ્હીઃ આસામના ચાબુઆ એરફોર્સ સ્ટેશન પર તહેનાત એક નાગરિક કર્મચારીની રવિવારના રોજ પાકિસ્તાન માટે જાસૂસી કરવા અને પાકિસ્તાની હેન્ડલરને સંવેદનશીલ માહિતી આપવાના આરોપસર ધરપકડ કરવામાં આવી હતી. આ જાણકારી રાજસ્થાન પોલીસે આપી હતી.

એડિશનલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (ઇન્ટેલિજન્સ) પ્રફુલ્લ કુમારના જણાવ્યા અનુસાર આરોપીની રાજસ્થાન ઇન્ટેલિજન્સ અને એરફોર્સ ઇન્ટેલિજન્સના સંયુક્ત ઓપરેશનમાં ધરપકડ કરવામાં આવી હતી. જે તપાસના પરિણામસ્વરૂપ આરોપી સુમિત કુમાર(૩૬)ની ધરપકડ કરવામાં આવી છે, તે આ વર્ષે જાન્યુઆરીમાં જેસલમેરથી અન્ય એક શકમંદ ઝાબરરામની ધરપકડ બાદ શરૂ થઇ હતી.

જાન્યુઆરીમાં થયેલી ધરપકડ બાદ વધુ તપાસ અને પૂછપરછમાં કુમાર પાકિસ્તાન માટે જાસૂસી પ્રવૃતિઓમાં સંડોવાયેલો હોવાનો ખુલાસો થયો હતો. કુમાર ઉત્તર પ્રદેશનો વતની છે અને ચાબુઆમાં એરફોર્સ સ્ટેશનમાં મલ્ટિ-ટાસ્કિંગ સ્ટાફ(એમટીએસ) તરીકે તહેનાત હતો. તેણે પોતાના પદનો ઉપયોગ કરીને એરફોર્સ સ્ટેશન વિશે માહિતી એકત્રિત કરી હતી અને સોશ્યલ મીડિયાના માધ્યમથી તેને પાકિસ્તાની હેન્ડલરો સુધી પહોંચાડી હતી. તપાસ દરમિયાન કુમાર સતત પાકિસ્તાની એજન્ટોના સંપર્કમાં હોવાનું જાણવા મળ્યું હતું.

કુમારની ચાબુઆમાં એરફોર્સ ઇન્ટેલિજન્સ અને રાજસ્થાન ઇન્ટેલિજન્સના સંયુક્ત ઓપરેશનમાં ધરપકડ કરવામાં આવી હતી. તેને પૂછપરછ માટે જયપુર લઇ જવામાં આવ્યો હતો. જ્યાં સંયુક્ત પૂછપરછમાં તેણે ખુલાસો કર્યો હતો કે તે ૨૦૨૩થી પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીના સંપર્કમાં હતો અને પૈસાના બદલામાં તેમની સાથે સંવેદનશીલ માહિતી શેર કરતો હતો. ■

## ૨૦ લાખ ડૉલરઃ હોર્મુઝમાંથી એક જહાજ પસાર થવા દેવાની આટલી ફી

તહેરાનઃ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સશસ્ત્ર સંઘર્ષ વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટનો મુદ્દો સૌથી વધુ ચર્ચામાં રહ્યો છે, ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોની અવરજવર નિયંત્રણ મુકતા વિશ્વના ઘણા દેશોમાં ઇંધણની અછત સર્જાઈ છે. એવામાં અહેવાલ છે કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવા માટે ઈરાન કેટલાક જહાજો પાસેથી ૨૦ લાખ ડોલર વસૂલ કરી રહ્યું છે.

નોંધનીય છે કે ઈરાને અગાઉ ધમકી આપી હતી કે જો યુએસ વધુ હુમલા કરશે તો હોર્મુઝ સ્ટ્રેટને સંપૂર્ણપણે બંધ કરવામાં આવશે. એવામાં ઈરાનની સંસદની રાષ્ટ્રીય સુરક્ષા સમિતિના સભ્ય, અલાઉદ્દીન બોરોજેર્દીએ જણાવ્યું કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવા માટે જહાજો પાસેથી મોટા શુલ્ક વસૂલવામાં આવી રહ્યો છે.

અલાઉદ્દીન બોરોજેર્દીએ કહ્યું કે યુદ્ધને કારણે ઈરાનને આર્થિક નુકશાન થઇ રહ્યું છે, જેની ભરપાઈ માટે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પાસેથી ટ્રાન્ઝીટ ફી વસૂલવી જોઈએ. તેમણે કહ્યું કે આ પગલા અગાઉ જ લાગુ કરવામાં આવ્યા છે. ■

# તમિળનાડુમાં એનડીએમાં બેઠકોની વહેંચણી ફાઇનલ

ચેન્નઈઃ તમિળનાડુમાં ૨૩ એપ્રિલે યોજાનારી વિધાનસભાની ચૂંટણી માટે અન્નાદ્રમુકના વડપણ હેઠળના એનડીએ વચ્ચે સોમવારે ચાવીરૂપ મતદારક્ષેત્રની બેઠકોની ફાળવણી અંગે સમજૂતી થઈ હતી અને ચાવીરૂપ ઘટક પક્ષોને બેઠકો ફાળવવામાં આવી હતી.

વિધાનસભાની ચૂંટણી માટે અન્નાદ્રમુકે ચાવીરૂપ ઘટક પક્ષ ગણાતા ભાજપને ૨૭, પીએમકેને ૧૮ અને એએમએમકેને ૧૧ બેઠક ફાળવી હતી.

અન્નાદ્રમુકના મહામંત્રી ઈડાપ્પડી કે. પાલાનીસ્વામીએ પક્ષના વડામથકે પત્રકારોને સંબોધન કરતાં કહ્યું હતું કે અન્ય ઘટક પક્ષો સાથે પણ વાતચીત ચાલી રહી છે અને જલદી જ નિર્ણય લેવામાં આવશે. બેઠકોની ફાળવણી અંગેની વાટાઘાટ ફળદાયી રહી હતી અને ઘટક પક્ષોને

બેઠકની ફાળવણી માટે સંબંધિત મતદારક્ષેત્ર જલદી જ નક્કી કરવામાં આવશે. ૨૩૪ બેઠક ધરાવતી તમિળનાડુ વિધાનસભાની ચૂંટણી ૨૩ એપ્રિલે જોયાશે. એનડીએના ઘટક પક્ષોમાં ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન જી.કે. વાસનના વડપણ હેઠળના તમિળ માનિલા કૉંગ્રેસ (મૂપાનાર) અને આઈજેકેનો સમાવેશ થાય છે.

વિધાનસભાની ૨૩૪માંથી ૨૧૦ બેઠક પર વિજય મેવવાનો અન્નાદ્રમુકના વડપણ હેઠળના સાથીપક્ષોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. (એજન્સી) ■

# સુપ્રીમ કોર્ટના ડોમમાં દેશનું રાષ્ટ્રીય પ્રતીક લગાડવાની અરજી સાંભળવાનો ઈનકાર

નવી દિલ્હી : ભારતના સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતે સોમવારે સર્વોચ્ચ અદાલતના મુખ્ય મકાનના ડોમ આગળ ભારતનું રાષ્ટ્રીય પ્રતીક મૂકવાની અરજીનું ન્યાયી મૂલ્યાંકન કરવાની ના પાડી હતી. તેમણે આના વહીવટી પાસાં તપાસવાનું કહ્યું હતું. જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની બેન્ચે નિરીક્ષણ કર્યું હતું કે આ બાબત મુખ્ય ન્યાયમૂર્તિ અને સાથી ન્યાયમૂર્તિના વહીવટી દાયરામાં આવે છે અને આનો અદાલતી આદેશ કાઢવાની જરૂર નથી.

જસ્ટિસ સૂર્યકાંતે અરજદાર બદરવડા વેણુગોપાલને કહ્યું હતું કે આવી અરજીઓ નોંધાવાની જરૂર નથી. આ બાબત વહીવટી સ્તરે ચર્ચી શકાય છે.

વેણુગોપાલે અદાલતને જણાવ્યું હતું કે મેં ગયા વર્ષે મુખ્ય ન્યાયમૂર્તિને પત્ર લખ્યો હતો અને રજિસ્ટરીએ મને જવાબ આપ્યો હતો કે સર્વોચ્ચ અદાલત પોતાનું પ્રતીક ઉપયોગમાં લે છે. જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું હતું કે અગાઉનો જવાબ મારી મુખ્ય ન્યાયમૂર્તિની મુદત પહેલાંનો છે. આ જવાબ ૨૪ નવેમ્બર, ૨૦૨૫ પહેલાંનો છે. અમારો એવો મત છે કે અમે આ બાબત વહીવટી રીતે તપાસી શકીએ.

સર્વોચ્ચ અદાલતે રજિસ્ટરીને આદેશ આપ્યો છે કે તે એક નોંધ બનાવીને કાર્યક્ષમ ઓથોરિટી એટલે કે મુખ્ય ન્યામૂર્તિ સમક્ષ મૂકે. આ બાબતને વહીવટી રીતે હાથ ધરવાની જરૂર છે.

સર્વોચ્ચ અદાલતના સત્તાવાર પ્રતીક ઉપર અશોક ચક્ર, નીચે ત્રણ સિંહ અને સંસ્કૃતમાં લખાણ છે કે યતો ધર્મસ્તતો જયઃ (જ્યાં ધર્મ હોય છે ત્યાં જીત હોય છે. આ પ્રતીક સર્વોચ્ચ અદાલતનું ઉદ્ઘાટન થયું ત્યારે એટલે કે ૨૬ જાન્યુઆરી ૧૯૫૦માં સ્વીકારવામાં આવ્યું હતુ. જોકે એ રાષ્ટ્રીય પ્રતીક કરતાં ભીન્ન છે. રાષ્ટ્રીય પ્રતીકમાં ચાર સિંહ, અશોક ચક્ર મધ્યમાં અને 'સત્યમેવ જયતે'નું લખાણ છે (સત્યનો હંમેશાં વિજય થાય છે.)

વેણુગોપાલે અરજીમાં મુખ્ય મકાનના મધ્યના ડોમમાં રાષ્ટ્રીય પતીક મૂકવાની દાદ ચાહી છે. ■

## બાળકી પર બળાત્કાર

# ગુરુગ્રામ પોલીસ કમિશનરને કોર્ટમાં હાજર થવાનો સુપ્રીમ કૉર્ટનો આદેશ

નવી દિલ્હીઃ ચાર વર્ષની બાળકી પર બળાત્કારના કેસની તપાસ કરનાર ગુરુગ્રામ પોલીસ અને તેની ચકાસણી કરનાર મેજિસ્ટ્રેટના અસંવેદનશીલ અભિગમ સામે સુપ્રીમ કોર્ટે સોમવારે સવાલ ઉઠાવ્યા હતા અને ગુરુગ્રામ પોલીસ કમિશનર તેમ જ તપાસ અધિકારીને કથિત ઘૃણાસ્પદ ગુના સંબંધિત તપાસના તમામ રેકોર્ડ્સ સાથે પચીસ માર્ચે કોર્ટ સમક્ષ હાજર થવાનો આદેશ આપ્યો હતો.

સુપ્રીમ કોર્ટે અસરગ્રસ્ત બાળકીના પિતાને ગુરુગ્રામના જિલ્લા ન્યાયાધીશે અપનાવેલા અસંવેદનશીલ અભિગમ તેમ જ અસરગ્રસ્ત બાળકીની ચકાસણીને મામલે જ્યૂડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા અપનાવવામાં આવેલા ગેરકાયદે અભિગમ અંગેનું સોગંદનામું આરોપીઓની હાજરીમાં સિલબંધ કવરમાં સોંપવાનો આદેશ આપ્યો હતો. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી તેમ જ વિપુલ એમ. પંચોલીની બનેલી ખંડપીઠે જિલ્લા ન્યાયાધીશને બાળકીની ચકાસણીને મામલે જ્યૂડિશિયલ મેજિસ્ટ્રેટનું નિવેદન લઈ બુધવારે કોર્ટમાં સુપરત કરવા જણાવ્યું હતું.

ચાર વર્ષની બાળકીનાં બળાત્કારને મામલે સીબીઆઈ કે એસઆઈટી (સિટ)ની તપાસ યોજવાની માગણી કરતી અરજી અંગે ખંડપીઠે રાજ્ય સરકાર, હરિયાણાના ડીજીપી, ગુરુગ્રામના પોલીસ કમિશનર અને ડીસીપીને પ્રતિક્રિયા આપવા જણાવ્યું હતું.

કેસને મામલે અત્યાર સુધી થયેલી ધરપકડ અને તપાસનો સ્ટેટસ રિપોર્ટ આપવાનો પણ સુપ્રીમ કોર્ટે ગુરગ્રામ પોલીસને આદેશ આપ્યો હતો. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### લડાઈ લંબાશે

હંમેશાં માનવતાના હિતમાં શાંતિનો અવાજ ઉઠાવ્યો છે. સંવાદ અને મુત્સદ્દીગીરી એ આ સમસ્યાના ઉકેલ છે. અમારા પ્રયાસો તંગદિલી ઘટાડવા અને લડાઈ બંધ કરવાના છે. યુદ્ધ માનવતાની વિરુદ્ધમાં છે. માટે અમે બધા પક્ષોને ઝડપથી શાંતિમય ઉકેલ શોધવા પ્રોત્સાહિત કરીએ છીએ. મોદીએ ઉક્ત કથન કહ્યું ત્યારે શાસક પક્ષના સભ્યોએ પાટલી થપથપાવી હતી.

મોદીએ કહ્યું હતું કે લડાઈની શરૂઆતમાં અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર હુમલો કર્યો અને ઈરાને ત્યાર બાદ તેના અખાતના પડોશી અને ઈઝરાયલ પર હુમલો કર્યો ત્યારે પણ ભારત લડાઈ અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યું છે. મેં પશ્ચિમ એશિયાના નેતાઓ સાથે વાતચીત કરીને તેમને યુદ્ધ ભીષણ ન બને એની તકેદારી લેવાનું કહ્યું છે. ભારત નાગરિક ઊર્જા અને પરિવહન માળખા પર હુમલાની વિરુદ્ધમાં છે. (એજન્સી) ■

### ૧૪.૨ને બદલે

દિલ્હીમાં ૯૧૩ રૂપિયા અને મુંબઈમાં ૯૧૨.૫૦ રૂપિયા છે.

અમેરિકા અને ઈઝરાયલના ઈરાન સાથેના યુદ્ધને લીધે કમર્શિયલ એલપીજી સિલિન્ડરની અછત ઊભી થઈ છે. હોર્મુઝ ખાડી ખુલ્લી નથી અને ઈરાને અખાતના પડોશી દેશના એનર્જી પ્લાન્ટ પર હુમલા કર્યા છે. ■

### સેન્સેક્સ ધડામ

શૅરબજારોમાં પણ આગેકૂચ રહી હતી. ડાઉજોન્સ ઇન્ડસ્ટ્રિઅલ એવરેજ ૮૩૨ પોઇન્ટ ઊછળ્યો હતો, જ્યારે નેસ્ડેક કમ્પોઝિટ ૧.૭ ટકા ઊછળ્યો હતો. એકંદરે આજે મંગળવારે બજારમાં સકારાત્મક ફેરફારની અપેક્ષા છે.

સોમવારે સેન્સેક્સ ૧,૮૩૭ પોઈન્ટ ગગડીને ૭૨,૬૯૬ પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૬૦૨ પોઈન્ટ ગગડીને ૨૨,૫૧૩ પર બંધ થયો હતો. વ્યાપક અને તીવ્ર વેચવાલીને કારણે બીએસઇ લિસ્ટેડ તમામ કંપનીઓના કુલ માર્કેટ કેપિટલાઇઝેશનમાંથી રૂ. ૧૩.૯૦ લાખ કરોડનું ધોવાણ થયું હોવાથી તે ઘટીને રૂ. ૪૧૪.૭૭ લાખ કરોડના સ્તરે પહોંચ્યું છે.

ઈરાન-અમેરિકા યુદ્ધની વધેલી તીવ્રતા, ક્રૂડ ઓઇલના ભાવના ઉછાળા, રૂપિયાનું જબરું ધોવાણ, એફઆઇઆઇની સતત વેચવાલી, યુએસ બોન્ડ યીલ્ડમાં વધારો અને વૈશ્વિક બજારોના ઘટાડાને કારણે શેરબજાર નીચે ધકેલાયું હતું.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે જાહેર કર્યું છે કે તેમણે વોર ડિપાર્ટમેન્ટને ઈરાની પાવર પ્લાન્ટ અને એનર્જી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પરના તમામ લશ્કરી હુમલાઓને પાંચ દિવસ માટે મુલતવી રાખવાનો નિર્દેશ આપ્યો છે, અને યુદ્ધવિરામ વાટાઘાટોનો સંકેત આપ્યો છે. તેમના આ વિધાનને આધારે વિશ્વભરના શેરબજારોમાં સુધારાની આશા છે. ■

### અછતની અફવાની

રોડ પર આવેલો પેટ્રોલ પંપ બંધ થયો હતો. અહીં સવારે સાડાનવ આસપાસ જ ઈંધણ પૂરું થઈ ગયું હતું. પંપના કર્મચારીઓના જણાવ્યા અનુસાર ટેંકર આવવામાં વિલંબ થયો હતો. આ સાથે માનવ મંદિર અને પકવાન ક્રોસ રોડ પાસેના પેટ્રોલ પંપ બંધ રહ્યા હતા. દાણાપીઠમાં પેટ્રોલ પંપ બહાર વાહનચાલકોએ ભીડ જમાવી હતી. વડોદરામાં પણ પેટ્રોલ અને ડીઝલ ભરાવવા લોકોએ લાઈનો લગાવી હતી. અમુક પંપમાં ઈંધણની શોર્ટેજ હોવાનું જાણવા મળ્યું હતું. આવી જ રીતે રાજકોટમાં પણ પેટ્રોલ પંપ બહાર લાંબી કતારો હતી.

પેટ્રોલ પંપના માલિકોના જણાવ્યા અનુસાર રજાઓને લીધે સપ્લાયમાં અવરોધ ઊભો થયો છે. જે ફરી રાબેતા મુજબનો થઈ જશે. આ સાથે એવા અહેવાલો પણ છે કે પહેલા એક જ દિવસમાં ટેંકર આવી જતુ, જે હવે બે કે ત્રણ દિવસ લઈ રહ્યું છે.

પેટ્રોલ પંપ ઓનર્સ એસોસિયેશનના પ્રમુખ અરવિંદ ઠક્કરે આ મામલે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે પેટ્રોલ-ડીઝલની અછત અફવા છે. પેટ્રોલ અને ડીઝલના સપ્લાયમાં સરકાર તરફથી કે ઓઇલ કંપની તરફથી કોઈ તકલીફ નથી અને જોઈએ એટલું પેટ્રોલ ડીઝલ મળે છે. અમને સરકાર તરફથી કે ઓઇલ કંપની તરફથી કોઈ એવા આદેશ નથી મળ્યા કે પેટ્રોલ અને ડીઝલ તમારે ઓછા પ્રમાણમાં વેચવાનું છે. અમદાવાદમાં જો જોવા જઈએ તો ૨૧૦ પેટ્રોલ પંપો છે પરંતુ આજે ત્રણ કે ચાર પેટ્રોલ પંપે પેટ્રોલ નહીં હોવાથી આ પેનિક થયું છે. તેમણે આવી કોઈપણ અફવા પર ભરોસો ન કરવા અને કોઈપણ જાતનો ડર ન ફેલાવવા અપીલ કરી હતી. તો નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ આ મામલે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે રાજ્યમાં ઈંધણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને નાગરિકોએ કોઈપણ પ્રકારની અફવાઓથી ગભરાવાની જરૂર નથી. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ આ બાબતે દર બે દિવસે આ બાબતનો ખાસ રિવ્યૂ લઈ રહ્યા છે. રાજ્ય સરકાર અને ખાસ કરીને કેન્દ્ર સરકાર બંને આ સ્ટોક અને પુરવઠાનું દૈનિક નિરીક્ષણ કરી રહી છે.

સંઘવીએ રાજ્યના તમામ નાગરિકોને વિનંતી કરી હતી કે સોશ્યલ મીડિયામાં વહેતી થતી ખોટી માહિતી કે અફવાઓ પર વિશ્વાસ ન કરવો અને આવી અફવાઓ ફેલાવવી પણ નહીં. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, રાજ્ય પાસે પેટ્રોલ અને ડીઝલનો જથ્થો પૂરતા પ્રમાણમાં છે, માટે જનતાએ સંગ્રહખોરી કે પેનિક કરવાની કોઈ જરૂર નથી. તેમણે આ પ્રકારની ખોટી અફવા ન ફેલાવવા પર ભાર મૂકતા જણાવ્યું હતું કે આ પ્રકારની અફવા ફેલવનાર સામે કડક પગલાં લેવામાં આવશે. ■

### ન્યૂ યૉર્ક ઍરપોર્ટમાં

વેગ આપવા ઍરપોર્ટ કામચલાઉ રીતે બંધ કરી દેવામાં આવ્યું હતું. નેશનલ ટ્રાન્સપોર્ટ સેફ્ટી બૉર્ડ (એનટીએસબી)ની આગેવાનીમાં આ તપાસ આરંભવામાં આવી હતી.

#### સ્ટૉપ, સ્ટૉપ, સ્ટૉપ...

આ ઘટનાના તુરંત બાદ એર ટ્રાફિક કંટ્રોલ(એટીસી) ટાવરની એક ઓડિયા ક્લિપ સોશ્યલ મીડિયા પર સામે આવી હતી. જેમાં અધિકારીઓ ગભરાટમાં 'સ્ટોપ, સ્ટોપ, સ્ટોપ!'ની બૂમો પાડતા સાંભળવા મળે છે. ઍર કૅનેડા એક્સપ્રેસનું વિમાન પોર્ટ ઓથોરિટી ઓફ ન્યૂ યોર્ક એન્ડ ન્યૂજર્સીના ફાયર ટ્રક સાથે અથડાયા બાદ લગ્વાર્ડીયા એરપોર્ટ બંધ કરવામાં આવ્યું હતું. આ વિમાનમાં ૭૬ લોકો સવાર હતા.

પોર્ટ ઓથોરિટીએ એક નિવેદનમાં જણાવ્યું કે રવિવારે રાત્રે લગભગ ૧૧-૪૦ વાગ્યે (સ્થાનિક સમયાનુસાર) જાઝ એવિએશનની મોન્ટ્રિયલથી આવતી એક ફ્લાઇટ લાગાર્ડિયા એરપોર્ટના રનવે ચાર પર અકસ્માતનો ભોગ બની હતી. વિમાનમાં સવાર ૭૬ લોકોમાંથી ૭૨ મુસાફરો હતા અને બાકીના ચાર ક્રૂ મેમ્બર હતા. (એજન્સી) ■

### બે ભારતીય

એશિયામાં યુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે હોર્મુઝ સ્ટ્રેટમાં ૨૮ ભારતીય ધ્વજવાળા જહાજ હતા. આમાંથી ૨૪ સ્ટ્રેટની પશ્ચિમ બાજુએ અને ચાર પૂર્વ બાજુએ હતા. છેલ્લા કેટલાક દિવસોમાં, બંને બાજુથી બે જહાજ સલામત રીતે સફર કરવામાં સફળ રહ્યા છે. એલપીજી કેરિયર શિવાલિક ૧૬ માર્ચે ગુજરાતના મુન્દ્રા પહોંચ્યું, જ્યારે અન્ય એલપીજી ટેન્કર, નંદા દેવી, બીજા દિવસે ગુજરાતના કંડલા બંદરે પહોંચ્યું હતું. યુદ્ધ ક્ષેત્રમાં બાકી રહેલા ૨૪ ભારતીય ધ્વજ ધરાવતા જહાજમાંમાં ૬૧૧ ખલાસી સવાર છે. ■

### ન વપરાયેલો ડૅટા

ગણતરીપૂર્વકની વ્યૂહરચના છે. આ મુદ્દો લાખો ભારતીય ગ્રાહકોને અસર કરે છે, કારણ કે મોટાભાગના લોકો પ્રીપેઈડ પ્લાન પર આધાર રાખે છે. જિયો, એરટેલ અને વોડાફોન-આઈડિયા જેવી ટેલિકોમ કંપનીઓ દૈનિક ડૅટા ક્વોટા લાગુ કરે છે જે મધ્યરાત્રિએ રીસેટ થાય છે. પરિણામે, વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકો અને ગ્રામીણ વિસ્તારોના યુઝર્સ ઓછો ડેટા વાપરે છે છતાં સંપૂર્ણ રકમ ચૂકવે છે. રાઘવ ચઢ્ઢાએ સંસદમાં આ મુદ્દો ઉઠાવ્યો કે પેઇડ-ફોર ડૅટા કેમ ગાયબ કરી દેવામાં આવે છે. તેમણે માંગ કરી કે ન વપરાયેલા ડૅટા આગામી બિલિંગ સાયકલમાં લઈ જવામાં આવે જેથી ગ્રાહકો તેમના નાણાનું સંપૂર્ણ મૂલ્ય મેળવી શકે. તેમણે આ પ્રથાને ડિજિટલ લૂંટ ગણાવી જેમાં કંપનીઓ ઇરાદાપૂર્વક પોતાના નફાને વધારવા માટે રચાયેલ નિયમો બનાવે છે જ્યારે સામાન્ય માણસને નાણાકીય નુકસાન પહોંચાડે છે. ■

**રાજ્યમાં બેવડું સંકટ**

# મુંબઈ-કોંકણમાં હીટ વેવઃ વિદર્ભ મરાઠવાડામાં વરસાદની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં હવામાન હાલમાં અત્યંત અસ્થિર છે. રાજ્ય એક જ સમયે બે અલગ અલગ ઋતુઓનો સામનો કરી રહ્યું છે.

અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાંથી આવતા તોફાની પવનોને કારણે, વિદર્ભ અને મરાઠવાડામાં વીજળી સાથે વાવાઝોડાની ચેતવણી જારી કરવામાં આવી છે, જ્યારે બીજી તરફ, મુંબઈ સહિત સમગ્ર કોંકણ કિનારો હીટ વેવની ચપેટમાં આવ્યો છે.

હવામાન વિભાગે નાગરિકોને તેમના સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવા અપીલ કરી છે.

### કોંકણ અને મુંબઈમાં ગરમીનું મોજું

રાજ્યના અનેક વિસ્તારોમાં વાવાઝોડા અને વરસાદની આગાહી છે, ત્યારે મુંબઈ, થાણે, પાલઘર, રાયગઢ અને રત્નાગિરી જિલ્લામાં આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેશે. જોકે, અરબી સમુદ્ર પરની વરાળને કારણે, આ જિલ્લાઓમાં અત્યંત ગરમ અને ભેજવાળું હવામાન રહેશે. આ પાંચ જિલ્લાઓમાં હીટ વેવની ચેતવણી જારી કરવામાં આવી છે.

### આગામી ત્રણ દિવસ માટે વાવાઝોડા સાથે વરસાદ

ધારાશિવ, લાતુર, નાંદેડ, હિંગોલી, બીડ, સાંગલી અને સોલાપુરમાં આગામી ત્રણ દિવસ માટે વાવાઝોડા સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ જિલ્લાઓમાં પવનની ગતિ ૫૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. ઉપરાંત, પુણે અને અહિલ્યાનગર (અહમદનગર)માં ૩ દિવસ માટે હળવો વરસાદ પડવાની શક્યતા છે, જ્યારે આજે અને કાલે સાતારા અને કોલ્હાપુરમાં હળવો વરસાદ પડવાની શક્યતા છે.

### વિદર્ભ-ઉત્તર મહારાષ્ટ્રમાં વાદળછાયું વાતાવરણ

વિદર્ભ માટે વાવાઝોડાની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. ગુરુવારે ચંદ્રપુર, ગઢચિરોલી અને યવતમાળમાં વાવાઝોડાની આગાહી છે, આગામી ૪૮ કલાકમાં વરસાદની તીવ્રતા વધવાની સંભાવના છે.

### વાતાવરણ પરિવર્તનનું કારણ શું છે?

ભૂમધ્ય સમુદ્રમાંથી આવતા ભેજવાળા પવનો હિમાલય તરફ આગળ વધતાં, ઉત્તર ભારતમાં વરસાદ અને હિમવર્ષા થઈ રહી છે. આ સિસ્ટમ ખૂબ જ શક્તિશાળી છે અને વાદળોની વર્તુળાકાર ગતિવિધિ વધી છે. અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાંથી આવતા ભેજવાળા પવનો જમીન પરની ગરમ હવાના સીધા સંપર્કમાં આવતા વાદળછાયું વાતાવરણ અને ગાજવીજ સાથે ચોમાસા પહેલાના વરસાદનું કારણ બની રહ્યું છે.

# બાન્દ્રાથી સાંતાક્રુઝ વચ્ચે રવિવારે પાણીપુરવઠો બંધ

મુંબઈઃ નવી નાખવામાં આવેલી ૭૫૦ મિલીમીટર વ્યાસની પાણીની મુખ્ય પાઈપલાઈનને જોડવાનું કામ હાથ ધરાવાનું હોવાથી રવિવારે બાન્દ્રા પશ્ચિમથી સાંતાક્રુઝ પશ્ચિમ વચ્ચેના મોટા ભાગના પરિસરમાં પાણીપુરવઠો બંધ રહેશે, જ્યારે કેટલાક વિસ્તારોમાં ઓછા દબાણ સાથે પાણીપુરવઠો કરવામાં આવશે.

મુંબઈ મહાનગરપાલિકાના જણાવ્યા મુજબ પાલી હિલ જળાશયની પાણીની સ્થિતિ સુધારવા માટે બાન્દ્રા પશ્ચિમના રામદાસ નાઈક માર્ગ, સ્વામી વિવેકાનંદ માર્ગ અને આર. કે. પાટકર માર્ગ જંક્શન દરમિયાન ૭૫૦ મિલીમીટર વ્યાસની પાણીની મુખ્ય પાઈપલાઈન નાખવામાં આવી છે. આ પાઈપલાઈન કાર્યાન્વિત કરવાનું કામ શનિવારની રાતે ૧૧ વાગ્યાથી રવિવારની સાંજે પાંચ વાગ્યા સુધી હાથ ધરાશે.

લગભગ ૧૬ કલાક ચાલનારા આ કામને કારણે એચ વેસ્ટ વૉર્ડના અનેક વિસ્તારોમાં રવિવારે પાણીપુરવઠો બંધ રાખવામાં આવશે, જ્યારે કેટલાક વિસ્તારમાં ઓછા દબાણથી પાણીપુરવઠો થશે, એવું જણાવી પાલિકાએ નાગરિકોને પાણીનો સંગ્રહ કરી રાખવાની અપીલ કરી છે.

આ સમયગાળા દરમિયાન પાણીનો ઉપયોગ કરકસરથી કરવાની સાથે આગામી ચારથી પાંચ દિવસ પાણી ઉકાળીને અને ગાળીને પીવાની સલાહ આપવામાં આવી છે.

# મુંબઈમાં બાંગ્લાદેશીઓ, ફેરિયાઓ, હેલ્પરોની ચકાસણી કરોઃ હાઇ કોર્ટ

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે સોમવારે શહેરની નાગરિક સંસ્થા અને પોલીસને કથિત બાંગ્લાદેશી સહિત તમામ ફેરિયાઓ અને તેમના મદદગારોની ઓળખની સંપૂર્ણ ચકાસણી કરવાનો નિર્દેશ આપ્યો છે.

જસ્ટિસ એ.એસ. ગડકરી અને કમલ ખાટાની બેન્ચે મહાનગરમાં ફૂટપાથ અને રસ્તાઓ પર અનધિકૃત અને ગેરકાયદે ફેરિયાઓ દ્વારા કબજો જમાવતા, રાહદારીઓ અને વાહનો માટે અવરોધ ઊભો થતો હોવાની ચિંતા વ્યક્ત કરતી અનેક અરજીઓ પર આ આદેશ આપ્યો હતો.

કોર્ટે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનને રસ્તાઓ અને ફૂટપાથ પર સ્થિત તમામ વિક્રેતાઓ (કામચલાઉ અને કાયમી સ્ટોલ બંને) નું વ્યાપક નિરીક્ષણ અને ચકાસણી કરવાનો આદેશ આપ્યો હતો. હાઈ કોર્ટે ઉમેર્યું હતું કે, અધિકારીઓએ ખાતરી કરવી જોઈએ કે આ સ્ટોલ રાહદારીઓ અથવા વાહનોની અવરજવરને અવરોધતો નથી.

''બીએમસી અને પોલીસ, બાંગ્લાદેશી અથવા અન્ય વિદેશી નાગરિકો, જે સ્ટોલ ચલાવે છે, વેંચાણ પ્રવૃત્તિઓ કરે છે અથવા ફેરિયાઓના સહાયક તરીકે કામ કરે છે, તેમની ઓળખની સંપૂર્ણ ચકાસણી કરશે,'' હાઇ કોર્ટે એ જણાવ્યું હતું.

જો આવી કોઈ વ્યક્તિ ગેરકાયદે ઇમિગ્રન્ટ હોવાનું જણાશે, તો કાયદા અનુસાર યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે, જેમાં સક્ષમ અધિકારીઓ દ્વારા સ્વદેશ પરત મોકલવાના પગલાંનો સમાવેશ થાય છે, એમ કોર્ટે ઉમેર્યું હતું. કોર્ટે નોંધ્યું હતું કે લગભગ ૯૯,૦૦૦ ફેરિયાઓ કાયદેસર હોવાનું જાણવા મળ્યું છે અને બીએમસીને કડક માર્ગદર્શિકા અનુસાર પરવાનગી આપવાનો નિર્દેશ આપવામાં આવે છે. (પીટીઆઈ)


ખોડખાપણ વિના સ્વસ્થ બાળક માટેની સુરક્ષિત પદ્ધતિ એટલે આઇવીએફ


# જેનેટિક સમસ્યાથી પીડિત યુગલો માટે નિમાયાના ડૉ.પૂજા નાડકર્ણી બન્યા તારણહાર

સુરત : આજના યુગમાં દંપત્તિઓને વંધ્યત્વની સાથો સાથ કેટલાક એવા જટિલ પ્રશ્નો સામે આવી રહ્યા છે. આવા નિ:સંતાન દંપત્તિઓએ ડૉ. પૂજા નાડકર્ણીની સચોટ સારવારથી સંતાન સુખ મેળવ્યુ છે. આ ઉપરાંત મહત્વપૂર્ણ બાબત એ છે કે તેમણે એવા દંપતિઓની સારવાર કરી છે જેમની અગાઉ અન્ય જગ્યાએ આઇવીએફ ટ્રીટમેન્ટ થઈ ચુકી છે અને તે નિષ્ફળ નીવડી છે.



એક અહેવાલ મુજબ ભારતમાં દર વર્ષે 10 હજાર બાળકો થેલેસેમિયા મેજર સાથે જન્મે છે. કારણકે તેમના માતા-પિતા થેલેસેમિયાથી પીડાતા હોય છે. આમ આવી સ્થિતિમાં જ્યારે થેલેસેમિયા તેમજ એક જ જાતિ કે પરિવારમાં થતા લગ્નોના કારણે થતી જનીન સંબંધિત બીમારીથી પીડિત દંપતિઓની તેમણે કરેલી સારવારનું સો ટકા પરિણામ આવ્યું છે. આ ઉપરાંત થેલેસેમિયા પીડિત દંપત્તીને ત્યાં ડૉ. પૂજા નાડકર્ણીની સારવારથી નૉર્મલ બાળકનો જન્મ થઈ રહ્યો છે.

## હવે જેનેટિક સમસ્યાનો ઉકેલ સરળ બન્યો : ડૉ. પૂજા



ડૉ. પુજા નાડકર્ણી સિંહ જણાવે છે કે અમારા સેન્ટરમાં ઉપલબ્ધ જેનેટિક ઓપ્ટિમાઇઝેશન દ્વારા માતાના ગર્ભમાં એમ્બ્રિયો મૂકતા પહેલા જ તેનું સંપૂર્ણ પરીક્ષણ કરી શકાય છે. આનાથી બાળકમાં કોઈ જન્મજાત ખામી, આનુવંશિક વિકૃતિ, કે અન્ય કોઈ ગંભીર બીમારીની શક્યતા પહેલેથી જ જાણી શકાય છે. જો કોઈ ખામી જણાય, તો તે એમ્બ્રિયોને ગર્ભમાં મૂકવામાં આવતો નથી, જેના પરિણામે સ્વસ્થ બાળક જન્મે છે. આ અધતન ટેકનોલોજી દ્વારા બાળકનો IQ લેવલ, સ્કિન કલર, હેર કલર અને લગભગ 900 જેટલી સામાન્ય બીમારીઓ વિશે પણ પહેલેથી જ જાણી શકાય છે. આ જ રીતે જ્યારે થેલેસેમિયાથી પીડિત કપલ, હસબન્ડ અથવા વાઇફ બંનેમાંથી કોઇ એક થેલેસેમિક હોય તો આઇવીએફની સારવાર પૂર્વે અમે તેમના ટેસ્ટ કરાવ્યા બાદ સ્વસ્થ એમ્બ્રિયોની પસંદગી મામલે ધ્યાન રાખવામાં આવે છે. આ ચેલેન્જિંગ પરિસ્થિતિમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને અમે 100 ટકા સ્વસ્થ બાળક પેદા થાય તેવા પ્રયત્નો કરીએ છીએ અને અમે તેમાં એકસો ટકા સફળ થયા છીએ.

**"ડૉ. પૂજા થેંક્યું, હું નિ:શબ્દ છું, એક માતા તમારી હંમેશા ઋણી રહેશે**

દરેક સ્ત્રીને માતૃત્વની ઝંખના હોય છે, અને લગ્ન પછી ખોળો ખૂંદનાર ન હોય તો તેની વેદના એક સ્ત્રીથી વધુ કોણ અનુભવી શકે. હું વ્યવસાયે શિક્ષિકા છું અને મારા લગ્ન આજથી 4 વર્ષ પહેલાં થયા હતા. લગ્ન બાદ પ્રથમ વખત જ્યારે મેં ગર્ભ ધારણ કર્યું તો અમારા પરિવારની ખુશીની કોઇ સીમા ન રહી પરંતુ આ ખુશી વધારે સમય ટકી નહિ. તપાસ કરતાં ખબર પડી કે એમ્બ્રિયોનો ગ્રોથ જ ન હતો. થોડા સમય બાદ જ્યારે બીજી વખત ગર્ભ રહ્યો ત્યારે પણ એ જ સમસ્યા સામે આવી. બબ્બે વખત આવું થવાથી બધાં જ અપસેટ હતા. રિપોર્ટ કઢાવતા ખબર પડી રંગસૂત્રની ખામીના કારણે આવું થયું છે. મારા સસરા ફાર્મસીના વ્યવસાય સાથે જોડાયેલા હોવાથી તેમને ડૉ. પૂજા નાડકર્ણી સિંહ વિશે માહિતી હતી. હું અને મારા પતિ ડૉ. પૂજા નાડકર્ણીને મળ્યા. તેમણે અમારી વાત સાંભળી તેમજ રિપોર્ટ જોઈ કહ્યું કે ચિંતા ન કરો. આઇવીએફ સારવારથી તમે સંતાન મેળવી શકશો. ડૉ. પૂજા નાડકર્ણીની હૈયાધરપત બાદ અમેં સારવાર શરૂ કરાવી. થેંક્સ ગોડ હવે બસ થોડા દિવસ બાદ અમારા ઘરે પારણું બંધાશે. થેંક્સ ડૉ. પૂજા.

(એક માતા)"

**સુરત : "નિમાયા" :** 3 માળ, જશ બ્રાયન્ટ, જુના આર.ટી.ઓ.ની સામે, સુરત-395001. **ટે.** 0261-6119900

**વડોદરા : "નિમાયા" :** 4-6 માળ, મધુઝ આઇકોન, યશ કોમ્પલેક્સની બાજુમાં, ગોત્રી રોડ, ગોત્રી, વડોદરા-390021. **ટે.** 0265-6839900, 8980770044

**અમદાવાદ : "નિમાયા" :** મરિના વન, ગુરૂદ્વારાની સામે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-380015. **ટે.** 079-61199900





ગુજરાતમાં લોકસેવાનો નવો સૂર્યોદય:

**લાઇનથી ઑનલાઇન**

તરફનું ક્રાંતિકારી પ્રયાણ

સત્યમેવ જયતે ગુજરાત સરકાર



માનનીય વડાપ્રધાન **શ્રી નરેન્દ્ર મોદી**ના

'ડિજિટલ ઇન્ડિયા' વિઝનને સાકાર કરતું ગુજરાતનું વધુ એક મક્કમ પગલું

**શુભારંભ સમારોહ**

નાગરિકો માટે વહીવટી પ્રક્રિયાને વધુ સુગમ બનાવવા શરૂ થઈ રહ્યું છે એક રાજ્યવ્યાપી અભિયાન

**Sugam Digital Gujarat**

ઉદ્દઘાટકઃ
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

મુખ્ય મહેમાનઃ
**શ્રી હર્ષ સંઘવી**
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

પ્રેરક ઉપસ્થિતિઃ
**શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા**
માનનીય મંત્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, ગુજરાત સરકાર

**મુખ્ય સુવિધાઓ**

- હવે આવકનો દાખલો, જ્ઞાતિનું પ્રમાણપત્ર અને રાશન કાર્ડ મળશે ઘરે બેઠાં
- 'કોમન એપ્લિકેશન ફોર્મ' દ્વારા વિગતો વારંવાર ભરવામાંથી મુક્તિ
- આધાર વેરિફિકેશનને કારણે ઓળખના પુરાવા રજૂ કરવામાંથી આઝાદી
- પ્રમાણપત્રો મેળવો સીધા તમારા WhatsApp પર
- સરકારી ફી ભરવા માટે સુરક્ષિત અને સરળ UPIની સુવિધા

**આ માત્ર ટેક્નોલોજી નહીં પરંતુ 'ઈઝ ઓફ લિવિંગ' સાકાર કરતું એક મોટું વહીવટી પરિવર્તન છે, જે માનવ કલાકોની બચત કરી ઑનલાઇન સેવાઓથી જીવનને વધુ સરળ બનાવશે.**




તારીખઃ **૨૪-૦૩-૨૦૨૬** • સમયઃ **સવારે ૯:૩૦ વાગે** • સ્થળઃ **મહાત્મા મંદિર, ખ રોડ, સેક્ટર ૧૩ - સી, ગાંધીનગર**

"સુગમ ડિજિટલ ગુજરાત દ્વારા હવે દરેક સરકારી સેવા ઘરના આંગણે પહોંચશે, જે સમયની બચત સાથે સૌના વિકાસ અને પ્રગતિનો નવો પથ કંડારશે."

- **શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ખર્ચ (રૂ.) |
|---|---|
| ૧) સૈયબ અલી સરકાર | ૧,૦૦,૦૦૦ |
| ૨) શકુંતલા રોય | ૩૦,૦૦૦ |
| ૩) પ્રકાશ કુમાર | ૩,૦૦,૦૦૦ |
| ૪) સ્વપન ભાંજા | ૧,૫૦,૦૦૦ |
| ૫) રાધા ડેબી સા | ૮૦,૦૦૦ |
| ૬) જગુ પાસવાન | ૨,૭૦,૦૦૦ |
| ૭) સુરેન્દ્ર ભાર્ગવ | ૩,૦૦,૦૦૦ |
| ૮) અરીત હોસ્સેન | ૧,૫૦,૦૦૦ |
| ૯) સૂયરજીત પાત્રા | ૩૦,૦૦૦ |
| ૧૦) નિલેશ રોય | ૧,૫૦,૦૦૦ |
| ૧૧) બ્યૂટી બીબી | ૪૦,૦૦૦ |
| ૧૨) કાશીનાથ શર્મા | ૬,૦૦,૦૦૦ |
| ૧૩) અસિત કુમાર | ૫,૦૦,૦૦૦ |
| ૧૪) કુસુમ સિંહ | ૯૫,૦૦૦ |
| ૧૫) ગાસૂર ઉસ્માન કાબુ | ૧,૫૦,૦૦૦ |
| ૧૬) વિમલ દેવી | ૮૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે

| | |
|---|---|
| ૧૭) રોહન ચૌહાણ | ૨૦,૦૦૦ |
| ૧૮) કરુણા સંતોષ ગાયકવાડ | ૬૦,૦૦૦ |
| ૧૯) નિકી રાણા પ્રતાપ સિંહ | ૪૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે

| | |
|---|---|
| ૨૦) સ્વરાજ ગણેશ જાદવ | ૨,૦૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફલેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# શુક્રવારે થાણેના કેટલાક વિસ્તારોમાં પાણીપુરવઠો બંધ રહેશે

થાણેઃ થાણે મહાનગરપાલિકા વિસ્તારમાં એમએમઆરડીએ દ્વારા આનંદ નગરથી સાકેત સુધીના એલિવેટેડ રોડના કામ દરમિયાન ઇન્દિરા નગર સંપ તરફ જતી ૮૧૩ મી.મી. વ્યાસની પાઇપલાઇન પ્રભાવિત થઇ રહી હોવાથી એમએમઆરડીએ દ્વારા ૯૦૦ મી.મી. વ્યાસની નવી પાઇપલાઇન નાખવાનું કામ હાથ ધરાયું છે, જે અંતર્ગત કુલ ૨૨૦૦ મીટર પૈકી ૫૨૦ મીટર સુધીનું કામ પૂર્ણ થઈ ગયું છે. એમએમઆરડીએએ ૫૨૦ મીટરના અંતર સુધીની હાલની ૮૧૩ મી.મી. વ્યાસની પાઈપલાઈન બંધ કરીને નવી નાખવામાં આવેલી ૯૦૦ મી.મી. વ્યાસની પાઇપલાઇનને કાર્યરત કરવા માટે જોડાણના કામ માટે પાણી પુરવઠો બંધ રાખવાની માગ કરી છે. તે મુજબ, આ કામ માટે શુક્રવાર, તારીખ ૨૭ ના સવારે ૯ વાગ્યાથી રવિવાર, તારીખ ૨૮ ના સવારે ૯ વાગ્યા સુધી કુલ ૨૪ કલાક પાણી પુરવઠો બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન થાણે મહાનગરપાલિકા હેઠળના ઈન્દિરાનગર, સાઠેનગર, અંબેવાડી, દાવલે નગર, સાવરકરનગર, લોકમાન્ય નગર પાડા નંબર ૨, ૩ અને ૪, ચૈટ્ટીનગર, પરેરાનગર, ઝાંજેનગર, શ્રીનગર, કિસાન નગર, શિવટેકડી, શાંતિનગર, કૈલાસ ભાડાનગર, રામલીપાનગર, રામલીપાનગર, પાડા નગર, પાડા નં. સી.પી. તળાવ, ચેર વિસ્તાર વગેરેનો પાણી પુરવઠો ૨૪ કલાક માટે બંધ રહેશે. પાણી પુરવઠો શરૂ થયા પછી, આગામી ૧ થી ૨ દિવસ સુધી પાણી પુરવઠો ઓછા દબાણે રહેશે. થાણે મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે, આ સમય દરમિયાન પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરી થાણે મહાનગરપાલિકાને સહકાર આપવો.

# મુંબઈમાં આઠ વર્ષમાં ટીબીના દર્દી સાજા થવાની ટકાવારી ૮૧ ટકાએ પહોંચી

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ૨૪ માર્ચનો દિવસ ક્ષયરોગ તરીકે ઉજવાય છે ત્યારે મુંબઈમાં ડ્રગ-રેસિટન્ટ ટ્યુબરક્યુલોસીસના દર્દી સાજા થવાનો દર છેલ્લા આઠ વર્ષમાં બમણો થઈને ૮૧ ટકાએ પહોંચી ગયો છે. મુંબઈમાં ૨૦૨૫માં ટીબીના ૫૪,૩૯૦ દર્દી નોંધાયા હતા. મુંબઈ મહાનગરપાલિકાની હદમાં સાર્વજનિક આરોગ્ય વિભાગ મારફત ટીબીના દર્દીને ઉચ્ચ દરજ્જાની દવા સહિતની તમામ પ્રકારની મદદ પૂરી પાડવામાં આવે છે. તેને પરિણામે ડીઆરટીબી દર્દી સાજા થવાનો દર છેલ્લા આઠ વર્ષમાં બમણો થઈને ૮૧ ટકા સુધી પહોંચી ગયો છે. વિવિધ આરોગ્ય સંસ્થામાં ૨૦૨૫માં કુલ ૫૪,૩૯૦ ટીબીના દર્દી નોંધાયા હતા, તેમાંથી ૪૮,૮૩૫ દર્દી મુંબઈના રહેવાસી હતા. તેમાથી ૪૦ ટકા દર્દી એકસ્ટ્રા, છ ટકા બાળદર્દી અને આઠ ટકા ડીઆરટીબી પ્રકારના હતા. કેન્દ્ર સરકારના રાષ્ટ્રીય ક્ષયરોગ નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત ૨૦૨૫માં ટીબી મુક્ત ભારત ઝુંબેશ ચાલુ કરવામાં આવી છે. આ કાર્યક્રમ અંતર્ગત ૧૩,૦૮,૨૦૦ સંવેદનશીલ લોકોની તપાસ કરવામાં આવી હતી, તેમાંથી ૧,૨૪,૭૭૪ શંકાસ્પદ દર્દીના એક્સ-રે કાઢવામાં આવ્યા હતા. ત્યારબાદ જુદા જુદા પ્રકારના ટેસ્ટ બાદ ટીબીનું નિદાન થયેલા લોકોને પાલિકાના આરોગ્ય ખાતા દ્વારા સારવાર આપવામાં આવી હતી.

# મુંબઈ પછી હવે થાણેમાં પણ ડબલ-ડેકર બસો શરૂ થશે

થાણેઃ મુંબઈની જેમ હવે થાણે શહેરના રસ્તાઓ પર ડબલ-ડેકર બસો આગામી છ મહિનામાં દોડતી જોવા મળશે. સોમવારે રજૂ કરાયેલા થાણે ટ્રાન્સપોર્ટ ઇનિશિયેટિવ બજેટમાં આ જાહેરાત કરવામાં આવી હતી અને આ સાથે, થાણેવાસીઓને પણ હવે મુંબઈવાસીઓની જેમ ડબલ-ડેકર બસોની સુવિધા મળશે.

વહીવટીતંત્રે હજુ સુધી સ્પષ્ટતા કરી નથી કે આ બસો શહેરમાં કયા રૂટ પર ચલાવવામાં આવશે, પરંતુ એવું માનવામાં આવે છે કે આ બસો ઘોડબંદરથી થાણે પૂર્વ સ્ટેશન સુધીના રૂટ પર ચલાવવામાં આવશે.

સોમવારે કોર્પોરેશનની ખાસ સામાન્ય સભા સમક્ષ મેનેજર ભાલચંદ્ર બેહરે દ્વારા થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન ટ્રાન્સપોર્ટ ઇનિશિયેટિવનું નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ. ૭૯૧.૮૬ લાખનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું.

પુણેમાં સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ રોડ ટ્રાન્સપોર્ટ (સીઆઈઆરટી)ની માર્ગદર્શિકા અનુસાર, ૧ લાખની વસ્તી માટે ૫૦ બસો હોવી જોઈએ. થાણે શહેરની વસ્તી ૨૭ લાખ છે અને શહેરમાં દરરોજ સરેરાશ ત્રણ લાખ મુસાફરો મુસાફરી કરે છે. પરંતુ શહેરમાં ફક્ત ૪૬૭ બસો ઉપલબ્ધ છે . સીઆઈઆરટી ની માર્ગદર્શિકા અનુસાર, આ સંખ્યા અપૂરતી છે, એમ બજેટમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું. તેથી,બસોની સંખ્યા વધારવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

કુલ ૩૭૦ બસો ખરીદવામાં આવશે, જેમાં પીએમ ઇ-બસ યોજનામાં ૧૦૦ એર-કન્ડિશન્ડ ઇલેક્ટ્રિક બસો, ૧૫મા નાણા પંચમાંથી ૧૬૦ એર-કન્ડિશન્ડ ઇલેક્ટ્રિક બસો અને ૧૦૦ સીએનજી બસોનો સમાવેશ થાય છે. આમાં ૧૦ ડબલ-ડેકર બસોનો પણ સમાવેશ થાય છે. તાજેતરની સામાન્ય સભામાં ૧૦ ડબલ-ડેકર બસો ખરીદવાના પ્રસ્તાવને મંજૂરી મળતા આ બસોની ખરીદીનો માર્ગ મોકળો થયો છે. આ બસોની ખરીદી માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને ટ્રાન્સપોર્ટ મેનેજર ભાલચંદ્ર બેહરેએ કહ્યું કે આગામી છ મહિનામાં આ બસો ઉપલબ્ધ થઈ જશે.

દેશની આર્થિક રાજધાની મુંબઈના રસ્તાઓ પર ડબલ-ડેકર બસો મુસાફરોને સુવિધા પૂરી પાડતી હતી, તેવી જ સુવિધા હવે થાણેના રહેવાસીઓને પણ મળશે.


## ક્લાસિફાઈડ

### ૧૪. નોકરી ખાલી છે

PART TIME JOB GOVT. REgistered Co. Retired, Housewives, Benefits. 9819167779. (B-17301)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**


# નીરા દેવઘર પ્રોજેક્ટ દ્વારા ૪૩,૦૦૦ હેક્ટર વિસ્તાર સિંચાઈ હેઠળ આવશે

મુંબઈઃ નીરા દેવઘર યોજનાને કારણે ભોર, ખંડાલા, ફલટણ અને માળશિરસ એમ ચાર તાલુકાઓનો કુલ ૪૩,૦૫૦

હેક્ટર વિસ્તાર સિંચાઈ હેઠળ આવશે, તેવી માહિતી જળસંસાધન પ્રધાન રાધાકૃષ્ણ વિખે પાટીલે વિધાનસભામાં આપી હતી.

ડો. વિખે પાટીલે સ્પષ્ટ કર્યું હતું કે, નીરા દેવઘર અને ગુંજવણી ડેમની નહેરોનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી સમાન ન્યાયના સિદ્ધાંત પર કામચલાઉ ધોરણે પાણીની વહેંચણી મંજૂર કરવામાં આવી છે.

માળશિરસ તાલુકાના ૧૬ દુષ્કાળગ્રસ્ત ગામો માટે સહકારી લિફ્ટ ઇરીગેશન સ્કીમને બદલે હવે સરકારી લિફ્ટ ઇરીગેશન સ્કીમ અમલમાં મૂકવામાં આવશે. ૨૭ ઓક્ટોબર ૨૦૨૫ ના સરકારી નિર્ણય મુજબ આને મંજૂરી મળી ગઈ છે અને હાલમાં આ કાર્યનો ક્ષેત્ર સ્તરે સર્વે ચાલુ છે. ટૂંક સમયમાં તેનો સમાવેશ સુધારેલા વહીવટી મંજૂરી અહેવાલમાં કરવામાં આવશે. નીરા દેવઘર મુખ્ય નહેરનું ૧ થી ૬૫ કિમી સુધીનું કામ પરંપરાગત પદ્ધતિથી પૂર્ણ થઈ ગયું છે.


**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## છેલ્લા પાનાનું ચાલુ

### એપસ્ટીન ફાઈલ્સ

અમેરિકાના વલણને અનુસરી રહ્યા છે? આરએસએસએ મોદીનું રાજીનામું માંગવું જોઈએ.

વંચિત બહુજન આઘાડીના પ્રમુખ આંબેડકરે આરોપ લગાવ્યો હતો કે બેંકિંગ સિસ્ટમ બગડી રહી છે, રૂપિયાનું મૂલ્ય ઘટી રહ્યું છે અને દેશ અમેરિકાનો ગુલામ બની રહ્યો છે. ''આરએસએસ પ્રમુખ મોહન ભાગવત રાષ્ટ્રવાદની વાત કરે છે પણ મોદી જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પની લાઇન પર ચાલી રહ્યા છે ત્યારે તે શું રાષ્ટ્રવાદ છે? આરએસએસએ દેશના હિતમાં વલણ અપનાવવું જોઈએ અને પૂછવું જોઈએ કે મોદી ટ્રમ્પને કેમ અનુસરી રહ્યા છે,'' તેમણે પ્રશ્ન કર્યો હતો.

### પોલીસે નાશિક

ધાર્મિક વિધિઓના બહાને તેને તેની ઓફિસમાં બોલાવવામાં આવી હતી, તેને નશીલું પીણું આપવામાં આવ્યું હતું અને પછી શોષણ કરવામાં આવ્યું હતું. તેણે એમ પણ કહ્યું હતું કે આ દુર્વ્યવહાર વર્ષો સુધી ચાલુ રહ્યો હતો.

ખરાતના એક ભૂતપૂર્વ કર્મચારીએ આ કેસનો પર્દાફાશ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હોવાનું કહેવાય છે. કેટલાક અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે કર્મચારીએ ખરાતની ઓફિસમાં ગુપ્ત રીતે કેમેરા લગાવ્યો હતો અને મહિલાઓનું શોષણ થઈ રહ્યું હોવાના ફૂટેજ એકત્રિત કર્યા હતા.

કર્મચારીએ પોલીસને સોંપેલી સામગ્રીએ કથિત ગુનાઓનું પ્રમાણ ઉજાગર કરવામાં મદદ કરી હોવાનું કહેવાય છે.

પોલીસે જણાવ્યું હતું કે ૧૦ માર્ચે બીજા જિલ્લામાંથી ફરિયાદ આવ્યા બાદ તેમણે તપાસ શરૂ કરી હતી. ત્યારથી, વધુ મહિલાઓ આગળ આવી છે અને અધિકારીઓ તપાસ આગળ વધતાં વધુ ફરિયાદોની અપેક્ષા રાખે છે. ખરાતના ફાર્મહાઉસ, બંગલા અને ઓફિસમાં શોધખોળ હાથ ધરવામાં આવી છે. સીસીટીવી રેકોર્ડિંગ જપ્ત કરવામાં આવ્યા છે.

તપાસકર્તાઓ વાવી, શિરડી અને સરકારવાડા પોલીસ સ્ટેશનમાં દાખલ કરાયેલા અગાઉના કેસોની પણ તપાસ કરી રહ્યા છે, જેમાં બળાત્કાર, ખંડણી અને કાળા જાદુના આરોપોનો સમાવેશ થાય છે.

આ કેસને એક ખાસ તપાસ ટીમ (એસઆઈટી) સંભાળી રહી છે, જેમાં પોલીસ મહાનિર્દેશક તપાસ પર સીધી નજર રાખી રહ્યા છે.

રાજકીય વિવાદ વધી રહ્યો છે . વિપક્ષી નેતાઓએ ખરાત સાથે જોડાયેલા તમામ લોકો સામે કાર્યવાહી કરવાની માગણી કરી છે. શિવસેના (યુબીટી)ના નેતા ભાસ્કર જાધવે આ કેસમાં વરિષ્ઠ અધિકારીઓની સંડોવણીનો આરોપ લગાવ્યો હતો.

વિપક્ષી નેતા વિજય વડેટ્ટીવારે આ કેસને મહારાષ્ટ્ર પર કલંક ગણાવ્યો હતો અને કહ્યું હતું કે શક્તિશાળી લોકોને બચાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.

'ખરાત કેસને દબાવવાના પ્રયાસો થઈ રહ્યા છે, અને પોલીસ પર દબાણ છે,' એમ વડેટ્ટીવારે કહ્યું હતું. ખરાત સાથેના તેમના કથિત સંબંધો તપાસ હેઠળ આવ્યા બાદ ૨૦ માર્ચે મહારાષ્ટ્ર રાજ્ય મહિલા આયોગના અધ્યક્ષ રૂપાલી ચાકણકરે પણ આ વિવાદને કારણે રાજીનામું આપ્યું હતું.

### નવી મુંબઈ ઍરપોર્ટ

આવી રહ્યો છે. એરપોર્ટ વિસ્તારમાં નાગરિક સુવિધાઓનો વિકાસ તબક્કાવાર રીતે ચાલી રહ્યો છે અને સરકાર મુસાફરોને વધુ સુવિધાજનક સેવાઓ પૂરી પાડવા માટે પ્રયત્નશીલ છે. તેમણે કહ્યું કે કોઈપણ ખામીઓને દૂર કરવા માટે સંબંધિત વિભાગો વચ્ચે સંકલન વધારીને જરૂરી નિર્ણયો લેવામાં આવી રહ્યા છે.

### શાસક પક્ષમાં

અધિકારીને કેવી રીતે સસ્પેન્ડ કરી શકો છો? તે એક આઈપીએસ અધિકારી છે. તમે આવો નિર્ણય કેવી રીતે લીધો? મને તમારા નિર્ણય સામે કોઈ વાંધો નથી. જોકે, જે નિર્ણય લેવામાં આવ્યો છે તે ખોટો છે. કાર્યકરોને કોણ લાવ્યું? તમે ભાજપ પર કેવી રીતે આરોપ લગાવી શકો છો? સીઈઓને ત્યાં બેઠક યોજવા માટે કોણે દબાણ કર્યું? તેઓ સસ્પેન્શનનો જોરદાર વિરોધ કરતા જોવા મળ્યા, અને આ વાત કહી.

### છૂટાછેડાની અરજી

હતી. બાદમાં આરોપી ફરિયાદીના નામના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી તેની બહેનપણીઓને મેસેજ કરવા લાગ્યો હતો.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે ગયા સપ્તાહે આરોપીએ તેમની વચ્ચેની અંગત પળોની વાંધાજનક તસવીરો અને પત્નીની અશ્લીલ તસવીરો સોશ્યલ મીડિયા પર વાયરલ કરી હતી. વળી, એ જ તસવીરોથી વીડિયો બનાવીને ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યો હતો. વાંધાજનક તસવીરો અને વીડિયો આરોપીએ પત્નીના મોબાઈલ ફોન પર પણ મોકલાવ્યા હતા. પતિના આવા વર્તનથી કંટાળી પત્નીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

### ખરાત સાથે

તાત્કાલિક ચર્ચા કરવી જોઈએ. મહિલા આયોગના અધ્યક્ષ રૂપાલી ચાકણકરે રાજીનામું આપી દીધું છે અને જેમના ફોટા આ ઢોંગી સાથે સામે આવ્યા છે તેમણે પણ પોતાના પદ પરથી રાજીનામું આપી દેવું જોઈએ. તેથી, નિયમ ૧૦૧ હેઠળ તાત્કાલિક ચર્ચા કરીને આ મુદ્દાનો શક્ય તેટલી વહેલી તકે ઉકેલ લાવવો જોઈએ, પટોલેએ ઉમેર્યું હતું.

### શું ડેપ્યુટી

મંગળવારે વિધાન પરિષદમાં એક અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ કરશે. આ મામલે રાજ્ય સરકારની ટીકા કરી રહેલી ઠાકરેની સેના હવે નીલમ ગોર્હે સામે પ્રસ્તાવ રજૂ કરવા જઈ રહી છે. શું નીલમ ગોર્હેને આઈપીએસ અધિકારીને સસ્પેન્ડ કરવાનો અધિકાર છે? એવો સવાલ શિવસેના (યુબીટી)એ પુછ્યો છે.

ઠાકરેની શિવસેનાનું કહેવું છે કે નીલમ ગોર્હેએ પોતાના અધિકારનો દુરુપયોગ કરીને આ નિર્ણય લીધો છે. તેથી, ઠાકરેની શિવસેનાએ સ્પીકર રામ શિંદેને પત્ર લખીને તેમને પદ પરથી હટાવવાની માંગ કરી છે. આ મામલે, સૂત્રોએ માહિતી આપી હતી કે ઠાકરેની સેના મંગળવારે નીલમ ગોર્હે સામે પ્રસ્તાવ રજૂ કરશે.

### ફ્રોડના કેસમાં

કર્યા હતા. બાદમાં વળતર તો ઠીક, ફરિયાદીને રોકાણ કરેલી રકમ પણ પાછી મળી નહોતી. વળી, ભંડોળની કથિત ઉચાપત કરાઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. પ્રાથમિક તપાસ બાદ મુંબ્રા પોલીસે બન્ને આરોપીને શનિવારે બેંગલુરુથી તાબામાં લીધા હતા. મુંબઈ લાવીને ધરપકડ કર્યા બાદ રવિવારે બન્નેને કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યા હતા. કોર્ટે બન્નેને એક દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હોવાનું મુંબ્રા પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર અનિલ શિંદેએ જણાવ્યું હતું. અધિકારીએ ઉમેર્યું હતું કે આ પ્રકરણે વિગતવાર તપાસ કરવામાં આવી રહી છે. આ ઈન્વેસ્ટમેન્ટ સ્કીમમાં વધુ લોકોએ રોકાણ કર્યું છે કે કેમ તેની પણ તપાસ કરવામાં આવશે. (પીટીઆઈ)

### થાણે-બોરીવલી

ન હોવાથી તે કામ રખડી પડ્યું છે.

થાણે બાજુથી 'નાયક' નામનું ટીબીએમ મશીન શાફ્ટમાં ઉતારીને ખોદકામ શરૂ કરવાની યોજના હતી, જે હવે એપ્રિલમાં શરૂ થવાની જાહેરાત કરવામાં આવી છે.

એમએમઆરડીએની યોજના મુજબ આ પ્રોજેક્ટ ૨૦૨૮ સુધીમાં પૂરો કરવાનો છે. પણ બોરીવલી તરફ અટકી પડેલા કાર્યને કારણે આ લક્ષ્ય પૂરું થાય તેવા કોઈ આસાર અત્યારે તો દેખાતા નથી. છતાં, એમએમઆરડીએ એમ કહી રહ્યું છે કે બોરીવલી તરફથી પણ કામ જલદી શરૂ કરવામાં આવશે. નોંધનીય છે કે પૂર્વના પરાંઓમાં જેટલા પણ માળખાગત પ્રોજેક્ટ્સ છે, તે બધા જ સમય સીમા કરતાં પાછળ ચાલી રહ્યા છે. પછી તે મેટ્રો ૪ હોય, કે ટ્વીન ટનલ હોય.

### ફડણવીસે એક

એવું કહેવામાં આવી રહ્યું છે કે શિવસેના અને એનસીપી દ્વારા વિધાનસભાના પગથિયાં પર વિરોધ કરવામાં આવ્યો તેનાથી મુખ્ય પ્રધાન નારાજ થયા હતા. મુખ્ય પ્રધાને ગૃહ છોડ્યા પછી તરત જ જયકુમાર ગોર અને શિવેન્દ્રસિંહરાજે ભોસલે પણ ગૃહ છોડીને જતા જોવા મળ્યા હતા.

### ભાજપ અને મહાયુતિના

પરિષદના સભ્યો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, તેમને મતદાન કરતા અટકાવ્યા હતા, અને પછીથી તેમની ધરપકડ કરવામાં આવી હતી. ભાજપ બે મતોથી ચૂંટણી જીતવામાં સફળ રહ્યું હતું જેમાં પ્રિયા શિંદે વિજેતા બની હતી.

હકીકતમાં, મતદાનના દિવસે, શિંદેએ મહારાષ્ટ્રના પોલીસ મહાનિર્દેશક સદાનંદ દાતે સાથે પણ વાત કરી હતી.

ચૂંટણીના પરિણામોથી રાજ્યના પ્રવાસન પ્રધાન શંભુરાજ દેસાઈ, જે સતારાના પાલક પ્રધાન પણ છે, તેઓ ગુસ્સે ભરાયા અને તેમણે પ્રધાનમંડળમાંથી રાજીનામું આપવાની ધમકી પણ આપી. મતદાન દરમિયાન તેમની સાથે કથિત રીતે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો.

ભાજપ હાલ તો આ જીતથી ખુશ હોઈ શકે છે, પરંતુ ભવિષ્યમાં મોટી ચૂંટણીઓ થશે. તે સમયે શિવસેના અને એનસીપી પોતપોતાના સ્ટેન્ડ લેશે, એમ દેસાઈએ કહ્યું હતું.

સોમવારે, શિવસેનાના મંત્રીઓ અને ધારાસભ્યોએ વિધાન ભવન સંકુલનાં પગથિયાં પર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

આ મુદ્દાનો મહારાષ્ટ્ર વિધાનસભા અને વિધાન પરિષદમાં પણ પડઘો પડ્યો હતો.

વિધાન પરિષદમાં, દેસાઈ અને એનસીપીના મકરંદ પાટિલ અને બંને પક્ષોના અન્ય સભ્યોએ સાતારાના પોલીસ અધિક્ષક તુષાર દોશીને સસ્પેન્ડ કરવાની માગણી કરી હતી.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ટાણા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. લક્ષ્મીચંદ રાયચંદ શાહના સુપુત્ર અરવિંદકુમારના ધર્મપત્ની લતાબેન (ઉં. વ. ૭૫) તા. ૨૨-૩-૨૬ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે ઉત્તમભાઇ, વર્ષાબેન ભદ્રેશભાઇ, જાગૃતિબેનના ભાભી. અલ્પાબેન, હેમંતભાઇ અને મેહુલભાઇના માતુશ્રી. મયંકકુમાર, રિંકુ તથા હેમાલીના સાસુ. પિયરપક્ષે મણિલાલ જુઠાભાઇ દોશી ચલાલાવાળાના દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

મોરબી નિવાસી હાલ વિરાર, સ્વ. ઇલાબેન મુકુંદરાય કામદાર (ઉં. વ. ૭૫) તે સ્વ. મુકુંદરાયના ધર્મપત્ની. સ્વ. જયંતીલાલ, સ્વ. જયસુખલાલના ભાભી. વિરલ, અભય, રક્ષા, મેઘના, શ્રુતિના માતુશ્રી. પ્રકાશ પુનાતર, નિર્મલ ગાંધી, કરિશ્મા કામદારના સાસુ. સ્વ. રમણીકભાઇ વોરાના દીકરી. ૨૧/૩/૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ ઘાટકોપર, ઇન્દિરાબેન જસાણી (ઉં.વ.૮૬) તે સ્વ. ચુનીલાલ નાથાલાલ શેઠના સુપુત્રી, રસિકલાલ જગન્નાથ જસાણીના પત્ની. રશ્મિ, દીપક અને દીપાના મમ્મી, પ્રકાશભાઈ શાહ, રૂપલબેન જસાણી તથા સમીરભાઈ અજમેરાના સાસુ. સ્વ. તરુણાબેન, સ્વ. નલીનભાઇ, સ્વ. ભોગીભાઈ અને જગદીશભાઈના બેન તા. ૨૨/૩/૨૬ને રવિવારના રોજ અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લીમડી નિવાસી હાલ ચેમ્બુર મુંબઈ, દેવીબેન તથા રજનીકાંત ચીમનલાલ સુખલાલ ગાંધીના સુપુત્ર સ્વ. રમીલાબેન તથા અનિલભાઈ શાહના જમાઈ વિરલ રજનીકાંત ગાંધી (ઉં. વ.૫૬) તે દીપ્તિબેનના પતિ. ધ્વનિના પિતાશ્રી. શ્રેણિકના ભાઈ. તા. ૨૨/૩/૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંને પક્ષે બંધ છે.

**પાટણ જૈન**

મહાલક્ષ્મી મહેતાના પાડાના હાલ મુંબઈ, માલતીબહેન શાહ (ઉં. વ. ૮૫) તે સ્વ. માણેકલાલ સ્વરૂપચંદના સુપુત્રી. ડૉ. તુષાર તથા ડૉ. સંજયના માતુશ્રી. લજ્જાબહેન તથા મનિષાબહેનના સાસુ. તે સ્વ કીર્તિભાઈ, સ્વ. રજનીભાઈ, સ્વ. દીપકભાઈ, ડૉ. શરદભાઈ, સ્વ. જસવંતીબહેન, સ્વ. હેમલતાબહેન, સ્વ. અરુણાબહેન તથા જીનબાળાના બહેન. રેનીસા-દેવ, તનવી તથા સરગમ-જયના દાદી. તા. ૨૧ માર્ચ ૨૬ના રોજ મુંબઈમાં અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૪.૦૩.૨૬, સાંજે ૫ થી ૭. આઈએમએ હોલ, વિલેપાર્લે, ગુરુનાનક રોડ, પીવીઆર પાસે, જુહુ, મુંબઈ, ૪૦૦૦૪૯.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

કુંદરોડીના મનસુખ ખીમજી મામણીયા (ઉં. વ. ૭૫) તા. ૨૩-૩-૨૬નાં અવસાન પામ્યા છે. નેણબાઇ પુનશી ચાંપશીના પૌત્ર. ઉમરબાઇ ખીમજીના સુપુત્ર. છસરાના ખીમજી નરશીના દોહીત્ર. કાંતિ, કિશોર, રશ્મીન, રૂક્ષ્મણી, શાંતા, રેવંતના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠેકાણું : રેવંતી કીશોર ફુરીયા, ૨૧૮/૩૦૨, ઘનશ્યામ પાર્ક, રોડ નં. ૩, જવાહર નગર, ગોરેગાંવ (વેસ્ટ), મુંબઇ.

નાની ખાખરના નેમજી નેણશી સાલીયા (ઉં. વ. ૮૩) તા. ૨૧-૩-૨૬ ના કચ્છ મોટા કાંડાગરા મધ્યે અવસાન પામેલ છે. માતુશ્રી પુરબાઈ નેણશી દેવશીના સુપુત્ર. સ્વ.જયાના પતિ. ઠાકરશી, ભવાનજી, પોપટલાલ, ધનજી, હેમચંદ, તુંબડીના વિમળા સુરેશ સાવલા, નાગલપુરના નિર્મળા ઉમરશી ગંગર, કાંડાગરાના ઝવેર મુલચંદ ગાલા, બિદડાના મધુ વસંત કુરીયાના ભાઈ. સમાઘોઘાના રતનબેન દામજી તેજશી વોરાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. નેમજી નેણશી સાલીયા, નાની ખાખર, તાલુકો માંડવી, જિલ્લો કચ્છ પીન ૩૭૦૪૩૫.

## પારસી મરણ

ઝીનોબ્યા નરીમાન ખજોતીયા તે મરહુમો રાની ને નરીમાન ખજોતીયાના દીકરી. તે જેસમીરા નરીમાન ખજોતીયાના બહેન. તે રોશની, યાસ્મીન ને નવઝરના કઝીન. તે મરહુમ જરબાઇના મમઇજી. તે મરહુમ જાલેજરના મમાવાજી. (ઉં. વ. ૭૦) રે. ઠે. ૨૪, પટેલ એપાર્ટમેન્ટ, અગિયારી કંપાઉન્ડ, અગિયારી લેન, થાણા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૬૦૧.

કેકી સાવકશા પટેલ તે દીપાલી-નીલાના ધની. તે મરહુમો તેહમીના સાવકશા પટેલના દીકરા. તે રોહન, શાનીન, બેનૈઝાના પપા. તે અભિશેખના સસરા. તે વીલુ, પરવેઝ ને પરસીના ભાઇ. તે અનાઇયા ને સઇસશેના મમાવા. (ઉં. વ. ૭૮) રે. ઠે. ૪૦૧ નીલ મહલ, ૩૫મો રસ્તો, ટી.પી.એસ-૩, બાંદ્રા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦.

## હિન્દુ મરણ

**લીમ્બચીયા**

સ્વ. બચુબેન અને સ્વ. દયારામ વૈધના પુત્રી. તે સ્વ. સંતોકબેન અને સ્વ. મોતીલાલ માસ્તરના પુત્ર. સ્વ. સુંદરલાલ મર્ચન્ટના પત્ની કલાવતી (ઉં. વ. ૮૬) તે સ્વ. કમલેશ, ગીરીશ, સ્વ. સ્મિતાના માતા. સ્વ. પ્રવીણભાઇ વૈધ, મંજુબેન વૈધ, વિમળાબેન વૈધ અને ઇલાબેન સુબાના મોટાબહેન. નિખીલ કુમારી, જેષીકા કુમારી હેમાંગી અને કુમારી નીકીતાના દાદીમાં તા. ૧૫-૩-૨૬ના રવિવારે સ્વર્ગવાસી થયા છે. ઠે. ફલેટ નં. બી-૨૦૧, સલાસર એપાર્ટમેન્ટ, ટાંકી રોડ, નાલાસોપારા (ઇસ્ટ) વિધિ સુરત નિવાસે રાખેલ છે.

**વિશા લાડ વણિક**

ગૌરાંગ કાંતિલાલ શ્રોફ (ઉં. વ. ૫૯) હાલ મુંબઇ સ્વ. કાંતિલાલ અને સ્વ. સુધાબેનના પુત્ર. લક્ષ્મીનારાયણ અને મંજુલાબેન ભાલજાના જમાઇ. સંગીતાબેનના પતિ. દૃષ્ટિના પિતા. વત્સલભાઇના સસરા. બીનાબેન જરીવાલાના ભાઇ રવિવાર, તા. ૨૨-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. કસ્તુરબેન ઉમરશી પલણની સુપુત્રી ગં.સ્વ. સેજલ હરીશ જોબનપુત્રા હાલ ઐરોલી ગામ નીરોદા બાબર. તે સ્વ. હરીશભાઇ કેશવકાંત જોબનપુત્રાની ધર્મપત્ની. તે સ્વ. કેશવજી વેલજી જોબનપુત્રાની પુત્રવધૂ. પૂજા, હેતલ તથા કુશના માતાજી. ચિરાગ અરિવન કોટકના સાસુજી. કુમુંદ અરવિંદ ગણાત્રા તથા સ્વ. અનિલ ઉમરજી પલણ દેવયાની રાને રાજેશ ઉમરશી પલણ, કાશ્મીરા ચેતન સોનેતાના બહેન તા. ૨૦-૩-૨૬ના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

ભાવનગર નિવાસી હાલ કાંદિવલી, સ્વ. છોટાલાલ વિઠ્ઠલદાસ મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. વિજ્યાલક્ષ્મી (ઉં. વ. ૯૪) ૧૮/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. રમેશભાઈ, દિનેશભાઇ, શર્મિષ્ઠાબેન, મહેશભાઈ, ભારતીબેન, સ્વ. ભરતભાઈ, હર્ષાબેન, હર્ષદા બિપીનકુમાર દલાલ, કિરણભાઈ મીનાક્ષીબેનના માતુશ્રી. સ્વ. શારદાબેન ભરતકુમાર નાળિયેરવાળાના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. પદમાબેન શાંતિલાલ પાનાચંદ દેશીના પુત્ર રજનીકાંત (ઉં. વ. ૬૬) ૨૨/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે પૂનમબેનના પતિ. વૈશાલી નીરવ બિલખિયા, નક્ષીના પિતા. સ્વ. શશીકાંતભાઈ, કિશોરભાઈ, પરેશભાઈ, નિલેશભાઈ, સ્વ. જ્યોતિબેન કિરણભાઈ મહેતા, રશ્મિબેન સવાઈલાલ શાહ, કીર્તિબેન સમીરભાઈ દેસાઈ, સ્મિતા ધર્મેન્દ્રભાઈ મોદીના ભાઈ. સ્વ. રમેશભાઈ બાપુલાલ દેસાઈના જમાઈ. પ્રાર્થનાસભા ૨૬/૩/૨૬ના રોજ ૫ થી ૭. લાયન્સ કમ્યુનિટી હોલ, ગોરડીયા નગર, ઘાટકોપર ઈસ્ટ.

**ઘોઘારી લોહાણા**


ઢોલેરા નિવાસી હાલ વસઈ પુષ્પા વિનોદ કારિયા (ઉં. વ. ૮૦) તા. ૨૦/૦૩/૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. વિનોદભાઈ કારિયાના પત્ની. રીના તથા પરેશની માતા. શિવાની તથા ધવલના સાસુ. હેમંત, દેવેશ, હીના તથા મીનાક્ષીના કાકી. ફલક, જ્યોતિ, મનોજ, સિદ્ધાર્થ, કૃષ્ણા, એડી અને બ્રિટોના દાદી તથા જશ અને જિયાના નાની. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવ્યો છે.

**કચ્છી લોહાણા**

સ્વ વેલજી મેઘજી પલણ ગામ નખત્રાણા હાલે ડોમ્બીવલીના ધર્મપત્ની ગં.સ્વ. ગોદાવરીબેન (ઉં. વ. ૯૦) તે સ્વ. રતનશી નરસી સોમૈયા ગામ મોટી વિરાણી હાલે ભુજના મોટાપુત્રી તા. ૨૨.૦૩.૨૬ના રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે પ્રેમિલાબેન, નર્મદાબેન, ધીરજ, હરેન્દ્રના માતુશ્રી. અ.સૌ. રક્ષાબેન, સ્વ. ડિમ્પલના સાસુજી. સ્વ, શકુન્તલાબેન, જયશ્રીબેનના નણંદ. સ્વ. લક્ષ્મીબેન, સ્વ. કાશીબેનના ભાભી. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે. : ઓમ રાજેશ નિવાસ રૂમ -૧૩, નવા પાડા, સુભાષ રોડ, ડોમ્બિવલી વેસ્ટ.


મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટ આડે આવતા ૩૩ બાંધકામનો સફાયો



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ કોસ્ટલ રોડ (ઉત્તર) પ્રોજેક્ટમાં અડચણરૂપ બની રહેલા વેસાવે (વર્સોવા)માં આવેલા ૩૩ બાંધકામને પાલિકાના અતિક્રમણ વિભાગ દ્વારા સોમવારે તોડી પાડવામાં આવ્યા હતા.

પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે કાર્યવાહીનો આદેશ આપ્યા બાદ સોમવારે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

મુંબઈ મહાનગરપાલિકાના મુંબઈ કોસ્ટલ રોડ (ઉત્તર) પ્રોજેક્ટનું કામ પ્રગતિએ છે. વેસાવેથી દહિસર દરમ્યાન થનારા બનાવવામાં આવી રહેલા આ રોડના બાંધકામમાં વર્સોવામાં રહેલા બાંધકામને કારણે કામ અટવાઈ પડ્યું હતું. તેથી સોમવારે પાલિકાના 'કે' વોર્ડ દ્વારા ૩૩ બાંધકામને તોડી પાડવામાં આવ્યા હતા, જેમાં ત્રણ નિવાસી અને ૨૯ કમર્શિયલ બાંધકામનો સમાવેશ થાય છે.

આ દરમ્યાન એક મિલકતધારકે કોર્ટમાં અરજી કરી હતી, તેના પર ૨૪ માર્ચ, ૨૦૨૬ના રોજ સુનાવણી થવાની છે. તેમ જ મ્હાડા ઓથોરિટી અધિકાર ક્ષેત્ર અંતર્ગત આવનારા ૧૨ બાંધકામ પર નિયમ અનુસાર તોડી પાડવાનું પ્રસ્તાવિત છે.

સોમવારે 'કે' વોર્ડ દ્વારા પોલીસના પ્રોટેક્શન હેઠળ અતિક્રમણ નિર્મૂલન અને લાઈસન્સ વિભાગના અધિકારી અને કર્મચારીઓએ આ કાર્યવાહી કરી હતી. ■

# મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં સૌથી મોટો અવરોધ દૂર થયો

## ચીનથી ટીબીએમ જવાહરલાલ નહેરુ બંદરે આવી પહોંચ્યું

મુંબઈ: અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ટનલ માટે બે ટનલ બોરિંગ મશીનો (ટીબીએમ) સોમવારે જવાહરલાલ નેહરુ બંદર પર આવી પહોંચ્યા છે. ચીનમાં જીઓ -પોલિટિકલ કારણોને લીધે શિપમેન્ટમાં મહિનાઓનો વિલંબ થયા બાદ આ એક મોટી સફળતા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે શિપમેન્ટમાં પ્રથમ ટીબીએમ ના બાકીના ભાગોનો સમાવેશ થાય છે - જેનું કટર હેડ ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ ની આસપાસ મુંબઈ પહોંચ્યું હતું.

આ શિપમેન્ટમાં બીજા મશીન માટેના ભાગોનો પણ સમાવેશ થાય છે. સૂત્રોએ જણાવ્યું હતું કે આ કન્સાઇન્મેન્ટ માર્ચની શરૂઆતમાં ચીનથી નીકળીને ચેન્નઈ બંદરે પહોંચ્યું હતું અને ૧૮ માર્ચે મુંબઈ માટે રવાના થયું હતું. બંને ટીબીએમના આવી જવાથી ભૂગર્ભ પ્રોજેક્ટમાં ઝડપી પ્રગતિ શક્ય બનશે. એસેમ્બલી અને પરીક્ષણ પછી લગભગ ત્રણ મહિનામાં બોરિંગ શરૂ થવાની ધારણા છે.

તેને બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) અને શિલફાટ વચ્ચેના ૨૦.૩૭ કિમીના ભૂગર્ભ ટનલ માટે ઉપયોગમાં લેવામાં આવશે, જેમાં થાણે ક્રીક હેઠળ ૭ કિમી લાંબી દરિયાઈ ટનલનો પણ સમાવેશ થાય છે. આ વર્ષની શરૂઆતમાં ઔપચારિક મંજૂરી વિના ચીનના બંદર પર ફસાયેલા હતા. આ વિલંબથી ૧.૦૮ લાખ કરોડ રૂપિયાના હાઇ-સ્પીડ રેલ કોરિડોરની સમયમર્યાદા અંગે મોટી ચિંતાઓ ઊભી થઈ હતી.

રેલવે મંત્રાલય અને વિદેશ મંત્રાલય સાથે સંકલનમાં રાજદ્વારી માધ્યમો દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે ઓગસ્ટ ૨૦૨૫માં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન સમિટ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચેની વાતચીત દરમિયાન પણ આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો.

ભારતનો પ્રથમ હાઇ-સ્પીડ રેલ કોરિડોર, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, ૩૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે બુલેટ ટ્રેન દોડી શકે એ રીતે ડિઝાઇન કરવામાં આવ્યો છે. ■

### દેશનો સૌથી ઊંચો કેબલ-સ્ટેડ બ્રિજ તૈયાર છે

# પહેલી મેથી મુંબઈ-પુણે મિસિંગ લિંક શરૂ થશે, પ્રવાસમાં અડધો કલાકનો ઘટાડો

મુંબઈ : મુંબઈ અને પુણે વચ્ચે મુસાફરી કરતા મુસાફરો માટે સારા સમાચાર છે, ૧ મેથી મુસાફરો તેમના ગંતવ્ય સ્થાને ૨૫ મિનિટ વહેલા પહોંચી શકશે.

મુસાફરીનો સમય ઘટાડવા માટે, બે સહ્યાદ્રી પર્વતો વચ્ચે દેશના સૌથી ઊંચા કેબલ-સ્ટેડ બ્રિજનું ૯૯.૯% બાંધકામ પૂર્ણ થયું છે. મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ ૧ મેના રોજ મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર ૧૩.૩ કિમી લાંબા મિસિંગ લિંક પ્રોજેક્ટને વાહનવ્યવહાર માટે ખોલવાની યોજના બનાવી રહ્યું છે.

આ પ્રોજેક્ટ હેઠળ, બે પર્વતો વચ્ચે માર્ગ બનાવવા માટે ૧૮૨ મીટર ઉંચો કેબલ-સ્ટેડ બ્રિજ બનાવવામાં આવ્યો છે, જ્યાં ૧૩૨ મીટર ઉંચાઈ પરથી વાહનો પસાર થશે.

મિસિંગ લિંકથી મુંબઈ-પુણે એક્સપ્રેસવેનું અંતર ૬ કિમી ઘટી ગયું છે. નવો રસ્તો તૈયાર થતાં, વાહનચાલકોને હવે ઘાટમાંથી પસાર નહીં થવું પડે. સીધો રસ્તો હોવાથી વાહનો વધુ ઝડપથી આગળ વધી શકશે. દેશના સૌથી ઊંચા કેબલ-સ્ટેડ બ્રિજનું બ્રિજનું ૯૯.૯% કામ પૂર્ણ થયું છે. હવે ફક્ત ફિનિશિંગનું કામ ચાલુ છે.

**મિસિંગ લિંક પ્રોજેક્ટ શું છે?**

હાલમાં, એક્સપ્રેસ-વે પર ખોપોલી એક્ઝિટ અને સિંહગઢ ઇન્સ્ટિટ્યૂટ વચ્ચેનું અંતર ૧૯ કિમી છે. મિસિંગ લિંક શરૂ થતાં, ૧૯ કિમીનું અંતર ઘટીને ૧૩.૩ કિમી થશે.

આ પ્રોજેક્ટમાં બે ટનલ અને બે કેબલ-સ્ટેડ બ્રિજનો સમાવેશ થાય છે. કુલ ૧૩.૩ કિમીના રૂટમાંથી ૧૧ કિમી ટનલ છે અને આશરે ૨ કિમી કેબલ-સ્ટેડ પુલ છે. આશરે ૮૫૦ મીટર લાંબા અને ૨૬ મીટર પહોળા બે કેબલ બ્રીજનું બાંધકામ બે તબક્કામાં કરવામાં આવ્યું છે. ■

# સાંતાક્રુઝમાં ચાકુથી હુમલો કરી સગીરની હત્યા

મુંબઈ: સાંતાક્રુઝમાં નજીવી બાબતે થયેલી બોલાચાલી બાદ આરોપીએ ચાકુથી હુમલો કરતાં સગીરનું મોત નીપજ્યું હતું, જ્યારે તેનો સાથી ગંભીર રીતે ઘવાયો હતો. પોલીસના જણાવ્યા મુજબ ઘટના રવિવારની રાતે સાંતાક્રુઝ પશ્ચિમમાં જૂહુ કોલીવાડા ખાતે બરબા માઉલી બ્રિજ નજીક બની હતી. મૃતકની ઓળખ પ્રેમ ઓમપ્રકાશ હરિજન (૧૬) તરીકે થઈ હતી. પોલીસ ફરિયાદ અનુસાર પ્રેમ તેના મિત્ર હર્ષ કમલાનંદ ઝા સાથે ઘટનાસ્થળે ઊભો હતો ત્યારે આરોપી ફૈઝાનની પ્રેમ સાથે બોલાચાલી થઈ હતી. બન્ને વચ્ચે ઉગ્ર દલીલો થતાં રોષમાં આવી આરોપીએ ચાકુથી હુમલો કર્યો હતો.

આ ઘટનામાં પ્રેમ અને હર્ષ ગંભીર રીતે ઘવાયા હતા. બન્નેને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં તબીબે પ્રેમને મૃત જાહેર કર્યો હતો, જ્યારે હર્ષને સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. ઘટના બાદ આરોપી ફરાર થઈ ગયો હોવાથી પોલીસ તેની શોધ ચલાવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. આ પ્રકરણે સાંતાક્રુઝ પોલીસે ભારતીય ન્યાય સંહિતાની હત્યા, હત્યાનો પ્રયાસ અને અન્ય સુસંગત કલમો તેમ જ આર્મ્સ ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ) ■

# આર્યનને છોડવા શાહરૂખ પાસેથી કોઈ લાંચ નહોતી લીધી: વાનખેડે

થાણે: ફિલ્મ અભિનેતા શાહરુખ ખાનના પુત્ર આર્યન ખાનની ક્રુઝ ડ્રગ્સ કેસમાં ધરપકડ કરવામાં આવ્યા પછી તેને છોડવા માટે શાહરુખ પાસેથી ક્યારેય લાંચ માગી નથી અને લીધી પણ નથી, એવું નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનસીબી)ના ભૂતપૂર્વ ઝોનલ ડિરેક્ટર સમીર વાનખેડેએ સોમવારે બૉમ્બે હાઈ કોર્ટમાં જણાવ્યું હતું.

સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા મે, ૨૦૨૩માં ઈન્ડિયન રેવેન્યૂ સર્વિસ (આઈઆરએસ)ના અધિકારી વાનખેડે વિરુદ્ધ લાંચ અને ભ્રષ્ટાચારના આરોપ હેઠળ નોંધેલા એફઆઈઆરને રદ કરવા માટે કરેલી અરજી પર વાનખેડેના વકીલ આબાદ પોંડાએ દલીલ કરી હતી.

ચીફ જસ્ટિસ શ્રી ચંદ્રશેખર અને જસ્ટિસ સુમન શ્યામની ખંડપીઠને પોંડાએ જણાવ્યું હતું કે વાનખેડેએ ક્યારેય શાહરુખ ખાન પાસેથી લાંચ માગી નથી અને લીધી પણ નથી.

સીબીઆઈના એફઆઈઆર અનુસાર શાહરુખ ખાનના પુત્રને ડ્રગ્સના કેસમાં ક્લીન ચિટ આપવા માટે વાનખેડે અને આ કેસના અન્ય આરોપીઓએ શાહરુખ પાસેથી પચીસ કરોડ રૂપિયાની કથિત માગણી કરી હતી.

જોકે પોંડાએ સોમવારે કોર્ટમાં જણાવ્યું હતું કે વાનખેડેએ લાંચ માગી કે સ્વીકારી હોવાના કોઈ પુરાવા સીબીઆઈ પાસે નથી.

એનસીબીને ક્રુઝ શિપ કોર્ડેલિયા પર યોજાયેલી પાર્ટીમાં કથિત ડ્રગ્સના ઉપયોગની માહિતી એનસીબીને મળી હતી. માહિતીને આધારે એનસીબીએ સર્ચ હાથ ધરી આર્યન ખાન સહિત અન્ય કેટલાકની ધરપકડ કરી હતી.

અરજી પરની સુનાવણી સોમવારે અધૂરી રહી હોવાથી વધુ સુનાવણી મંગળવારે હાથ ધરાશે, એવું કોર્ટે જણાવ્યું હતું.

સીબીઆઈએ એનસીબીની ફરિયાદને આધારે વાનખેડે અને અન્યો વિરુદ્ધ ભ્રષ્ટાચાર વિરોધી કાયદા તેમ જ ભારતીય દંડ સંહિતાની ગુનાહિત કાવતરું અને ખંડણી માટે ધમકીની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

કોર્ડેલિયા ક્રુઝ શિપ પર કથિત ડ્રગ્સના કેસમાં બીજી ઑક્ટોબર, ૨૦૨૧ના રોજ આર્યન ખાનની ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં આ કેસમાં એનસીબી દ્વારા ૧૪ આરોપી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી, પરંતુ આર્યન ખાનને ક્લીન ચિટ આપવામાં આવી હતી. (પીટીઆઈ) ■


# નવ વર્ષની બાળકીના અપહરણનો પ્રયાસ કરનારી મહિલાને રહેવાસીઓએ પકડી પાડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગોરેગામમાં નવ વર્ષની બાળકીનો પીછો કરી તેના અપહરણનો કથિત પ્રયાસ કરનારી મહિલાને રહેવાસીઓએ પકડી પાડી હતી.

બાંગુર નગર પોલીસે તાબામાં લીધેલી મહિલાની ઓળખ ચંદાબેન વાઘરી (૫૦) તરીકે થઈ હતી. આરોપી પહેલાં ભીખ માગવાને બહાને બાળકીના ઘરે ગઈ હતી અને પછી બાળકીના અપહરણનો પ્રયાસ કર્યો હોવાનું કહેવાય છે. બાળકીની માતાની ફરિયાદને આધારે પોલીસે મહિલા વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર ફરિયાદીએ તેની નવ વર્ષની પુત્રીને બાજુની ચાલીમાં રહેતી બહેનપણીને ખીર આપવા મોકલી હતી. જોકે બાળકી માતાની બહેનપણીનું ઘર ભૂલી ગઈ હતી. થોડી મિનિટ પછી એક રહેવાસીએ ફરિયાદીને કૉલ કરીને બાળકી રડી રહી છે અને એક મહિલા તેને પોતાની સાથે લઈ જતી પકડાઈ હોવાની જાણ કરી હતી.

તરત જ ફરિયાદી બહેનપણીની ચાલીમાં પહોંચી ત્યારે ચંદાબેનને ઘેરીને રહેવાસીઓ ઊભા હતા. તે જ સમયે પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. મહિલાને તાબામાં લઈ પોલીસ સ્ટેશને લાવવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં જણાયું હતું કે આરોપી મહિલા સવારે ફરિયાદીને ઘેર ભીખ માગવા ગઈ હતી. પછી બાળકી ખીર આપવા જઈ રહી હતી ત્યારે મહિલાએ તેનો પીછો કર્યો હતો. ત્યાર બાદ નાસ્તો અપાવવાને બહાને બાળકીનો હાથ પકડી મહિલા પોતાની સાથે લઈ જઈ રહી હતી ત્યારે રહેવાસીની નજર તેના પર પડી હતી. ■

# રાહુલે યુએસ ટ્રેડ ડીલ મામલે મોદી સરકાર પર કર્યા પ્રહાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ વડોદરા ખાતે આદિવાસી અધિકાર સંવિધાન સંમેલનને સંબોધતા મોદી સરકાર અને ભાજપ તેમ જ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (આરએસએસ) પર પ્રહારો કર્યા હતા.

ગાંધીએ 'વનવાસી' શબ્દના ઉપયોગ અંગે ભાજપ અને આરએસએસ પર નિશાન સાધ્યું હતું અને દાવો કર્યો હતો કે આ શબ્દનો ઉપયોગ સદીઓથી આદિવાસીઓના પાણી, જંગલ અને જમીનના મૂળ માલિકી હકને નકારવા માટે કરવામાં આવ્યો છે. આ સાથે દેશની સત્તા અને સંપત્તિમાં આદિવાસીઓને તેમનો હિસ્સો મળે તે માટે દેશમાં જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરી થાય તે જરૂરી છે, તેમ તેમણે જણાવ્યું હતું.

આ સાથે કૉંગ્રેસના નેતાએ અમેરિકા સાથે ભારતની ટ્રેડ ડીલ મામલે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર પણ નિશાન સાધ્યું હતું અને આક્ષેપ કર્યો હતો કે કૃષિ ક્ષેત્રને અમેરિકા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે, જે કોઈ પણ વડા પ્રધાને ક્યારેય કર્યું નથી.

રાહુલ ગાંધીએ સભાને સંબોધતા કહ્યું હતું કે આદિવાસી એટલે ભારતના મૂળ માલિકો. જો તમે ૧,૦૦૦, ૨,૦૦૦ કે ૫,૦૦૦ વર્ષ પહેલાં આ ભૂમિની મુલાકાત લીધી હોત તો તમને ખબર પડી હોત કે દરેક ઇંચ જમીન આદિવાસીઓના હાથમાં હતી.

હવે, ૨૧મી સદીમાં એક નવો શબ્દ ઊભરી આવ્યો છે. આરએસએસ અને ભાજપ દ્વારા બનાવવામાં આવેલ શબ્દ વનવાસી છે. વનવાસી શબ્દ સૂચવે છે કે તમે આ ભૂમિના મૂળ માલિક ન હતા. બીજી બાજુ, આદિવાસી શબ્દ સૂચવે છે કે આ દેશ તમારો હતો, તેનું પાણી, જંગલો અને જમીન તમારી હતી.

# કચ્છના ભુલભુલામણી જેવા રણમાં ખોવાયેલા આઠ જણને પોલીસે પાંચ કલાક બાદ બહાર કાઢ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના રણની ભૌગોલિક પરિસ્થિતિ અનેકવાર ભલભલા જાણકારોને પણ થાપ આપી દેતી હોય છે. આવી જ એક ઘટનામાં ગઇકાલે રાત્રે કચ્છના નાના રણમાં રસ્તો ભૂલેલા આઠ લોકો માટે આડેસર પોલીસ જીવનદાતા બનીને આવી હતી. પાંચ કલાકની ભારે જહેમત અને રઝળપાટ બાદ પોલીસે ભૂખ્યા-તરસ્યા શ્રમિકોને હેમખેમ ઉગારી લઈને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ, પલાંસવા ગામના રહેવાસી રામ ભરવાડને ખેતીકામ માટે મજૂરોની જરૂરિયાત હોવાથી તેઓ બોલેરો જીપકાર લઈને હળવદ તરફ ગયા હતા. ત્યાંથી દાહોદ પંથકના સાત શ્રમિકોને લઈને તેઓ પરત પલાંસવા આવવા નીકળ્યા હતા. હળવદથી ટીકર થઈને કચ્છના નાના રણના ટૂંકા રસ્તે પસાર થતી વખતે અનુભવી એવા રામ ભરવાડ પણ રણની ભુલભુલામણીમાં રસ્તો ભટકી ગયા હતા. ચારેબાજુ રણ હોવાથી અને રાત્રિનો સમય હોવાથી માર્ગ શોધવો અશક્ય બન્યો હતો.

રણમાં અટવાયેલા રામ ભરવાડે ગભરાયા વગર પોતાના કી-પેડ મોબાઈલ વડે ગામના એક મિત્રનો સંપર્ક સાધ્યો હતો. મિત્રએ તુરંત આડેસર પોલીસને જાણ કરી હતી. પરિસ્થિતિની ગંભીરતા સમજીને આડેસર પી.આઈ. વી. એ. સેંગલના માર્ગદર્શન હેઠળ પોલીસની ટુકડીએ તાત્કાલિક એક્શન લીધા હતા. રાત્રિના સમયે રણમાં ફસાયેલા લોકો તરસ અને ભૂખથી બેહાલ ન થાય તે માટે પોલીસે પોતાની સાથે પાણીના કેન, સૂકો નાસ્તો અને ગામલોકોના ટ્રેક્ટરો સાથે કાફલો રણમાં ઉતાર્યો હતો.

શોધખોળ દરમિયાન એક તબક્કે પોલીસની વાન પણ રણની રેતીમાં ફસાઈ ગઈ હતી, પરંતુ હિંમત હાર્યા વગર ગામલોકો અને ટ્રેક્ટરની મદદથી વાનને બહાર કાઢી સર્ચ ઓપરેશન ચાલુ રખાયું હતું. સતત પાંચ કલાકની શોધખોળ બાદ મધરાતે આઠેય વ્યક્તિ મળી આવી હતી. પોલીસે તેમને સ્થળ પર જ પાણી અને નાસ્તો કરાવી ધરપત આપી હતી. વહેલી સવારે તમામ આઠેય લોકોને સુરક્ષિત રીતે રણની બહાર કાઢવામાં આવતા શ્રમિકોના પરિવારજનો અને સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો હતો.

# રીલ્સ બનાવવાના બહાને જાસૂસી કરતા બે કિશોર કચ્છથી ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દેશની સરહદી સુરક્ષામાં ગાબડું પાડવાના પાકિસ્તાની ઈન્ટેલિજન્સ ઓપરેટિવ્સના મલિન ઈરાદાનો સુરક્ષા એજન્સીઓએ પર્દાફાશ કર્યો હતો. કચ્છના ભુજ સ્થિત વાયુસેનાના વ્યૂહાત્મક મથક સહિતના સંવેદનશીલ વિસ્તારોની તસવીરો અને વીડિયો પાકિસ્તાની હેન્ડલર્સ સુધી પહોંચાડવાના ગંભીર મામલામાં બે સગીરની ધરપકડ કરવામાં આવી હતી.

ગાઝિયાબાદથી પ્રાપ્ત વિગતો અનુસાર, પાકિસ્તાન ઇન્ટેલિજન્સ ઓપરેટર તરીકે સક્રિય સરફરાઝ ધોગર ઉર્ફે ઝોરા સિંહ આ કિશોરોના સીધા સંપર્કમાં હતો. આ એજન્ટે કિશોરોને વધુ પૈસાની લાલચ આપી ભુજના એરફોર્સ બેઝ સહિતના મહત્ત્વના સ્થળોની વિગતો મેળવી હતી. જાસૂસી માટે ટ્રેસ ન થઈ શકે તેવી 'બોટીમ' અને મેસેન્જર જેવી એપ્સનો ઉપયોગ કરવામાં આવતો હતો.

સુરક્ષા એજન્સીઓની અત્યારસુધીની તપાસમાં બહાર આવ્યું હતું કે ધરપકડ કરાયેલા બંને સગીર મજૂરીકામના બહાને ભુજમાં ૧૪ દિવસ રોકાયા હતા. આ દરમિયાન તેમણે રુદ્રમાતા એરફોર્સ બેઝ, ભુજિયો ડુંગર ઐતિહાસિક આયના મહેલ અને પ્રાગ મહેલ જેવા સ્થળોની રેકી કરી હતી.

સુરક્ષા એજન્સીઓના જણાવ્યા મુજબ, આ કિશોરો એરબેઝની બહાર ઊભા રહી 'રીલ' બનાવવાના બહાને મોબાઈલ ફોનમાં મિગ-૨૧ અને સુખોઈ-૩૦ જેવા ફાઈટર જેટ્સના વીડિયો શૂટ કરી સામે પાર પાકિસ્તાન મોકલતા હતા. પૂછપરછ દરમિયાન ગજરૌલા અને ભોવાપુરના આ સગીર જાસૂસોએ ચોંકાવનારી કબૂલાત કરી છે. તેમણે માત્ર ભુજ જ નહીં, પરંતુ રાજસ્થાનના જોધપુર એરબેઝ, બિકાનેર, જેસલમેર, બાડમેર અને ફલોદી જેવા અત્યંત સંવેદનશીલ વિસ્તારોના ડેટા પણ મોકલ્યા હતા. બિહારના વિવેક અને મેરઠના ગગન કુમાર નામના શખસોને રાજસ્થાનમાં બની રહેલા નવા 'ફોરવર્ડ કમ્પોઝિટ એરબેઝ'ની વિગતો મેળવવાનું કામ સોંપાયું હતું, જોકે તેઓ ત્યાં પહોંચે તે પૂર્વે જ પોલીસે તેમને દબોચી લીધા હતા. હાલ સુરક્ષા એજન્સીઓ આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય તાર શોધી રહી છે અને આ કિશોરોને આર્થિક મદદ કઈ રીતે પહોંચાડવામાં આવતી હતી તેની ઝીણવટભરી તપાસ ચાલી રહી છે.

# ગુજરાત વિધાનસભામાં આજે યુસીસી બિલ રજૂ થશે, ભાજપના ધારાસભ્યોને ગૃહમાં હાજર રહેવા સૂચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા (યુસીસી - યુનિફોર્મ સિવિલ કોડ) લાગુ કરવા માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે. સરકાર ૨૪ માર્ચ મંગળવારના રોજ વિધાનસભા ગૃહમાં યુસીસી બિલ રજૂ કરવા જઈ રહી છે. આ અંગેનો નિર્ણય ગુજરાત વિધાનસભાની કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં લેવાયો હતો. વિધાનસભામાંથી પસાર થયા બાદ આગામી ૪ મહિનામાં જ ગુજરાતમાં યુસીસીનો કાયદો અમલમાં આવી જશે, તેવી માહિતી સૂત્રો દ્વારા મળી હતી. આ કાયદો લાગુ થવાથી રાજ્યના તમામ ધર્મો અને સમુદાયો માટે લગ્ન, છૂટાછેડા અને વારસાગત મિલકત જેવા મુદ્દાઓ પર એક સમાન કાયદો બની જશે.

આગામી દિવસોમાં યુસીસી સહિતના મહત્ત્વપૂર્ણ બિલોને ધ્યાનમાં રાખીને સત્ર વધુ ગરમાવાની શક્યતા છે. આ દરમિયાન ભાજપ દ્વારા પોતાના તમામ ધારાસભ્યોને મહત્ત્વપૂર્ણ સૂચના આપવામાં આવી છે. આગામી ત્રણ દિવસ વિધાનસભામાં ફરજિયાત હાજર રહેવા માટે મુખ્ય પ્રધાન અને પ્રદેશ અધ્યક્ષના નામે પત્ર લખવામાં આવ્યો છે. આ સાથે જ અંતિમ બે દિવસ દરમિયાન વિવિધ ૭ મહત્ત્વપૂર્ણ બિલોની ચર્ચા યોજાનાર હોવાથી, તેમાં હાજરી અનિવાર્ય રાખવા સૂચના આપવામાં આવી છે.

ભાજપના મુખ્ય દંડક દ્વારા પણ આ અંગે અલગથી પત્ર લખવામાં આવ્યો છે.

ખાસ કરીને મંગળવારે ૨૪ માર્ચે યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) બિલ રજૂ થવાનું છે, વિધાનસભાના ૨૨મા દિવસે આ બિલ પર ચર્ચા કરવામાં આવશે. આ બિલ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અથવા નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી દ્વારા રજૂ કરવામાં આવી શકે છે. આવતીકાલે કુલ ચાર વિધેયક પર ચર્ચા યોજાનાર છે, જેના કારણે વિધાનસભામાં રાજકીય ગતિવિધિ વધુ તેજ બનવાની શક્યતા છે.

# વોટસએપ મેસેજમાં એલપીજી કનેક્શન કાપવાની ચીમકી, શંકાસ્પદ લિન્ક્સ ટાળવાની પોલીસની સલાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઈરાન યુદ્ધના કારણે એલપીજીના પુરવઠામાં વિક્ષેપ પડવાની ચિંતા લોકોને સતાવી રહી છે. આ પરિસ્થિતિમાં કેટલાક ગઠિયાઓ લોકોને વોટસએપ મેસેજ દ્વારા નિશાન બનાવી રહ્યા છે, જે તેમને વહેલા ચુકવણી કરવા માટે મેસેજ કરી રહ્યા છે. અમદાવાદના ઘણા ઇન્ટરનેટ યુઝર્સએ જણાવ્યું હતું કે, તેમને વોટસએપ મેસેજ આવ્યો છે કે તેમને તેમનું એલપીજી બિલ અપડેટ કરવામાં આવ્યું નથી અને ચેતવણી આપવામાં આવી છે કે તેમનું ગેસ કનેક્શન તે જ દિવસે રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં કાપી નાખવામાં આવશે. આ વોટસએપ મેસેજમાં સામાન્ય રીતે આ રીતે લખવામાં આવે છે: પ્રિય ગ્રાહક, તમારું કનેક્શન આજે રાત્રે ૧૦:૦૦ વાગ્યે ડિસ્કનેક્ટ થઈ જશે કારણ કે તમારું ગયા મહિનાનું બિલ અપડેટ થયું નથી. કૃપા કરીને તમારું બિલ તાત્કાલિક અપડેટ કરો. અમારા બિલ અપડેટ અધિકારીનો સંપર્ક કરો. એક ફોન નંબર પણ આપવામાં આવે છે, અને જ્યારે સંપર્ક કરવામાં આવે છે, ત્યારે કોલ કરનારો વ્યક્તિ પીડિત પર તાત્કાલિક બિલ ચૂકવવા દબાણ કરે છે, ઘણીવાર ઓછી રકમમાં બિલ ચૂકવવાની ઓફર કરે છે.

સાયબર ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓએ પણ આ બાબતની પુષ્ટિ આપી છે કે આવા વોટ્સએપ મેસેજ ફ્રોડ છે અને તે હાલ ચાલી રહેલા કૌભાંડનો એક ભાગ છે. એક સિનિયર અધિકારીએ નાગરિકોને સાવધ રહેવા અને આવી યુક્તિઓમાં ન ફસાવવાની સલાહ આપી હતી. એલપીજી બુકિંગ અને બિલ ચૂકવણી માટે હંમેશાં સત્તાવાર એપ્લિકેશન અથવા પ્લેટફોર્મનો ઉપયોગ કરો તેવું પણ આ અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીઓએ લોકોને શંકાસ્પદ લિન્કસ પ્રત્યે ધ્યાન નહીં આપવા અને આવા મેસેજમાં આપવામાં આવેલા અજાણ્યા નંબરો પર કોલ કરવાનું ટાળવાની સલાહ આપી છે.

# એમએલએફએફ સિસ્ટમ હેઠળ ગુજરાતમાં વધુ ૨૪ ટોલ પ્લાઝા બેરિયર-ફ્રી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરથી- મુંબઈ નેશનલ હાઈવે પર કામરેજમાં સ્થિત ચોર્યાસી ટોલ પ્લાઝા આ વર્ષની શરૂઆતમાં દેશનો પહેલો બેરિયર-લેસ ટોલ પ્લાઝા બની ગયો છે. એનએચએઆઈ દ્વારા પ્રમોટેડ કંપની ઈન્ડિયન હાઈવેઝ મેનેજમેન્ટ કંપની લિમિટેડ (આઈએચએમસીએલ) એ ગુજરાતના ૨૪ તથા અન્ય ટોલ પ્લાઝા પર મલ્ટીલેન ફ્રી ફ્લો (એમએલએફએફ) ટોલ પ્લા કલેક્શન સિસ્ટમ લાગુ કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

એમએલએફએફ સિસ્ટમનો હેતું પારંપરિક ટોલ બુથો અને બેરિયરોની જરૂરીયાત ખતમ કરવાનો છે. જેનાથી વાહન હાઈવેની ગતિથી પસાર થઈ શકે અને ટોલ ફી આપોઆપ જ બેંક ખાતામાંથી કપાઈ જાય છે.

આઈએચએમસીએલ દ્વારા જાહેર કરેલી ત્રણ અલગ અલગ દરખાસ્તો માટેની વિનંતીઓ અનુસાર, કંપની આ પ્લાઝા માટે ટેકનિકલ માળખાગત સુવિધાઓ અને નાણાકીય પ્રક્રિયાનું સંચાલન કરવા માટે એક્વાયર બેંકોને જોડવાનો ઇરાદો ધરાવે છે.

એકવાર કરાર પર હસ્તાક્ષર થયા પછી, સફળ બોલી લગાવનારાઓ પાસે ઉકેલનો અમલ કરવા અને તેને કાર્યરત કરવા માટે છ મહિનાનો સમય હશે. અમલીકરણ પછી આ જોડાણ પાંચ વર્ષના સમયગાળા માટે રહેશે.

# ગુજરાતની નવી હૉટેલ પૉલિસી ટૂંક સમયમાં જાહેર થવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૩ને ધ્યાનમાં રાખીને હૉસ્પિટાલિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ આપવા રાજ્ય સરકાર ટૂંક સમયમાં નવી હૉટેલ પૉલિસી જાહેર કરશે. માત્ર અમદાવાદમાં જ ૬૦,૦૦૦ વધુ રૂમની જરૂરિયાત હોવાથી આ નવી નીતિમાં હૉટેલના નિર્માણને ગતિ આપવા માટે વિશેષ પ્રોત્સાહનો આપવામાં આવશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પહેલા નાણાકીય સબસિડી પર વિચાર કરાયો હતો, પરંતુ સરકાર રાજ્યની તિજોરી પર બોજ વધારવા માગતી ન હોવાથી નવી હૉટેલ પૉલિસીમાં વધારાની ફ્રી એફએસઆઈ, ટૅક્સમાં રાહત અને વીજળી બીલમાં રાહત આપવાનું વિચારી રહી છે.

આ ઉપરાંત સૂત્રોએ ઉમેર્યું હતું કે, કોમનવેલ્થ ગેમ્સ માટે ઓછામાં ઓછી ૩૦૦ નવી હૉટેલની જરૂર છે. હૉટેલ પ્રોજેક્ટ્સ પૂર્ણ થતાં સામાન્ય રીતે પાંચ વર્ષથી વધુ સમય લાગે છે. જેમાં માત્ર વિવિધ મંજૂરીઓ લેવામાં જ ૧૦ થી ૧૨ મહિના લાગે છે. સમયમર્યાદામાં પ્રોજેક્ટ પૂરા કરવા માટે એસોસિયેશને હાલની ૭૦ મીટરની મિક્સ યુઝ બિલ્ડિંગોમાં હૉટેલ નિર્માણની મંજૂરી આપવાની દરખાસ્ત કરી છે, જેનાથી મંજૂરીનો સમય નોંધપાત્ર રીતે ઘટી જશે. સરકાર આ દરખાસ્તો પર વિચાર કરી રહી છે. આ પૉલિસી રોકાણકારો માટે પ્રક્રિયાને સરળ બનાવતા 'વન-સ્ટોપ ક્લિયરન્સ સિસ્ટમ' તરીકે પણ કામ કરશે.

સરકારે વર્ષ ૨૦૨૬-૨૭ ને ટૂરિઝમ વર્ષ તરીકે જાહેર કર્યું છે અને પ્રવાસીઓને આકર્ષવા માટે વેડ ઇન ગુજરાત અભિયાન પણ શરૂ કર્યું છે. આ માટે સરકાર લિકર પૉલિસીના નિયમોમાં પણ છૂટછાટ આપવા પર વિચાર કરી રહી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, પ્રી-સીડબ્લ્યુજી ઈવેન્ટ્સમાં આવતા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ માટે ગ્રૂપ પરમિટ અને ટેમ્પરરી પરમિટ આપવા માટેની દરખાસ્તો પર કામ ચાલી રહ્યું છે.

# અમદાવાદના ૩૫ પોલીસ સ્ટેશનમાં સેકન્ડ પીઆઈની જગ્યા ખાલી

અમદાવાદ: શહેરમાં વકરેલી ગુનાખોરી વચ્ચે એક ચોંકાવનારી વિગત પ્રકાશમાં આવી છે. અહેવાલો અનુસાર અમદાવાદ શહેરમાં ઓછામાં ઓછા ૩૫ પોલીસ સ્ટેશન મંજૂર કરાયેલા સેકન્ડ પોલીસ ઇન્સ્પેક્ટર વિના કાર્યરત છે. અધિકારીઓ પર કામનું ભારણ વધી રહ્યું હોવાનું અધિકારીઓ જણાવી રહ્યા છે. સેક્ટર-૧ માં ૨૬ પોલીસ સ્ટેશન છે, ઓછામાં ઓછા ૨૦ સ્ટેશન માત્ર એક જ પીઆઈ સાથે ચાલી રહ્યા છે, કારણ સેકન્ડ પીઆઈની જગ્યા ખાલી છે. એલિસબ્રિજ, સરખેજ, વાસણા, બોડકદેવ, આનંદનગર, પાલડી, સેટેલાઇટ, માધવપુરા, રાણીપ, સાબરમતી, કાલુપુર, વસ્ત્રાપુર, સોલા, ઘાટલોડિયા, ગુજરાત યુનિવર્સિટી, નારણપુરા, નવરંગપુરા, વાડજ, ગાયકવાડ હવેલી અને ખાડિયા જેવા પોલીસ સ્ટેશનો આ અછતથી પ્રભાવિત છે. સેક્ટર-૨માં પણ આવી જ સમસ્યા જોવા મળી રહી છે. ૨૨ પોલીસ સ્ટેશનો જેમાં ૪૪ પીઆઈની જરૂર છે, ત્યાં સેકન્ડ પીઆઈની આશરે ૧૫ જગ્યાઓ ખાલી છે. દરિયાપુર, કૃષ્ણનગર, મેઘાણીનગર, બાપુનગર, ગોમતીપુર, રખિયાલ, અમરાઈવાડી, ખોખરા, નિકોલ, ઓઢવ, ઇસનપુર, મણિનગર, વટવા જીઆઈડીસી, દાણીલીમડા અને નારોલ પોલીસ સ્ટેશનો સેકન્ડ પીઆઈ વિના કાર્યરત છે.

# સરકારે આંગણવાડી બહેનોને રખડતા શ્વાનની ગણવાની કામગીરી થોપી, પગારવધારાના બદલે કામનું ભારણ વધાર્યું

અમદાવાદ: ગુજરાતમાં આંગણવાડી સંચાલકો તેમની વિવિધ પડતર માગણીઓને પગલે જિલ્લા મથકોએ ધરણા અને વિરોધ પ્રદર્શનો કરી રહી છે. આ દરમિયાન રાજ્ય સરકારે આંગણવાડી સંચાલકોને શ્વાન ગણવાની જવાબદારી સોંપવાનો પરિપત્ર જાહેર કર્યો છે. આંગણવાડીની બહેનોએ પાંચ દિવસમાં ગણતરી શરૂ કરવાનો આદેશ કરાતા વિરોધ ઉઠ્યો છે. ગુજરાત આંગણવાડી કર્મચારી મંડળે આક્ષેપ કર્યો હતો કે, હવે સરકારે આંગણવાડી બહેનોને રખડતા શ્વાન ગણવાનું કામ સોંપ્યું છે. એવો પરિપત્ર જાહેર કરાયો છે કે, આંગણવાડી બહેનોએ શાળા, કોલેજો, રેલવે સ્ટેશન, એસટી સ્ટેશન, ધાર્મિક સ્થળો, બાગ બગીચા, કમ્યુનિટી હોલ, વારીગૃહ, ગોડાઉન, આઈટીઆઈ જેવા સ્થળોની આસપાસ રખડતાં શ્વાનની ગણતરી કરવાની રહેશે.

# ગુજરાતના ઈ-નગર પોર્ટલ પર ૧૮ લાખ ટ્રાન્ઝેક્શન થયાં, ૧,૦૩૧ કરોડની કમાણી કરી સરકારે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નગરપાલિકાની વિવિધ સેવાઓ એક જ પ્લેટફોર્મ લાવવાના ઉદ્દેશથી ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા ઇ-નગર પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું હતું, જેમાં વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૮ લાખથી વધુ ટ્રાન્ઝેક્શન નોંધાયા છે.

રાજ્ય સરકારે આપેલી માહિતી અનુસાર ઇ-નગર પોર્ટલના કારણે કાગળકામ ઘટ્યું છે, મ્યુનિસિપલ ઓફિસોમાં લાંબી લાઇનોમાં ઊભા રહેવાની સમસ્યા દૂર થઈ છે અને નાગરિક સેવાઓ વધુ ઝડપી અને પારદર્શક બની છે. વર્ષ ૨૦૨૫૨૬ દરમિયાન પોર્ટલ પર ૧૮ લાખથી વધુ ટ્રાન્ઝેક્શન નોંધાયા છે અને ₹૧,૦૩૧ કરોડની આવક પ્રાપ્ત થઈ છે. વર્ષ ૨૦૨૪૨૫માં ૨૬ લાખ ટ્રાન્ઝેક્શન અને ₹૧,૫૨૨ કરોડની આવક નોંધાઈ હતી. એકંદરે, આ પ્લેટફોર્મ પર ૧.૨૪ કરોડથી વધુ ટ્રાન્ઝેક્શન થયા છે અને ₹૬,૦૭૬ કરોડથી વધુની આવક પ્રાપ્ત થઈ છે, જે દર્શાવે છે કે લોકો આ પ્લેટફોર્મનો વ્યાપક ઉપયોગ કરી રહ્યા છે તેમજ તેમનો સમય પણ બચી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ઇ-નગર પોર્ટલ અંતર્ગત નાગરિકો ફરિયાદ નોંધણી, દુકાનના લાઇસન્સ માટેની અરજી, લગ્નની નોંધણી, મકાનની પરવાનગી, વ્યવસાયિક ટેક્સ, પ્રોપર્ટી ટેક્સ, એસ્ટેટ રેન્ટની ચુકવણી, હોલ બુકિંગ, મિલકત વેરો, પાણી અને ડ્રેનેજ જોડાણોનું સંચાલન વગેરે કામો ઘરેબેઠાં ઓનલાઇન કરી શકે છે. આ પોર્ટલ ૨૪ડ૭ ઓનલાઈન ઍક્સેસ, પેમેન્ટ માટે કાર્ડ્સ, યુપીઆઈ અને નેટ બેન્કિંગ જેવા વિકલ્પો, રિયલ-ટાઇમ એપ્લિકેશન ટ્રેકિંગ, મોબાઇલ એપ્લિકેશન સપોર્ટ પ્રદાન કરે છે તેમજ નાગરિકો પ્રમાણપત્રો અને રસીદો પણ ડાઉનલોડ કરી શકે છે. આ ઉપરાંત, ભાષિણીના સહયોગથી ઇ-નગર પોર્ટલ હવે ૨૩ ભાષાઓમાં ઉપલબ્ધ છે, જેના કારણે વિવિધ ભાષા બોલતા લોકો માટે તેનો ઉપયોગ વધુ સરળ બન્યો છે.

# નેશનલ મેડિકોઝ ઑર્ગેનાઈઝેશન દ્વારા એકતાનગરથી વડોદરા સુધી સાઈકલ યાત્રા યોજાઈ

અમદાવાદ: નેશનલ મેડિકોઝ ઑર્ગેનાઈઝેશન (એનએમઓ) દ્વારા એલોપેથીક તથા ડેન્ટલ વિભાગના વિદ્યાર્થીઓ અને ડોક્ટરોનું ૪૫મું રાષ્ટ્રીય અધિવેશન એનએમઓસીઓએન-૨૬, ૨૧ અને ૨૨ માર્ચ ૨૦૨૬ના રોજ વડોદરા ખાતે મેડિકલ કોલેજમાં યોજવામાં આવ્યું હતું. આ આયોજન એનએમઓના ગુજરાત અને સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા કરવામાં આવ્યું હતું.

આ રાષ્ટ્રીય અધિવેશનમાં સમગ્ર ભારતમાંથી ૨૦૦૦થી વધુ મેડિકલ અને ડેન્ટલ વિદ્યાર્થી તેમજ ડોક્ટર સભ્યએ ભાગ લીધો હતો. કોન્ફરન્સ દરમિયાન મેડિકલ વિદ્યાર્થીઓ અને ડોક્ટરો માટે વિવિધ એકેડેમિક સત્રો, વૈજ્ઞાનિક ચર્ચાઓ, સંવાદ, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા સ્પર્ધાત્મક કાર્યક્રમોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કોન્ફરન્સ પૂર્વે વિશેષ કાર્યક્રમ તરીકે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે ''સ્વામી વિવેકાનંદ સ્વસ્થ જીવન શૈલી જાગરૂકતા સાઈકલ યાત્રા''નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાઈકલ યાત્રાને ખાસ અંગદાન પ્રવૃત્તિના પ્રણેતા અને અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના દિલીપ દેશમુખ (દાદા)દ્વારા લીલી ઝંડી આપી યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.

યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય અંગદાન જાગૃતિ તથા ગૈર-સંક્રમણ રોગ (હૃદય રોગ, ડાયાબિટીસ, હાઈ બ્લડપ્રેસર) અંગે જાગૃતિ ફેલાવવાનો હતો. આ સાઈકલ યાત્રા દરમ્યાન ગામોમાં પણ નાગરિકોનો સંપર્ક કરીને જાગૃતિ ફેલાવવાનું કાર્ય ભાવિ તબીબો કરનાર છે. આ સાઈકલ યાત્રા સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી શરૂ થઈ મેડિકલ કોલેજ બરોડા ખાતે સમાપન થઈ હતી. આ યાત્રામાં ૨૫૦ થી વધુ ભાવિ તબીબોએ ભાગ લીધો હતો.

યાત્રાના પ્રારંભે અંગદાન પ્રવૃત્તિના પ્રણેતા અને અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના દિલીપ દેશમુખ (દાદા)એ જણાવ્યું હતું કે, નેશનલ મેડિકોઝ દ્વારા આ સાઈકલ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે, અંગદાન જાગૃતિના સંદેશ સાથે આ સાઈકલ યાત્રાના આયોજન માટે હું આયોજકો અને ભાગ લેનાર તમામ ભાવિ તબીબોને અભિનંદન આપું છે. આ યાત્રા થકી સમાજમાં અંગદાન જાગૃતિ આવશે અને તેના થકી જરૂરિયાત વ્યક્તિઓને નવજીવન પ્રાપ્ત થશે.

# સૌથી વધુ અરજી ધરાવતી રેશનકાર્ડ સહિતની ૨૦ સેવા હવે ઑનલાઈન મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વહીવટી સુધારા પંચના પાંચમા અહેવાલની ભલામણોને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા સૌથી વધુ અરજીઓ ધરાવતી વિવિધ વિભાગની ૨૦ જેટલી સેવાને ઓનલાઇન કરવામાં આવી છે. અહેવાલ મુજબ, ડિજિટલ ગુજરાત પ્લેટફોર્મ હેઠળ ઉપલબ્ધ સેવાઓમાંની આશરે ૪% સેવાઓ માટે સંપૂર્ણ એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ ડિલિવરી પહેલેથી જ સક્રિય કરવામાં આવી છે. હાલ મોટી સંખ્યામાં સેવાઓ જન સેવા કેન્દ્રો અને ઈ-ગ્રામ કેન્દ્રો મારફતે નાગરિકોને મળી રહી છે. ડિજિટલ ગુજરાત પ્લેટફોર્મ હેઠળ દર વર્ષે અંદાજે ૧.૨૦ કરોડ અરજીઓ પ્રાપ્ત થાય છે, જેમાંથી આશરે ૮૭ લાખ અરજીઓ આ ૨૦ ઉચ્ચ-ટ્રાન્ઝેક્શન સેવાઓ હેઠળ પ્રાપ્ત થાય છે.

હવે વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ દ્વારા 'સુગમ ડિજિટલ ગુજરાત' પહેલ અમલમાં મૂકવામાં આવી રહી છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ ફેસલેસ, કેશલેસ અને પેપરલેસ વહીવટને પ્રોત્સાહન આપી સરકારી સેવાઓને વધુ સરળ, ઝડપી અને પારદર્શક બનાવવાનો છે, જેથી નાગરિકોને સેવાઓ સરળતાથી અને આંગળીનાં ટેરવે ઉપલબ્ધ બની શકે, તેમ રાજ્ય સરકારે જણાવ્યું હતું. અભિયાનનાં પ્રથમ તબક્કે સૌથી વધુ અરજીઓ ધરાવતી ૨૦ સેવાઓને આવરી લેવામાં આવી છે. જે ૨૦ સેવાઓ ઓનલાઇન કરવામાં આવી છે તેમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, મહેસૂલ વિભાગ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, કાયદા વિભાગ અને આદિજાતી વિકાસ વિભાગનો સમાવેશ થાય છે.

# છ વર્ષની બાળકીને સાવકા બાપે બનાવી હવસનો શિકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં શિક્ષિત પુરુષે તેની માત્ર છ વર્ષની સાવકી દીકરીને હવસનો શિકાર બનાવી હતી. ગાંધીનગર ખાતે આઈટી કંપનીમાં કામ કરતા પુરુષ સાથે આ બાળકીની માતાનાં બીજાં લગ્ન હતાં. બન્નેને પોતાનો એક દીકરો પણ છે. બાળકીની માતા ઘરે હતી અને કપડાં સૂકવી રહી હતી ત્યારે તેણે દીકરીની ચીસ સાંભળી હતી અને તે રૂમમાં દોડી ગઈ હતી. તે સમયે પિતા બાળકી સાથે દુષ્કૃત્ય કરતો ઝડપાઈ ગયો હતો. માતાએ પિતાના સંકજામાંથી બાળકીને છોડાવી હતી અને પોલીસને જાણ કરી હતી. પોલીસે સાવકા પિતાની ધરપકડ કરી હતી. અગાઉ પણ બાળકી સાથે આવું દુષ્કૃત્ય થયું છે કે નહીં તે અંગે પોલીસ તપાસ કરી રહી છે, આ સાથે પિતાની માનસિક સ્થિતિ મામલે પણ તપાસ થઈ રહી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

# જૂનાગઢમાં વિદ્યાર્થિનીએ આપઘાત કરતા ચકચાર

અમદાવાદ: જૂનાગઢમાં વિદ્યાર્થિનીએ પોતાના જ મકાનના ઉપરના રૂમમાં પંખા સાથે કપડાનું દોરડું બાંધી ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ હતી. કેશોદમાં આવેલી રાધેશ્યામ-૨ નગર સોસાયટીમાં એક અત્યંત દુઃખદ ઘટના પ્રકાશમાં આવી છે. અહીં રહેતી વિદ્યાર્થિની જૂનાગઢની ઓમ એજ્યુકેશન કોલેજમાં ડિપ્લોમાનો અભ્યાસ કરતી હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, નજીકમાં જ પરીક્ષા હોવાથી તેના ટેન્શન અને દબાણને કારણે સગીરાએ આ આત્મઘાતી પગલું ભર્યું હતું. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી.મૃતક વિદ્યાર્થિનીના પિતા કેશોદમાં હીરા ઘસવાનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમને સંતાનમાં બે દીકરીઓ છે, જેમાં મોટી દીકરીના લગ્ન થઈ ગયા છે અને મૃતક નાની દીકરી હતી.

# મુંબઈ સમાચાર

આયોજિત

# માતૃભાષા ભાગવત સપ્તાહ

૨ એપ્રિલથી ૮ એપ્રિલ

અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકાશારદાપીઠાધીશ્વર જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ | વૈષ્ણવ હૃદયસમ્રાટ વૈષ્ણવાચાર્યશ્રી ૧૦૮ યદુનાથજી મહોદયશ્રી (કડી-અમદાવાદ) | શ્રી વલ્લભકુલભૂષણ વૈષ્ણવાચાર્ય પૂજ્ય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીનું | રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજસાહેબનું

## માર્ગદર્શન

મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય

## પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી

**સનાતન નગરી:**
સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ,
(ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ) બોરીવલી (પશ્ચિમ)

**ભાગવત કથા:** બપોરે ૩.૩૦થી ૬.૩૦
**પ્રસાદ:** સાંજે ૬.૩૦ વાગ્યાથી ૭.૩૦ વાગ્યા સુધી
**માતૃભાષા મહોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમો:**
રાત્રે ૭.૩૦થી ૧૦.૦૦

મુંબઈ શહેરમાં જીવતી-જાગતી
માતૃભાષાઓનું રક્ષણ અને સંવર્ધન

૨૦૪ વર્ષની યુવાવયના એશિયાના સૌથી જૂના અખબાર 'મુંબઈ સમાચાર'ની અલૌકિક-અદ્‌ભુત પહેલ

Supported by:
adani

SKYLINE INFRA FORGE
**શ્રી સૌરભ મહેતા**
(મુખ્ય મનોરથી)

gandhar Group of Companies
**શ્રી રમેશભાઈ પારેખ**
(સહ મનોરથી)

★ તમામ દર્શનાર્થીઓ માટે પ્રસાદની વ્યવસ્થા

★ ૨ લાખ સ્કે. ફૂટના એરકન્ડિશન્ડ ડોમમાં ભાગવત કથા

★ પોથીના મનોરથીઓને વિશેષ પ્રસાદ અને ભાગવત શ્રવણની વ્યવસ્થા

### દરરોજના કાર્યક્રમ

દીપ્તિ ભાગવત
સંજીવની ભેલાંડે
નચિકેત દેસાઈ
હેમંત બર્વે
પલ્લવી કેળકર
અને અજિત પરબ

**તા. ૨** માતૃભાષા માનવંદના: મરાઠી સંગીત સંધ્યા

**તા. ૩** પદ્મશ્રી કૈલાસ ખેરનો 'કૈલાસા' કોન્સર્ટ અને કૈલાસા લાઈવ

**તા. ૪** ગીતા રબારીનો સંગીત જલસો

**તા. ૭** કીર્તિદાન ગઢવીનો ડાયરો

ઉત્સવ, મનોરથ, ઝાંખી અને અન્ય સેવાઓ નોંધાવવાના

**અંતિમ બે દિવસ**

સંપર્ક:
વિપુલ પારેખ
૯૩૨૨૫૦૫૦૩૦
યોગેશ પંડ્યા
૭૭૧૦૮૧૬૩૪૦
કિશોર જાની
૯૮૧૯૯૧૦૦૩૯

DANUBE PROPERTIES DUBAI
Real Estate Partners:

**આયોજક**

## મુંબઈ સમાચાર પ્રેરિત માતૃભાષા પ્રતિષ્ઠાન

★ શ્રી નીલેશ દવે

| | | | | |
|---|---|---|---|---|
| ★ શ્રી પરાગ શાહ | ★ શ્રી સંતોષ સિંહ | ★ શ્રી મુકેશ પટેલ | ★ શ્રી રાજુ સાવલા | ★ શ્રી અરવિંદ શાહ |
| ★ શ્રી જિજ્ઞેશ ભુતા | ★ શ્રી જસ્મીન શાહ | ★ શ્રી જિતેન્દ્ર મહેતા | ★ શ્રી જગદીશ ઓઝા | ★ શ્રી ભાર્ગવ પટેલ |
| ★ શ્રી નિરવ મહેતા | ★ શ્રી જિજ્ઞેશ હિરાણી | ★ શ્રી શોભિત દેસાઈ | ★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ) | ★ શ્રી દુષ્યંત સોની (દુબઈ) |

વિશેષ આભાર: ★ શ્રી સંજય ઉપાધ્યાય ★ શ્રી અસીત કુમાર મોદી ★ શ્રી જે. ડી. મજેઠિયા ★ શ્રી સંજય છેલ ★ શ્રી મુકેશ મહેતા ★ શ્રી ભૂપેન્દ્ર મહેતા ★ શ્રી વિપુલ પારેખ ★ શ્રી વિરલ ચિતલિયા ★ શ્રીમતી માધવી ભુતા

AJMERA BUILT ON TRUST · MICL LIVE BETTER · Showglitz Events & Entertainment Private Limited · HEM AGARBATTI · MUNJAL · hitech events & exhibition · માતૃભાષા વંદના · ARVINDBHAI KHATRI SONS · BRIGHT OUTDOOR MEDIA LIMITED · Neela Film Productions · NATUREPURE Wellness Pvt. Ltd. · WellPure | Keshasvi · APAR ADVERTISERS PRIVATE LIMITED · NEELKANTH Building Trust Since 1938 Formerly known as: Velji Harkha Patel & Sons. · SURBHI GROUP Redefining Urban Lifestyle Contact - +91 98218 85998/ · SILVER BUILDING LANDMARKS SINCE 1986

# ઇમ્પેક્ટ પ્લેયર પસંદ નથી અક્ષર પટેલને



નવી દિલ્હી: ભારતીય ઓલરાઉન્ડર અને દિલ્હી કેપિટલ્સના કેપ્ટન અક્ષર પટેલે ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ના ''ઇમ્પેક્ટ પ્લેયર'' નિયમની ટીકા કરતા કહ્યું હતું કે, ''મને તે પસંદ નથી કારણ કે તે મારા જેવા ખેલાડીઓ (ઓલરાઉન્ડર)ના વિકાસમાં અવરોધ ઉભો કરે છે. રોહિત શર્મા અને હાર્દિક પંડ્યાએ પણ ''ઇમ્પેક્ટ પ્લેયર'' નિયમનો વિરોધ કર્યો છે, જે ટીમોને મેચ દરમિયાન કોઈપણ સમયે તેમની પ્લેઇંગ ઇલેવનમાં કોઈપણ ખેલાડીને પાંચ સૂચિબદ્ધ ખેલાડીઓમાંથી કોઈપણ સાથે બદલવાની મંજૂરી આપે છે. આ નિયમ ૨૦૨૩માં અમલમાં આવ્યો હતો અને ઓછામાં ઓછા ૨૦૨૭ સુધી અમલમાં રહેશે. રોહિતે ૨૦૨૪માં કહ્યું હતું કે તેને આ નિયમ ગમ્યો નથી કારણ કે તે ભારતીય ક્રિકેટમાં ઓલરાઉન્ડરોના વિકાસમાં અવરોધ ઊભો કરે છે. પછીની સીઝનમાં હાર્દિકે કહ્યું કે ટીમમાં ઓલરાઉન્ડર પસંદ કરવાનું મુશ્કેલ બની ગયું છે જ્યાં સુધી તેઓ બેટિંગ અને બોલિંગ બંનેમાં સમાન રીતે સારા ન હોય.

''ઇમ્પેક્ટ પ્લેયર'' નિયમ વિશે પીટીઆઈના સવાલનો જવાબ આપતા ભારતીય ટી-૨૦ ટીમના વાઈસ કેપ્ટન અક્ષરે કહ્યું હતું કે ''મને આ નિયમ ગમતો નથી કારણ કે હું પોતે એક ઓલરાઉન્ડર છું. પહેલા અમે આ ભૂમિકાઓ (બેટિંગ અને બોલિંગ) માટે ઓલરાઉન્ડર પસંદ કરતા હતા. હવે ટીમ મેનેજમેન્ટ ચોક્કસ બેટ્સમેન અથવા બોલરની પસંદગી કરે છે. તેઓ કહે છે, આપણને ઓલરાઉન્ડરની કેમ જરૂર છે? અક્ષરે કહ્યું હતું કે ''મને આ નિયમ પસંદ નથી કારણ કે હું પોતે એક ઓલરાઉન્ડર છું. પરંતુ નિયમો નિયમો છે. આપણે તેનું પાલન કરવું પડશે. વ્યક્તિગત રીતે મને તે ગમતું નથી.

અક્ષરે છેલ્લી આઈપીએલ સીઝનમાં ફક્ત ૨૦૪ બોલ ફેંક્યા હતા, જે પહેલાની સીઝનમાં ૨૬૪ બોલ હતા. તેમણે કહ્યું હતું કે આ ''ઇમ્પેક્ટ પ્લેયર'' નિયમને કારણે નથી, પરંતુ આંગળીની ઇજાને કારણે હતું જે તેને આઈપીએલ પહેલા પરેશાન કરી રહી હતી. તેણે કહ્યું હતું કે, ''મેં વધારે બોલિંગ કરી નહોતી. તે ''ઇમ્પેક્ટ પ્લેયર'' નિયમને કારણે નહોતું. ચેમ્પિયન્સ ટ્રોફી પછી હું જે આંગળીનો ઉપયોગ બોલિંગ કરવા માટે કરું છું તે ઈજાગ્રસ્ત થઈ ગઈ હતી. ઈજા એટલી ખરાબ હતી કે હું બોલને પકડી શકતો નહોતો. તેથી જ હું જરૂર પડે ત્યારે જ બોલિંગ કરતો હતો અને મારી આંગળીનું ધ્યાન રાખતો હતો. સાત મેચ પછી મારી સ્થિતિમાં સુધારો થયો અને મેં નિયમિતપણે બોલિંગ કરવાનું શરૂ કર્યું.

અક્ષર સામે દિલ્હીને તેમના પ્રથમ આઈપીએલ ટાઇટલ જીતાડવાનો પડકાર છે. અક્ષરે માત્ર ૧૮ મહિનામાં સૌથી ટૂંકા ફોર્મેટમાં બે વર્લ્ડકપ ટાઈટલ જીત્યા છે. અક્ષરે કહ્યું કે તે વિવિધ યુગની ટીમોની તુલના કરવામાં માનતો નથી. જો આ ભારતીય ટીમ પ્રભુત્વ મેળવવા માગતી હોય તો આપણે નિર્ભય થઈને ક્રિકેટ રમવાનું ચાલુ રાખવું પડશે અને તે સમયે રમતની માગ મુજબ ફેરફારો કરવા પડશે. ■

# આઈપીએલ તાજની જીત ફ્લૂક નહોતીઃ વિરાટ કોહલી



દુબઈ: ભારતના દિગ્ગજ વિરાટ કોહલીએ ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫માં રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ને મળેલી જીત પર મોટું નિવેદન આપ્યું છે. કોહલીએ અગાઉની જીતને યાદ કરતા નિવેદન આપ્યું હતું. કોહલીએ કહ્યું કે તે જીત કોઈ સંયોગ નહોતો. આરસીબીના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ કહ્યું હતું કે ગત સિઝનમાં ટીમનું પ્રથમ ઇન્ડિયન પ્રીમિયર લીગ ટાઇટલ જીતવું ફક્ત નસીબનો ખેલ નહોતો. નોંધનીય છે કે ડિફેન્ડિંગ ચેમ્પિયન આરસીબી ૨૮ માર્ચે સનરાઇઝર્સ હૈદરાબાદ સામે આઈપીએલ ૨૦૨૬ની સિઝનની શરૂઆત કરશે.

આરસીબી દ્વારા બહાર પાડવામાં આવેલા એક વીડિયોમાં કોહલીએ કહ્યું હતું કે આ લીગ ખૂબ જ વધુ સ્પર્ધાત્મક બની ગઈ છે, તેથી ફાઇનલમાં પહોંચવા માટે આપણે ખરેખર સારું ક્રિકેટ રમવું પડશે. તે કોઈ તુક્કો નહોતો, તે કોઈ સંયોગ નહોતો. અમે કેટલીક ખરેખર સારી ટીમોને હરાવી છે અને અમે એક અદ્ભુત ટીમ છીએ જેમણે આ સ્તર સુધી પહોંચવાનો અધિકાર મેળવ્યો છે. એકંદરે, તે આપણા બધા માટે એક અદ્ભુત રાત હતી.

કોહલીએ કહ્યું હતું કે ફાઇનલમાં પહોંચવાથી તેને શાંત આત્મવિશ્વાસનો અનુભવ થયો હતો. જોકે મેચની અંતિમ પળ માનસિક રીતે ખૂબ પડકારજનક સાબિત થઈ હતી. ફ્રેન્ચાઇઝી સાથેના પોતાના લાંબા સંબંધો પર વાત કરતા કોહલીએ કહ્યું હતું કે હું પહેલા દિવસથી જ અહીં છું અને માને (ટીમના માલિશ કરનાર રમેશ માને) કાકા પણ. અમે કદાચ આરસીબી ગ્રૂપના સૌથી જૂના સભ્યો છીએ અને ખૂબ જ પ્રમાણિકપણે કહું તો જ્યારે અમે ફાઇનલમાં (પંજાબ કિંગ્સ સામે) પહોંચ્યા, ત્યારે મને શાંત આત્મવિશ્વાસનો અનુભવ થયો.

વિશ્વાસ હોવા છતાં કોહલીએ સ્વીકાર્યું કે તેણે ક્યારેય સરળ સ્પર્ધાની અપેક્ષા રાખી ન હોતી. તેણે કહ્યું કે, આ સરળ કામ નથી. આ એક ફાઇનલ છે અને બીજી એક ટીમ છે જે ત્યાં પહોંચવા માટે ખરેખર સારી રીતે રમી છે અને દેખીતી રીતે ઘણી સારી ટીમોને હરાવી છે, તેથી તેઓ શું કરવા માગે છે તે અંગે પણ ખૂબ વિશ્વાસ ધરાવે છે.

અંતિમ ક્ષણોની વાત કરતા કોહલીએ કહ્યું હતું કે પ્રામાણિકપણે કહું તો મારા માટે તે ખૂબ જ અવાસ્તવિક હતું. તમારી આંખો સામે ઘણી બધી વસ્તુઓ ચમકી જાય છે. ૧૮ વર્ષનો આખો પ્રવાસ, બધા ઉતાર-ચઢાવ, બધી સારી ક્ષણો, ખરાબ ક્ષણો, તે બધું તમારી સામે આવી જાય તેવું લાગે છે અને તે આગામી ૧૦ મિનિટમાં બનવાનું છે. તે સમજાવવું ખૂબ જ મુશ્કેલ છે, તે અનુભવવા જેવી વાત છે. અને તે અનુભવ હું ક્યારેય ભૂલીશ નહીં. અને ખાસ કરીને છેલ્લી ઓવર, જ્યાં તમે જાણો છો કે મેચ જીતી લીધી છે. અમે આશા રાખતા હતા જોશ (હેઝલવુડ) નો-બોલ ના ફેંકી દે, જે તે ક્યારેય કરતો નથી. તેથી આત્મવિશ્વાસ હતો પરંતુ તેમ છતાં જેમ મેં કહ્યું તેમ તમે સંપૂર્ણ પરિણામની આશા રાખી રહ્યા હોવ છો. પછી તે છેલ્લા ત્રણ બોલની રાહ જોવી એ કદાચ રાતનો સૌથી મુશ્કેલ ભાગ હતો. ■

# - તો હું ૬૦ વર્ષ સુધી રમીશઃ માહી




ચેન્નઈ: ઈન્ડિયન પ્રિમિયર લીગ ૨૦૨૬ની સીઝન અગાઉ ચેન્નઈ સુપર કિંગ્સે ચેપોક સ્ટેડિયમમાં એક ઈવેન્ટનું આયોજન કર્યું હતું જેનું નામ 'રોર ૨૬' રાખવામાં આવ્યું હતું. આ ફેન્સ ઇવેન્ટમાં એમએસ ધોનીએ ફરી એકવાર એક નિવેદન આપ્યું જે હવે વાયરલ થઈ રહ્યું છે. વાસ્તવમાં ૪૪ વર્ષીય ધોનીએ મજાકમાં કહ્યું હતું કે તે ૬૦ વર્ષની ઉંમર સુધી આઈપીએલમાં રમવાનો પ્રયાસ કરશે. ધોનીએ ભલે કદાચ મજાક-મજાકમાં આ વાત કહી હોય પરંતુ તેની વાત સાંભળતા જ ચેપોકમાં હાજર ચાહકો ખૂબ ખુશ થઈ ગયા હતા.

આ સીએસકે ઇવેન્ટમાં અભિનેતા શિવકાર્તિકેયને ધોની સાથે મજાકના અંદાજમાં વાત કરી હતી. તેણે ધોનીને કહ્યું હતું કે તેમણે નિવૃત્તિની વાતો પર ધ્યાન ન આપવું જોઈએ અને આવનારાં વર્ષો સુધી રમતા રહેવું જોઈએ. આના પર ધોનીએ હસતાં હસતાં જવાબ આપ્યો કે આમ કરવું મુશ્કેલ હશે. શિવકાર્તિકેયને ધોનીને કહ્યું કે તમે ૬૦ વર્ષની ઉંમરે પણ રમી શકો છો. નિવૃત્તિ ના લેશો. જેના પર ધોનીએ હસતાં હસતાં જવાબ આપ્યો કે તે થોડું મુશ્કેલ હશે. તેમણે કહ્યું કે મારી ફિટનેસ દરરોજ ઘટી રહી છે, પરંતુ તેમ છતાં હું પ્રયાસ કરીશ. ધોનીનો આ જવાબ સાંભળીને સ્ટેડિયમમાં બેઠેલા હજારો ચાહકો ખુશીથી ઝૂમી ઊઠ્યા હતા

એમએસ ધોની આઈપીએલ ઇતિહાસનો દિગ્ગજ ખેલાડી રહ્યો છે. તેની હાજરી હજુ પણ ચેન્નઈની ટીમમાં મહત્ત્વ ધરાવે છે. સીએસકેના સીઈઓ કાસી વિશ્વનાથને પુષ્ટિ કરી હતી કે ધોની આઈપીએલ ૨૦૨૬ સીઝનમાં રમશે પરંતુ સવાલ એ છે કે શું આ તેની છેલ્લી સીઝન હશે? ■

# આઈપીએલ માટે સ્ટાર્કને હજી ઑસ્ટ્રેલિયન બૉર્ડનું એનઓસી નથી મળ્યું




નવી દિલ્હી: દિલ્હી કેપિટલ્સે સોમવારે જાહેરાત કરી કે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ હજુ સુધી મિચલ સ્ટાર્કને ઇન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૨૬ (આઈપીએલ) માં રમવા માટે 'નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ' (એનઓસી) આપ્યું નથી, પરંતુ ટીમને આશા છે કે તેમનો મુખ્ય ફાસ્ટ બોલર ૧ એપ્રિલે ટૂર્નામેન્ટની શરૂઆતની મેચ પહેલા ટીમ સાથે જોડાશે.

દિલ્હી કેપિટલ્સના કેપ્ટન અક્ષર પટેલ, ક્રિકેટ ડિરેક્ટર વેણુગોપાલ રાવ અને મુખ્ય કોચ હેમાંગ બદાણીએ સોમવારે અહીં મીડિયા સાથે વાતચીત કરી હતી અને ટીમના ફાસ્ટ બોલરના રમવા અંગેના અનેક સવાલોના જવાબો આપ્યા હતા. સ્ટાર્કે ગત સીઝનમાં ૧૧ મેચમાં ૧૪ વિકેટ લીધી હતી.

બદાણીએ કહ્યું હતું કે, ''અમે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા તરફથી એનઓસીની રાહ જોઈ રહ્યા છીએ. તે મળતાં જ અમને ખબર પડશે કે તે ક્યારે ટીમમાં જોડાશે.'' એનઓસી મળવામાં વિલંબ વિશે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, ''અમે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા સાથે સતત સંપર્કમાં છીએ. તે બોલિંગનો અભ્યાસ કરી રહ્યો છે, તેણે થોડા દિવસો પહેલા બોલિંગ પણ કરી હતી. જ્યાં સુધી ક્રિકેટ ઓસ્ટ્રેલિયા તેને રમવા માટે ફિટ જાહેર ન કરે ત્યાં સુધી કોઈ ફ્રેન્ચાઇઝ કંઈ કરી શકશે નહીં. રાવે કહ્યું કે તે આવી રહ્યો છે. તે ફક્ત ક્રિકેટ ઓસ્ટ્રેલિયા પાસેથી એનઓસી મેળવવાની વાત છે. તે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાની દેખરેખ હેઠળ છે. અમે તેની ફિટનેસ પર પણ નજર રાખી રહ્યા છીએ.''

રાવ અને બદાણી સાથે બેઠેલા અક્ષરને પૂછવામાં આવ્યું કે શું સ્ટાર્ક ૧ એપ્રિલે લખનઊમાં લખનઊ સુપર જાયન્ટ્સ સામેની મેચમાં પહોંચશે નહીં તો ટી. નટરાજનને ટીમમાં સામેલ કરવા તૈયાર છે? જેના પર અક્ષરે કહ્યું કે ''આ સમયે તેનો જવાબ આપવો મુશ્કેલ છે. જો સ્ટાર્કને એનઓસી મળે છે તો તે શરૂઆતની મેચ પહેલા આવી શકે છે. જો તે નહીં આવે તો જરૂરી નથી કે ડાબા હાથના ફાસ્ટ બોલરની સામે બીજા ડાબા હાથના ફાસ્ટ બોલરને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવે.'' તેમણે કહ્યું હતું કે, તે ટીમ કોમ્બિનેશનની વાત છે. જોકે, નટરાજન ખૂબ સારું પ્રદર્શન કરી રહ્યો છે અને સંપૂર્ણપણે ફિટ છે. ■

# વૈભવ સૂર્યવંશી પ્રોફેશનલ ખેલાડી નહીં બની શકેઃ જિતેશ શર્મા



મુંબઈ: ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની ૧૯મી સિઝન શરુ થવાને આડે માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ક્રિકેટ ચાહકો રાજસ્થાન રોયલ્સના ૧૪ વર્ષીય વિસ્ફોટક ઓપનિંગ બેટર વૈભવ સૂર્યવંશી પર નજર માંડીને બેઠા છે. વૈભવ હાલ શાનદાર ફોર્મમાં છે, એવામાં રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુના જિતેશ શર્માએ કહ્યું કે વૈભવ પ્રોફેશનલ ખેલાડી નહીં બની શકે.

આઇપીએલની ગત સિઝન દરમિયાન ૩૫ બોલમાં સદી ફટકારીને વૈભવે પોતાની પ્રતિભા સાબિત કરી હતી, ત્યાર બાદ તેણે ડોમેસ્ટિક ક્રિકેટમાં સતત સારું પ્રદર્શન કર્યું, એશિયા કપ U-19 અને U-19 વર્લ્ડ કપ દરમિયાન પણ તેણે મોટી ઇનિંગ્સ રમી. ભારતીય ક્રિકેટ ચાહકો અપીલ કરી રહ્યા છે કે વૈભવને ભારતની સિનિયર ટીમમાં વહેલી તકે સ્થાન આપવામાં આવે. એવામાં જિતેશ શર્માએ વૈભવને અનપ્રોફેશનલ કહ્યો છે.

દક્ષિણ આફ્રિકાના પૂર્વ ક્રિકેટર એબી ડી વિલિયર્સની યુટ્યુબ ચેનલ પર વાતચીત દરમિયાન જિતેશે મજાક મજાકમાં વૈભવ પર આ ટિપ્પણી કરી હતી. એબી ડી વિલિયર્સે આઇપીએલ IPL અને ત્યાર બાદની ટૂર્નામેન્ટમાં વૈભવના પ્રદર્શનના વખાણ કર્યા હતા, તેણે વૈભવની મેચ્યોરિટી અને પ્રોફેશનલિઝમના વખાણ કર્યા.

એબી ડી વિલિયર્સે કહ્યું, વૈભવ આઇપીએલમાં જે રીતે રમ્યો હતો તે જ રીતે રમતો રહ્યો. તેણે કોઈ બીજા ખેલાડીની જેમ રમવાનો પ્રયાસ ન કર્યો, તે પ્રોફેસનલ ખેલાડી બનશે.''

જોકે, જિતેશ સહમત ન હતો, તેણે મેદાનની બહાર વૈભવની આદતોની પોલ ખોલી. જિતેશે જણાવ્યું કે વારંવાર સલાહ આપવા છતાં, વૈભવ મોડી રાત્રે વધુ પડતી આઈસ્ક્રીમ ખાય છે.

જિતેશે હસતાં હસતાં કહ્યું, ''હું તમને એ કહી શકું છું કે પ્રોફેશનલ નથી. તમામ લોકો તેને પ્રોફેશનલ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, પણ મને નથી લાગતું કે તે ક્યારેય પ્રોફેશનલ બનશે. તે કદાચ મેદાન પર પ્રોફેશનલ હોઈ શકે, પણ મેદાનની બહાર તો નહીં જ. હું તેને રાત્રે આઈસ્ક્રીમ ન ખાવા માટે કહેતો રહું છું, પણ તે ક્યારેય સાંભળતો નથી.'' ■

# રાઈના, હેડન સીએસકેની 'હૉલ ઑફ ફ્રેમ'માં



ચેન્નઈ: ચેન્નઈ સુપર કિંગ્સે રવિવારે ભૂતપૂર્વ ભારતીય ઓલરાઉન્ડર સુરેશ રાઈના અને ઓસ્ટ્રેલિયાના મહાન બેટ્સમેન મેથ્યુ હેડનને ટીમના પ્રથમ 'હોલ ઓફ ફ્રેમ'માં સામેલ કર્યા હતા. આ જાહેરાત એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે ટીમના ચાહકો માટે ખાસ કાર્યક્રમ 'રોર ૨૬' દરમિયાન કરવામાં આવી હતી.

રાઈના ૨૦૦૮ થી ૨૦૨૧ સુધી ચેન્નઈ ટીમનો ભાગ હતો. તે ચેન્નઈની ચાર વખતની આઈપીએલ વિજેતા ટીમ (૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૮ અને ૨૦૨૧) નો સભ્ય હતો. ચાહકોમાં 'ચિન્ના થાલા' તરીકે જાણીતા રાઈના ૨૦૧૦ અને ૨૦૧૪માં ચેમ્પિયન્સ લીગ જીતનાર ચેન્નઈ ટીમનો પણ ભાગ હતો અને ૨૦૧૪માં 'પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ' રહ્યો હતો. તેણે ચેન્નઈ માટે સૌથી વધુ ૫૫૨૯ રન કર્યા છે. હેડન ૨૦૦૮ થી ૨૦૧૦ સુધી ચેન્નઈ ટીમ સાથે હતો. તેણે ૨૦૦૯માં ૫૭૨ રન કરીને ઓરેન્જ કેપ જીતી હતી. આ પ્રસંગે ચેન્નઈ સુપર કિંગ્સના ઘણા ભૂતપૂર્વ ખેલાડીઓ હાજર હતા.

ચેન્નઈ સુપર કિંગ્સે તેના સીએસકે હોલ ઓફ ફ્રેમને લોન્ચ કરવાની જાહેરાત કરી હતી જ્યાં ફ્રેન્ચાઇઝ ટીમના ગૌરવશાળી ઇતિહાસમાં મુખ્ય ભૂમિકા ભજવનારા તમામ ખેલાડીઓનું સન્માન કરશે. ■

# અરુંધતી રેડ્ડી ફેબ્રુઆરીની સર્વશ્રેષ્ઠ મહિલા ક્રિકેટર

દુબઈ : ભારતની મિડિયમ પેસ બોલર અરુંધતી રેડ્ડીને ઓસ્ટ્રેલિયામાં ટી-૨૦ સીરિઝમાં શાનદાર પ્રદર્શન બદલ ફેબ્રુઆરી મહિના માટે આઈસીસી મહિલા ક્રિકેટર ઓફ ધ મંથ તરીકે પસંદ કરવામાં આવી હતી. પાકિસ્તાનની પુરુષ ક્રિકેટ ટીમના ઓપનર સાહિબજાદા ફરહાનને ટી-૨૦ વર્લ્ડ કપમાં અસાધારણ પ્રદર્શન માટે સર્વશ્રેષ્ઠ પુરુષ ક્રિકેટર પસંદ કરવામાં આવ્યો છે.

ત્રણ મેચની ટી-૨૦ સિરીઝમાં ભારતની ૨-૧થી જીતમાં રેડ્ડીએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેણીએ ૭.૨૫ના ઇકોનોમી રેટથી આઠ વિકેટ લીધી હતી. રેડ્ડીએ કહ્યું હતું કે, ''આઈસીસી પ્લેયર ઓફ ધ મંથ તરીકે પસંદ થવું ગર્વની વાત છે. ઓસ્ટ્રેલિયામાં ટી-૨૦ સિરીઝ જીતવામાં હું યોગદાન આપી શકી તે વધુ ખાસ છે. ઓસ્ટ્રેલિયાને તેમની જ ધરતી પર હરાવવું સરળ નથી.'' ■

# પાકિસ્તાન સુપર લીગમાં આરંભ પૂર્વે ધમાચકડી

## વિદેશી ક્રિકેટરો કોન્ટ્રેક્ટ તોડી રહ્યા છે તો અનેક પ્લેયર્સ પગાર વધારો માગી રહ્યા છે

કરાંચી : પાકિસ્તાન સુપર લીગ ૨૦૨૬ (પીએસએલ) શરૂ થાય તે પહેલાં જ એક હોબાળો થઈ ગયો છે. એક તરફ વિદેશી ખેલાડીઓ તેમના કરાર તોડીને લીગ છોડી રહ્યા છે તો બીજી તરફ કેટલાક ખેલાડીઓએ પગાર વધારાની માગ કરી છે. જેના કારણે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ની મુશ્કેલીઓ વધી ગઈ છે. પીએસએલની ૧૧મી સીઝન ૨૬ માર્ચે લાહોરમાં શરૂ થશે પરંતુ ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં જ પીસીબી અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે. આ વખતે લીગમાં બે નવી ટીમોને સામેલ કરવામાં આવી છે.

ઇન્ડિયન પ્રીમિયર લીગમાં કરાર મળતા વિદેશી ખેલાડીઓ પીએસએલ છોડી રહ્યા છે. વિશ્વસનીય સૂત્રના જણાવ્યા અનુસાર, પીસીબી અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે જેમાં ખેલાડીઓ તરફથી કોન્ટ્રાક્ટ તોડવો અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે કેટલાક ખેલાડીઓ તરફથી છેલ્લી ક્ષણે ફીમાં વધારો કરવાની માંગણી પણ સામેલ છે. સૂત્રએ જણાવ્યું હતું કે, પીસીબી હાલમાં પીએસએલને સમયસર શરૂ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે અને નામ પરત ખેંચનારા વિદેશી ખેલાડીઓ સામે કોઈ કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો નથી.

તેમણે કહ્યું કે કોન્ટ્રાક્ટ તોડનારા ખેલાડીઓ પર બેથી ચાર વર્ષનો પ્રતિબંધ લાદવા અંગે આંતરિક ચર્ચાઓ થઈ છે, પરંતુ ચિંતા એ છે કે આવી કાર્યવાહીથી ભવિષ્યમાં વિદેશી ખેલાડીઓ પીએસએલ સાથે કરાર કરવાનું ટાળી શકે છે. એવી દલીલ પણ છે કે પ્રતિબંધો પીએસએલની આગામી સીઝન માટે મુખ્ય વિદેશી ખેલાડીઓ સાથે કરાર કરવાનું વધુ મુશ્કેલ બનાવશે.

આઈપીએલમાં ઘણા ખેલાડીઓને નોંધપાત્ર રીતે ઊંચો પગાર ઓફર કરવામાં આવી રહ્યા છે જ્યારે પીએસએલમાં ખૂબ ઓછો પગાર અપાય છે. ગયા વર્ષે પીસીબીએ કરારનો ભંગ કરવા બદલ દક્ષિણ આફ્રિકાના કોર્બિન બોશ સામે કાનૂની કાર્યવાહી કરી હતી, તેના પર એક વર્ષનો પ્રતિબંધ લાદ્યો હતો. જોકે, આ પગલું અસરકારક સાબિત થયું ન હતું, કારણ કે બોશે આઈપીએલ કરાર મેળવ્યો હતો.

આ વર્ષે પીએસએલમાંથી કરાર કર્યા પછી હટી જનારા વિદેશી ખેલાડીઓમાં વેસ્ટ ઈન્ડિઝના ગુડાકેશ મોતી અને જોહ્નસન ચાર્લ્સ, શ્રીલંકાના દાસુન શનાકા, ઝિમ્બાબ્વેના બ્લેસિંગ મુઝરબાની, ઓસ્ટ્રેલિયાનો સ્પેન્સર જોહ્નસન અને જેક ફ્રેઝર-મેકગર્ક, દક્ષિણ આફ્રિકાના ઓટનીલ બાર્ટમેન, અફઘાનિસ્તાનના રહેમાનુલ્લાહ ગુરબાઝ અને ઇંગ્લેન્ડના ટાઇમલ મિલ્સનો સમાવેશ થાય છે.

આ દરમિયાન, ઓસ્ટ્રેલિયાના સ્ટીવ સ્મિથ અને માર્નસ લાબુશેન, ન્યૂઝીલેન્ડનો માર્ક ચેપમેન અને ડેવોન કોનવે, કેટલાક અન્ય વિદેશી ખેલાડીઓ પીએસએલમાં ભાગ લેવા માટે લાહોર પહોંચ્યા છે. ■

# આકાશ દીપના સ્થાને સૌરભ દુબે કેકેઆરની ટીમમાં

કોલકતાઃ ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬ની શરૂઆત પહેલા કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) ને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. એક રિપોર્ટ અનુસાર, ઝડપી બોલર આકાશ દીપ ઈજાના કારણે આગામી સીઝનમાંથી બહાર થઈ ગયો છે. કોલકતાએ આકાશના સ્થાને સૌરભ દુબેને પોતાની ટીમમાં સામેલ કર્યો છે. સૌરભ અગાઉ સનરાઈઝર્સ હૈદરાબાદ માટે રમ્યો હતો. સનરાઈઝર્સ હૈદરાબાદે આઈપીએલ ૨૦૨૨માં સૌરભ દુબેને ૨૦ લાખમાં ખરીદ્યો હતો. જોકે, સૌરભને આઈપીએલમાં ડેબ્યૂ કરવાની તક મળી ન હતી. આઈપીએલ ૨૦૨૬ની હરાજીમાં સૌરભે તેની બેઝ પ્રાઈઝ ૩૦ લાખ રૂપિયા રાખી હતી પરંતુ કોઈ ટીમે તેને ખરીદ્યો ન હતો. ડાબોડી ફાસ્ટ બોલર સૌરભ ઘરેલુ ક્રિકેટમાં વિદર્ભ માટે રમે છે. ■

# એશિયન સ્ક્વોશ ચેમ્પિયનશિપ સ્થગિત

કરાચી : પાકિસ્તાનના ઇસ્લામાબાદમાં આવતા મહિને યોજાનારી એશિયન ટીમ સ્ક્વોશ ચેમ્પિયનશિપ ખાડી દેશોમાં ચાલી રહેલા યુદ્ધના કારણે મુલતવી રાખવામાં આવી છે. આ ચેમ્પિયનશિપ ૧૪ થી ૧૮ એપ્રિલ દરમિયાન યોજાવાની હતી. એક અધિકારીએ જણાવ્યું હતું કે, એશિયન સ્ક્વોશ ફેડરેશને અમને જાણ કરી હતી કે યુદ્ધના કારણે પ્રદેશમાં હાલની પરિસ્થિતિને જોતાં આ સમયે ટૂર્નામેન્ટનું આયોજન શક્ય નથી. તેમણે કહ્યું કે જો પરિસ્થિતિ સુધરશે તો પાકિસ્તાન સ્ક્વોશ ફેડરેશન સપ્ટેમ્બરમાં તેનું આયોજન કરી શકે છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ભારતીય સ્ક્વોશ ફેડરેશને ટીમ મોકલવાની મંજૂરી આપી હતી ત્યારે અધિકારીએ કહ્યું હતું કે એશિયન ફેડરેશન ટીમોની ભાગીદારીની પુષ્ટિ પર વિચાર કરી રહ્યું છે. ■

# શનાકાનું પીએસએલને બાય-બાય, આઈપીએલ રમશે

નવી દિલ્હી: શ્રીલંકાના ટી-૨૦ ટીમના કેપ્ટન દાસુન શનાકાએ પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)૨૦૨૬માંથી પોતાનું નામ પરત ખેંચી લીધું છે. તેણે પીએસએલના બદલે ઈન્ડિયન પ્રિમિયર લીગ ૨૦૨૬માં રમવાનો નિર્ણય લીધો છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે દાસુન શનાકા આઈપીએલ ટીમ રાજસ્થાન રોયલ્સ (આરઆર) તરફથી રમી શકે છે. તે રાજસ્થાન રોયલ્સમાં ઝડપી બોલર સેમ કરનનું સ્થાન લેશે. કરન ઈજાના કારણે ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે. નોંધનીય છે કે દાસુન શનાકા અગાઉ આઈપીએલ ૨૦૨૩માં ગુજરાત ટાઇટન્સ તરફથી રમ્યો હતો. તે સિઝનમાં તેણે ત્રણ મેચ રમી હતી અને ૨૬ રન કર્યા હતા. આઈપીએલ ૨૦૨૬ની મિનિ હરાજીમાં તેને કોઈ ટીમે ખરીદ્યો નહોતો.

સેમ કરન ઈજાના કારણે બહાર થઈ જતા રાજસ્થાન રોયલ્સને મોટો ઝટકો લાગ્યો હતો. જોકે રાજસ્થાન શનાકાને ટીમમાં સામેલ કરીને કરનની ખોટ પૂરી કરવાનો પ્રયાસ કરશે. શનાકા બોલિંગ અને બેટિંગમાં યોગદાન આપી શકે છે. એક રિપોર્ટમાં દાવો કરાયો હતો કે જોકે હજુ શ્રીલંકા ક્રિકેટ તરફથી એનઓસી મળવાનું બાકી છે. શનાકાએ પાકિસ્તાન સુપર લીગ કરતાં આઈપીએલને પ્રાથમિકતા આપવાનો નિર્ણય લીધો છે. શ્રીલંકન ઓલરાઉન્ડરને લાહોર કલંદર્સમાં સામેલ કરાયો છે. ■

તન-મન-ધનથી રહો
# તરોતાજા

## આંતરિક ને બાહ્ય બન્ને પ્રકારની સમૃદ્ધિની કામના કરો...




મારું પોતાનું અર્થતંત્ર

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

પૈસા અને ભૌતિકવાદ બાહ્ય બાબતો છે પણ તેનો દોરીસંચાર મનમાં જાગતી લાગણીઓ દ્વારા થાય છે. આપણામાં આંતરિક સમૃદ્ધિ નહીં હોય ત્યાં સુધી બાહ્ય સમૃદ્ધિ કે ભૌતિક સુખસુવિધાઓ આનંદ નહીં આપી શકે.

અંદરથી સમૃદ્ધ હોઈશું તો બાહ્ય સમૃદ્ધિ આપોઆપ આવશે. અંદરની અમીરી ગેરહાજર હશે તો બાહ્ય સમૃદ્ધિ આવી હશે તોય ઝાઝી ટકશે નહીં. આપણાં ચારિત્ર્ય, ઉછેર અને નીતિમૂલ્યોથી આંતરિક સમૃદ્ધિનું પોત ઘડાય છે. લાગણીઓ જેટલી શાંત અને સ્થિર, આંતરિક સમૃદ્ધિ એટલી મજબૂત, કૃતજ્ઞતા, ધીરજ અને આદરભાવ માણસમાં માનસિક શાંતિ પેદા કરે છે. પોતાનાં મન-હૃદયમાં જાગતી લાગણીઓ પ્રત્યેની જાગરૂકતા કરતાં મોટી કોઈ આંતરિક સમૃદ્ધિ નથી. કોઈ પણ પ્રકારનો યોગાભ્યાસ આપણને ભીતર જોતાં શીખવે છે. ધ્યાનમાં બેસવાનો મતલબ એ નથી કે આ પ્રક્રિયા આખરે આપણને વૈરાગ્ય તરફ દોરી જશે. આમાં સંસારનો ત્યાગ કરવાની કોઈ વાત જ નથી. મામલો સંસારને માણવાનો છે. જેટલા વધારે શાંત હોઈશું, વર્તમાન એટલો વધારે માણી શકાશે. આંતરિક સ્તરે જેટલા વધારે મજબૂત હોઈશું, ધનસંપત્તિ એટલો વધારે આનંદ આપશે.

જો અંદરથી મજબૂત નહીં હોઈએ તો આપણે કાં તો અતીતમાં જીવતા હોઈશું અથવા તો ભવિષ્યના વિચારોમાં રમમાણ રહીશું. ભૂતકાળમાં બનેલી ઘટનાઓને યાદ કરવાથી ક્રોધ, હતાશા, ચીડ, અસ્વસ્થતા જેવી લાગણીઓ પરેશાન કરતી રહે છે. એ જ પ્રમાણે ભવિષ્યની ચિંતા બેચેની, ભય અને અસલામતીનો અહેસાસ કરાવે છે. આ બેમાંથી એક પણ સ્થિતિ આપણને વર્તમાનમાં જીવવા નહીં દે. પૈસા બનાવવાના, પ્રખ્યાત થઈ જવાના કે કોઈની સાથે સ્પર્ધા કરવાના ઉદ્દેશ વગર કરવામાં આવતી શોખની પ્રવૃત્તિ પણ એક પ્રકારનું મેડિટેશન જ છે.

આપણે શું પસંદ કરીશું - કોઈ પણ જાતના માનસિક ઉદ્વેગ અને અસલામતીની લાગણી વગર પ્રિયજન સાથે બગીચામાં ધીમે ધીમે ટહેલવા જવું કે પાર વગરની ચિંતા, ચીડ અને માનસિક તાણ વચ્ચે વૈભવી ક્રૂઝની સફર કરવી?

બાહ્ય સંપત્તિનો સારી રીતે ઉપભોગ કરવા માટે આંતરિક સમૃદ્ધિ ખૂબ મહત્ત્વની છે તે વિશે આપણાં શાસ્ત્રોમાં વારંવાર ઉલ્લેખો કરવામાં આવ્યા છે. આપણે ખરેખર ભાગ્યવાળી છીએ કે આપણાં શાસ્ત્રોમાં સંપત્તિ વિશેના ડહાપણનાં અમૂલ્ય રત્નો ઠેરઠેર વેરાયેલાં છે. આપણે ઈચ્છીએ ત્યારે આ ખજાનો લૂંટી શકીએ છીએ.

સંપત્તિને લક્ષ્મીદેવીનું સ્વરૂપ ગણવામાં આવ્યું છે, કેમ કે સમૃદ્ધિની ઉપાસના અને લક્ષ્મીદેવીની ભક્તિ એકસમાન છે. દેવદેવીની ઉપાસના મન-હૃદયમાં શાંતિ પેદા કરે છે. ધાર્મિક સ્થળે ભીડભાડ અને ઘોંઘાટ હોવા છતાં આપણને ત્યાં આંતરિક શાંતિની અનુભૂતિ થાય છે. આ અનુભૂતિ ક્ષણજીવી પણ હોઈ શકે ને પ્રલંબ પણ હોઈ શકે. આ લાગણીઓનું સાક્ષીભાવે નિરીક્ષણ કરજો. આ લાગણીઓને પૂરેપૂરી અનુભવજો. જેટલા વધારે શાંત હોઈશું એટલી આ લાગણીઓને વધારે તીવ્રતાથી માણી શકીશું. શાંત મનમાં પેદા થતા વિચારો અને લાગણીઓથી આપણને ખલેલ પહોંચતી નથી. કૃતજ્ઞભાવ અને આદરભાવ ખલેલ પેદા કરતા નથી. આંતરિક સમૃદ્ધિ વગરની બ્રાહ્ય સંપત્તિ અહંકાર, લાલચ, અસલામતી, ઈર્ષ્યા અને બીજી કેટલીય જટિલ લાગણીઓ જન્માવે છે. દોમ દોમ સાહ્યબી હશે તો પણ આ લાગણીઓને કારણે આપણે તે માણી નહીં શકીએ. જો અદાલતમાં કેસ હારી જવાની ચિંતા હશે, ધનદોલત આગલી પેઢીના હાથમાં સોંપવાને કારણે અસલામતીની ભાવના જાગી હશે, નાણું બમણું કરી નાખવાની લાલચ હશે કે અપેક્ષાઓ અહંકારથી દોરવાયેલી હશે તો આપણી પાસે પાંચ કરોડ હોય કે પચાસ કરોડ, એનાથી કશોય અર્થ સરશે ખરો? આ બધી લાગણીઓથી મન સતત ઉચ્ચક રહેશે.

બાહ્ય કે ભૌતિક સંપત્તિની ઈચ્છા જરૂર રાખો અને તેને આંતરિક સમૃદ્ધિનો સંગાથ મળે એવી કામના કરો. ભૌતિક સંપત્તિનો આનંદ માણવાની ચાવી આંતરિક સમૃદ્ધિમાં રહેલી છે. ■

### યોગિક વેલ્થ

કારને ચલાવવા માટે ચાર પૈડાંની જરૂર પડે. આર્થિક જીવનને ચલાવવા આ ચાર પૈડાં જોઈએ- કમાણી, ખર્ચ, અસ્ક્યામતો અને જવાબદારી. એ જ પ્રમાણે સમગ્ર જીવન ચલાવવા માટે આ ચાર સંપત્તિઓનાં પૈડાંની જરૂર પડે – સામાજિક, આર્થિક, શારીરિક તેમ જ માનસિક.

---

## વીમાનો ક્લેમ કઈ રીતે કરવો એ તમે જાણો છો ?

### આની જાણકારી રાખવી બહુ મહત્ત્વની છે

વીમા સુરક્ષાકવચ

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

આજની તારીખે વીમાનું મહત્ત્વ કોઈને સમજાવવા જવું પડતું નથી. દરેક પરિવારની આર્થિક સુરક્ષા માટેનું આરોગ્ય વીમાનું કવચ હોય કે પછી જીવન વીમો હોય કે પછી મોટર ઇન્સ્યોરન્સ કે ઘરનું ... દરેક પ્રકારનો વીમો અણધારી સ્થિતિઓમાં નાણાકીય સંરક્ષણ પૂરું પાડે છે.

જોકે, ફક્ત વીમો લેવાથી કામ પૂરું થતું નથી. વીમાનો ક્લેમ કરવાની સ્થિતિમાં શું કરવું એની જાણકારી પણ અગત્યની છે.

કોઈ પણ વીમાની પૉલિસી હોય, એને લગતા લાભ પ્રાપ્ત કરવા માટેની ચોક્કસ પ્રક્રિયા હોય છે. એમાંની ઘણી અગત્યની પ્રક્રિયા એટલે ક્લેમનું ઇન્ટિમેશન અર્થાત્ ક્લેમ આવવાનો છે એની જાણ કરવી.

### ક્લેમ ઇન્ટિમેશન

વીમાધારકનો ક્લેમ આવવાનો છે એની જાણ કરવા માટેના અનેક રસ્તા છે. મોટાભાગની કંપનીઓ ફોન, ઈમેલ, મોબાઇલ ઍપ તથા વેબસાઇટ એમાંથી કોઈ પણ માધ્યમનો ઉપયોગ કરવાની સુવિધા પૂરી પાડે છે. કેટલીક કંપનીઓ તાકીદની સ્થિતિમાં ચોવીસે કલાક ઉપલબ્ધ ટોલ ફ્રી નંબરની સુવિધા પણ આપે છે.

વીમાધારકનો અકસ્માત થયો હોય કે પછી એમને હૉસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડી હોય એ સ્થિતિમાં વીમા કંપનીને અથવા તો થર્ડ પાર્ટી ઍડમિનિસ્ટ્રેટર (TPA)ને શક્ય તેટલી વહેલી જાણ કરવી જોઈએ. એ વખતે પૉલિસી નંબર, હૉસ્પિટલાઇઝેશનનું કારણ તથા સારવારનો અંદાજ જણાવવાનાં હોય છે. આ માહિતીને પગલે વીમા કંપની ક્લેમની પ્રક્રિયા શરૂ કરે છે અને જરૂર પડ્યે વીમાધારકને યોગ્ય પ્રક્રિયા અનુસરવા માર્ગદર્શન પણ આપે છે. આવશ્યક હોય ત્યાં કેશલેસ સારવાર કરવામાં આવે છે.

### ક્લેમ જાણ કરવાની પ્રક્રિયા

ક્લેમનું સેટલમેન્ટ કેશલેસ ધોરણે અથવા તો રિઇમ્બર્સમેન્ટ ધોરણે થાય છે.

**કેશલેસ ક્લેમઃ**

ચરણ ૧ :

વીમાધારકને દાખલ કરવાના હોય એ હૉસ્પિટલ વીમા કંપનીના નેટવર્કમાં આવતી હોય તો કેશલેસ ક્લેમ શક્ય બને છે. આથી નેટવર્કની હૉસ્પિટલની પસંદગી કરવી.

ચરણ ૨ :

નેટવર્કની હૉસ્પિટલમાં જઈને ટીપીએના કાઉન્ટર પર જવું અને કેશલેસ ક્લેમ કરવાનો છે એની જાણ કરવી અને ત્યાં વીમા કંપનીએ આપેલા કાર્ડ અને સતસવીર ઓળખપત્ર બતાવવું.

ચરણ ૩ :

ટીપીએ ડેસ્ક કંપનીને પ્રિ-ઑથોરાઇઝેશન રિક્વેસ્ટ મોકલશે એટલે કે ક્લેમ કેશલેસ થશે એ નિશ્ચિત કરવા માટેની અરજી કરશે.

ચરણ ૪ :

વીમા કંપની અરજી પર વિચાર કરશે અને બધી જરૂરિયાતોનું પાલન થતું હશે તો કેશલેસ ક્લેમ માટેની મંજૂરી આપશે. હૉસ્પિટલને કેશલેસ સારવાર કરવા માટેનો સંમતિપત્ર મોકલવામાં આવશે અને સારવારનો મહત્તમ કેટલો ખર્ચ કરી શકાશે એની જાણ કરવામાં આવશે.




ચરણ ૫ :

સારવાર પૂરી થયા બાદ હૉસ્પિટલનાં બિલ સીધેસીધાં વીમા કંપનીને મોકલી આપવામાં આવશે.

ચરણ ૬ :

વીમાધારકને રજા આપતી વખતે દસ્તાવેજો પર સહી લેવામાં આવશે. હા, જે ખર્ચ પૉલિસી હેઠળ કવર થયો નહીં હોય એ વીમાધારકે ચૂકવવો પડશે.

ચરણ ૭ :

વીમા કંપની દસ્તાવેજો અને બીજી માહિતીની ચકાસણી કરીને હૉસ્પિટલને બિલની સીધી ચૂકવણી કરી દેશે. ક્લેમ સેટલ થયાની જાણ વીમાધારકને કરવામાં આવશે.

**રિઇમ્બર્સમેન્ટ ક્લેમઃ**

ચરણ ૧ :

વીમાધારક પોતાની પસંદગીની કોઈ પણ હૉસ્પિટલમાં દાખલ થઈ શકે છે.

ચરણ ૨ :

હૉસ્પિટલાઇઝેશન વિશે ૨૪ કલાકની અંદર વીમા કંપનીને જાણ કરવાની હોય છે. જો પૂર્વ નિર્ધારિત સારવાર માટે દાખલ થવાનું હોય તો ભરતી થવાના ૪૮થી ૭૨ કલાકની પહેલાં વીમા કંપનીને જાણ કરવાની હોય છે.

ચરણ ૩ :

તબીબી સારવાર કરાવવી અને સારવારને લગતાં તમામ બિલ તથા બીજા દસ્તાવેજો લઈ લેવા.

ચરણ ૪ :

હૉસ્પિટલમાંથી રજા મળ્યા બાદ નિર્ધારિત સમયગાળાની અંદર ટીપીએ અથવા વીમા કંપનીને દસ્તાવેજો અને બિલ સુપરત કરવાં. મોટા ભાગે વીમા કંપનીઓએ હૉસ્પિટલમાંથી રજા મળ્યાના ૧૫થી ૩૦ દિવસની અંદર ક્લેમ કરવાનો નિયમ રાખ્યો હોય છે.

ચરણ ૫ :

વીમા કંપની દસ્તાવેજોની ચકાસણી કરશે અને ક્લેમની રકમ તથા વીમાનું કવચ અને નિયમો-શરતોના આધારે ક્લેમની ચકાસણી કરીને ક્લેમ સેટલ કરશે. જરૂર પડ્યે હૉસ્પિટલમાં કે દરદીના ઘરે જઈને ચકાસણી કરવામાં આવશે.

ચરણ ૬ :

ક્લેમ મંજૂર થયા બાદ ક્લેમની રકમ સીધેસીધી વીમાધારકના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે.

### ક્લેમ ઇન્ટિમેશનની સમયમર્યાદા

પૂર્વ નિર્ધારિત કેશલેસ સારવાર માટે વીમા કંપની હૉસ્પિટલાઇઝેશનના બેથી પાંચ દિવસ પહેલાં જાણ કરવાનું કહેતી હોય છે. દરેક કંપનીએ આ સમયમર્યાદા અલગ અલગ રાખી હોય છે. તાકીદની સ્થિતિમાં દાખલ થવું પડે ત્યારે ભરતી થયાના ૨૪ કલાકની અંદર જાણ કરવાની હોય છે.

રિઇમ્બર્સમેન્ટ ક્લેમ કરવાનો હોય તો શક્ય તેટલું વહેલા દસ્તાવેજો સુપરત કરી દેવા જોઈએ. બને ત્યાં સુધી ૧૫ દિવસની અંદર જ આ કામ પતાવવું.

છેલ્લે, એટલું કહેવાનું કે ક્લેમની પ્રક્રિયાનો પ્રારંભ ક્લેમ ઇન્ટિમેશનથી થાય છે. આ પ્રક્રિયા કરી ન હોય તો વીમાધારકને પછીથી સમસ્યાઓ નડી શકે છે. શક્ય છે કે ક્લેમનું ઇન્ટિમેશન નહીં કર્યાના કારણસર વીમા કંપની ક્લેમ ફગાવી દે. દરેક પ્રકારના વીમામાં પારદર્શકતા અને સમયપાલન એ બન્ને ખૂબ જ અગત્યનાં હોય છે. ■

---

## બ્રેન અલ્લાદીનના જાદુઈ ચિરાગ જેવું છે

ફોકસ

એન. કે. અરોરા
feedback@bombaysamachar.com

બાળપણમાં આપણે સૌએ અલ્લાદીનના ચિરાગની વાર્તા સાંભળી હશે, જે આપણને વિશ્વાસ અપાવે છે કે કોઈ ચમત્કારિક શક્તિ આપણું જીવન બદલી શકે છે. જોકે આધુનિક વિજ્ઞાન જણાવે છે કે આવો કોઈ ચિરાગ બહારની દુનિયામાં નહીં, પરંતુ આપણી અંદર જ હાજર છે અને એ છે આપણું મગજ. આ રહસ્યને સમજવા માટે છેલ્લા બે દાયકાથી જે વૈજ્ઞાનિકો અને શોધકર્તાઓ રિસર્ચ કરી રહ્યાં છે એમાં સૌથી ચર્ચાતું નામ છે ડૉ. જો ડિસ્પેંજા.


ન્યૂરો સાયન્સ, એપિજેનેટિક્સ અને ક્વોન્ટમ સિદ્ધાંતોની સાથે આ ડૉ. એવો તર્ક માંડે છે કે માનવીનું બ્રેન માત્ર વિચારવાનું ઉપકરણ નથી, પરંતુ આપણાં શરીર, લાગણીઓ અને વિશ્વાસોને બદલવાની પણ ક્ષમતા ધરાવે છે. જો આ વસ્તુ આપણું દિમાગ શીખી લે તો આપણે શરીરને નવી દિશા આપી શકીએ છીએ.

આ જ કારણ છે કે ડૉ. ડિસ્પેંજાની શોધ દુનિયામાં ચર્ચાનો વિષય બની છે. તેમનું કહેવું છે કે માનવીનું દિમાગ કોઈ જાદુઈ ચિરાગ કરતાં ઓછું નથી. ફરક માત્ર એટલો જ છે કે લોકો એને યોગ્ય દિશામાં વાળી નથી શકતાં.

કોઈપણ વ્યક્તિ પોતાના દિમાગની શક્તિથી બીમારીને પણ ઠીક કરી શકે છે. ડૉ. ડિસ્પેંજા મુજબ એનાં ચાર સ્ટેપ્સ છે. એનું અનુકરણ કરવાથી કોઈપણ રોગને ઠીક કરી શકાય છે. ડૉ.નું માનવું છે કે આપણાં દિમાગમાં હંમેશાં ચિંતાનો ભાવ રહે છે. 'ફાઇટ કે ફ્લાઇટ' એટલે કે પરિસ્થિતિનો સામનો કરો કાં તો એનાથી ભાગી જાવ. એને કારણે આપણું મગજ હંમેશાં એલર્ટ કંડિશનમાં રહે છે. આ જ કારણ છે કે આપણાં દિમાગમાં સૌ પ્રથમ નકારાત્મક વિચાર આવે છે. એને કારણે આપણે પૈનિક અટૅક કાં તો કેન્સર થાય છે. જોકે એવા સમયે આપણે દિમાગમાં સકારાત્મક અને આશાવાદ વિચાર રાખીએ તો ગંભીર બીમારીમાંથી સ્વસ્થ થઈ શકીએ છીએ.

ન્યૂરો સાયન્સ, એપિજેનેટિક્સ અને ક્વોન્ટમ ફિઝિક્સ પર ઘણી રિસર્ચ કર્યા બાદ આ તારણ કાઢ્યું છે. આવી રીતે તેમણે અનેક લોકોની ક્રોનિક કન્ડિશન અને ટર્મિનલ્સ કંડિશનને ઠીક કરીને લોકોને નવજીવન આપ્યું છે.

ડૉ. ડિસ્પેંજા સમજાવે છે કે તમે માત્ર પોતાનાં વિચારોની મદદથી કોઈપણ પ્રકારની દવા અને સર્જરી વગર ગંભીર બીમારીમાંથી સાજા થઈ શકો છો. ૧૯૮૬માં સાઇકલિંગ દરમિયાન ડૉ.નું ખૂબ ગંભીર એક્સિડન્ટ થયું હતું. એમાં તેમની કરોડરજ્જુના હાડકાં ભાંગી ગયા હતાં. ડૉક્ટરોએ તો કહી દીધું હતું કે તેઓ જીવનભર ચાલી નહીં શકે. અન્ય ડૉક્ટર્સે તેમને ચાર અલગ-અલગ મુશ્કેલ સર્જરી કરવાની સલાહ આપી હતી. આમ છતાં તેમને દર્દમાં રાહત મળશે, પરંતુ તેઓ ચાલી નહીં શકે. એ વખતે ડૉ. ડિસ્પેંજાને



વિચાર આવ્યો કે આપણા શરીરમાં ઇન્ટેલિજન્સ એટલે કે બુદ્ધિમતા છે જે આપણને જીવન આપે છે. એ બુદ્ધિમતા સારી રીતે જાણે છે કે મારી આ બીમારી કેવી રીતે ઠીક થઈ શકે છે. એથી તેમણે એ બુદ્ધિમતા સાથે જોડાવાનો પ્રયાસ કરવાનું નક્કી કર્યું.

ડૉ. ડિસ્પેંજાએ નિશ્ચય કર્યો કે તેઓ સર્જરી નહીં કરે અને તેઓ કલ્પના કરવા લાગ્યા કે તેઓ હવે સ્વસ્થ થઈ ગયા છે. ચમત્કાર તો ત્યારે થયો જ્યારે માત્ર સાડા દસ અઠવાડિયામાં તેઓ પોતાના પગ પર ઊભા રહેવા લાગ્યા અને બાર અઠવાડિયા બાદ પોતાની ક્લિનિકમાં પ્રેક્ટિસ કરવા પહોંચી ગયા.

તેમણે બ્રેનનની શક્તિ પર રિસર્ચ કરવાનું શરૂ કર્યું તો તેમનું શરીર પણ ઠીક થવા લાગ્યું. તેમણે સેંકડો એક્સપર્ટસના ઇન્ટરવ્યૂ લીધા. તેમના અનુભવોથી જાણ થઈ કે એ બધામાં એક સમાનતા છે.

એ સમાનતા એટલે કે એ લોકો એમ માને છે કે બધાની અંદર બુદ્ધિમતા છે, જે તેમને જીવન પ્રદાન કરે છે. જે એક દિવ્યશક્તિની જેમ કામ કરે છે. આપણે જ્યારે એનાથી એક મિનિટ માટે પણ અલગ થઈએ તો આપણે બીમાર પડવા લાગીએ છીએ. આપણાં શરીરની અલાઇનમેન્ટ બગડી જાય છે અને આપણે બીમાર પડવા લાગીએ છીએ.

બીજી વાત તેમનાં ધ્યાનમાં એ આવી કે લોકોએ અનુભવ્યું કે તેમની લાગણી અને સ્ટ્રેસ હોર્મોન્સના મિસ મેનેજમેન્ટને કારણે તેઓ બીમાર પડે છે.

સદીઓ પહેલાં માનવજાતિ માત્ર જીવવા ખાતર જીવતી હતી અને તેનાં માથે હંમેશાં નરભક્ષીનું જોખમ તોળાતું રહેતું હતું. આ જ કારણ છે કે આપણને જ્યારે પણ જોખમનો અંદાજ આવી જાય છે. તો આપણે તરત એ જોખમને ખતમ કરવા પ્રતિક્રિયા આપીએ છીએ. એ પ્રતિક્રિયા જ આપણા તણાવનું કારણ બને છે.

હવે આજે એકવીસમી સદીમાં આપણે ડરવાની કે પ્રતિક્રિયા આપવાની જરૂર નથી. આપણને કોઈ નરભક્ષી જાનવરથી ડરવાની જરૂર નથી કેમ કે એ હવે આપણને ખાવા નહીં આવે. હવે તો આપણે પહેલાની સરખામણીએ વધુ વર્ષો સુધી તંદુરસ્ત જીવન જીવીએ છીએ.

આ જ વાતને ધ્યાનમાં રાખીને ડૉ. ડિસ્પેંજાએ નોંધ્યું કે આપણાં વિચારો અને આપણી લાગણીઓને મિસ મેનેજમેન્ટ થતાં અટકાવવી જોઈએ. નકારાત્મક વિચારો દિમાગમાં ન લાવવા જોઈએ. માનસિક રૂપે પોતાને સ્વસ્થ સમજવાથી આપણે ખરેખર સ્વસ્થ થવા માંડશું. ■



feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# પાંચ રૂપિયાનો ગ્લાસ પછી મોટી હૉસ્પિટલની મુલાકાત



ચહા આજ એક એવું પીણું બની ગયું છે જેના વગર દુનિયાભરમાં લોકોની સવાર જાણે અધૂરી છે. ચહા કેમેલિયા સાઈનેસિસ છોડની તાજી લીલા રંગની પતી અને કળીયોને ઉકાળીને પીવામાં આવતો પદાર્થ છે જે આજના સમયમાં તેના પર ઘણાંય કેમિકલ નાખી ને ટકાઉ બનાવાય છે. ભારતમાં અંગ્રેજોના આવ્યા પછી ચહા આવી. જેમાં હાનિકારક કેમિકલોનો ઉપયોગ કરી બનાવાય છે. ચહા કેફીન એક સામાન્ય એલીમન્ટ છે. તાજી પતીમાં લગભગ ચાર ટકા જેટલું કેફીન છે અને તે દાણા રૂપમાં બનીને તૈયાર થાય ત્યારે લગભગ સાઈઠ ટકાથી નેવું ટકા જેટલું વધી જાય છે.

ચહાનું સેવન હાનિકારક છે કારણ તેમાં કોઈ ઉચ્ચ ગુણવત્તા જે એવું કોઈ પ્રમાણ નથી. ફક્ત સતર્કતા વધારે છે જેના કારણે બીમારીઓ થાય છે એટલે કે ચહાના સેવનથી શરીર પ્રભાવિત થાય છે ને બીમારીઓ આવે છે. વૈજ્ઞાનિક રીતે પણ કોઈ પ્રમાણ નથી કે ચહા સ્વાસ્થ્યને લાભ પહોંચાડે છે. કોઈપણ જાતના એન્ટી ન્યૂટીએન્ટ નથી જેનાથી શરીરને પોષણ મળે.

ટેનિન અને ઓક્ઝીલેટના કારણે શરીરમાં ફેટ, કાર્બોહાઈટ્રેડ, પ્રોટીનનું પાચન ખોરવાય છે. પ્રોટીનના કારણે શરીરનું બિલ્ડિંગ બ્લોક બને છે જે ખરાબ થાય છે. શરીરનો વિકાસ અટકે છે. બાળકોમાં ચહાના કારણે જ પ્રોટીન બનતું અટકે છે જેથી તેઓ નબળા થાય છે. આંતરડામાં રહેલા ગટના મેજર ન્યૂટ્રીએન્ટ પ્રોટીનને બનવા માટેનાં તત્ત્વો ખોરવાય છે. જેથી ગટ બગડતા વિટામિન બી અને ડીની ખામી સર્જાય છે. જેથી વાળ પર ખરાબ અસર થાય તે ખરવા માંડે છે. સફેદ થવા લાગે છે. કારણ વાસાડાયલેશન થતું નથી. વાસોડાયલેશન એટલે રક્તવાહિનીનું પહોળું થવું જેના કારણે બ્લડનો ફ્લો સારો થાય તે વાળ સુધી ઓક્સિજન પહોંચાડે છે.

ગટમાં કેલ્શિયમનું અવશોષણ (પાચન) ન થાય જેથી હાડકા નબળા પડે. દાંત નબળા થાય કે કેવીટી થાય છે. વજન ન વધે. વાળ પણ જલદી ખરી જાય છે. એનિમિયાના લક્ષણ દેખાવા માંડે છે. મેટાબોલીઝમ સ્લો થાય. સવારના ચહા પીવાના કારણે ઈન્સ્યુલીન બગડી જાય. ચહામાં સાકરના કારણે ગ્લાયસેમિક ઈન્ડેક્સ વધી જાય જેથી ઈન્સ્યુલીન ગ્રોથ ફેક્ટર પર અસર થાય. ગ્રોથ ફેક્ટર પર અસર થવાને કારણે ગટના પ્રોટીન લીક થઈ જાય છે કારણ ગટના પ્રોટીન બહુ જ કોમ્પ્લીકેટ હોય છે જેને તોડી ન શકાય, કારણ કે ચહા અને સાકર તેમ જ થેલીના દૂધમાં ઘણાંય, કેમિકલ હોય છે જેથી પ્રોટીનનું પાચન બરાબર થતું નથી અથવા પ્રોટીન બનતું નથી. સાકરના કારણે ‘ઈન્ફલમેશન’ (બળતરા) વધી જાય છે જે ચામડીની સુંદરતા બગાડે છે. યુરિક એસિડ વધી જતા જ બી.પી. વધી જાય અને માયક્રોકોન્ડિયા કામ નથી કરતું. જેથી એનિમિયા, હેરફોલ, ડાયાબિટીસ, થાઈરોઈડ, પીસી.ઓડી થાય છે.

ચહાના કેફેન ટેનિન ટેનીક એસિડ ગ્રીસઓઈલ જેવા કેમિકલ હોય છે. સસ્તી મળતી ચહામાં બેડ અર્સિનિક, કેડિયમ જેવી ઝેરી ધાતુઓ હોય છે જેના કારણે શરીરમાં બળતરા વધી જતાં અલગ અલગ બીમારીઓ પેદા થાય છે. આ બધા કેમિકલ એન્ડીનો સાઈનને બ્લોક કરે છે. જેથી સ્લીપ પ્રેશર ઓછું થાય ને નિંદર પૂરી આવતી નથી. એટલે કે ડીપ સ્લીપ નથી આવતી જેથી મેટાબોલીઝમ પર અસર પડે છે.

ચહામાં દૂધના કારણે ગેસ પેદા થાય છે એટલે કે મિથેલ ગેસ બને છે જેથી પેટ ફૂલી જાય છે. દૂધમાંનું લેકટોઝ લેકટોઝઈનટોલરેંસવાળા લોકોમાં ગેસ પેદા કરે છે. ખાલી પેટે ચહા પીવાથી એસડીટી અને બ્લોટિંગની સમસ્યા વધી જાય છે. મેટાબોલીઝમ સ્લો થવાથી આયર્નનું અવશોષણ (પાચન) થતું નથી જેથી શરીરના હાડકામાં દુખાવો થાય છે. ઉંમર વધતા ચાલવું પણ મુશ્કેલ બની જાય છે. આનું કારણ છે ચહાની અંદર ફરફ્યુરાલ કેમિકલ છે જેના કારણે શરીરની નસો અક્કડ થઈ જાય છે. શરીર પણ લચીલાપણું ગુમાવી બેસે છે જેથી ઊઠવું બેસવું મુશ્કેલ બની જાય છે.

ચહાના કારણે વાસોડિલેશન જે એક બહુ આયામી પ્રક્રિયા છે તે પ્રભાવિત થાય છે જે હૃદયનું સ્વાસ્થ્ય ખરાબ કરે છે. આ વાસોડિલેશન જે શરીરના સ્વાસ્થ્ય માટે જરૂરી છે તેનું નિયંત્રણ જાળવી રાખવા માટે કેફેનથી દૂર રહેવું જરૂરી બને છે. દુનિયાના કોઈપણ જગ્યાની દવાઓ કામ નહીં આવે. હૃદયના હુમલા વધી જાય છે. ઘણીવાર બી.પી. વધી જતાં પેરાલીસીસ પણ થાય છે. કેલ્શિયમ ચેનલનો પ્રવાહ અટકે છે જેથી પગના ગોઠણ પર અસર થાય છે. આજકાલ તો હૃદયના ઓપરેશનની ટકાવારી કરતાં પગનાં ગોઠણના ઓપરેશનની ટકાવારી ખૂબ ઊંચી છે.

ચહા સાથે ફરસાણ, ચીપ્સ બિસ્કીટનું સેવન શરીરની હાલત હજુ વધુ બગાડી દે છે. નાની વયમાં જ હૃદયના હુમલાના કારણે વધુ મરણનો આંકડો છે. ગરમીના સમયમાં ચહા ને કારણે એસીડીટી વધી જાય છે જેથી માથાનો દુખાવો વધી જાય, પ્રેશર વધી જાય ક્યારેક ઘટી જતાં ચક્કર આવે. ડ્રીહાઈડ્રેશન થાય છે.

આ ઉનાળામાં ઘણી યે જાતના પીણાં બનાવી શકાય છે. વરિયાળીનો કાઢો બનાવી તેમાં બરફ, મધ, દૂધ નાખીને પી શકાય છે. કેસરને પાણીમાં ઉકાળી તેમાં એલચી નાખી ને ઠંડું કરીને બદામનું કે નાળિયેરનું દૂધ નાખી પીવાથી ગરમીમાં લૂ લાગતી નથી. ખસનું શરબત, સબ્જા (તકમરિયા) વગેરે પીણાં લઈ શકાય છે.

ગલીએ ગલીએ ચહા મળવાના કારણે લોકો તેના એટલા આદી બની ગયા છે કે તેમને કેટલું મોટું નુકસાન થઈ રહ્યું છે. તે સમજમાં બહુ મોડું આવે છે. તેથી જે આજે બી.પી.ની દવાઓ, ડાયાબિટીસ અને થાઈરોઈડની દવાઓ ખૂબ જ મોટા પ્રમાણમાં વેચાય છે.

પાંચ કે દસ રૂપિયાની ચહાનો ગ્લાસ એક મોટી હોસ્પિટલની મુલાકાત જરૂર કરાવે છે.

feedback@bombaysamachar.com
વિશેષ
દિવ્યજ્યોતિ ‘નંદન’

# ગરમીમાં શરીરને તાજગી આપે છે આ યોગાસન

ઉનાળો શરૂ થતાં જ લોકો અકળાવા લાગે છે. થાક પણ જલદી લાગે છે. શરીરમાં પાણી ઓછું થવાથી આળસ અને બેચેની થવા લાગે છે. એવામાં આપણાં યોગમાં અમુક આસનો દર્શાવવામાં આવ્યા છે જેનાથી શરીર ન ફક્ત તરોતાજા અને સ્ફૂર્તિદાયક બનશે, પરંતુ આપણી કાર્યક્ષમતા પણ વધારી દે છે.


આ વખતે તો મે મહિના જેવી ગરમી માર્ચમાં જ પડવા લાગી છે. એથી યોગાસન દ્વારા આપણા શરીરને આપણે તાજગી આપી શકીએ છીએ. આવો જાણીએ એવા કેટલાંક આસનો વિશે...

## પદ્માસન



આ એક ધ્યાનનું આસન છે. એનાથી તન અને મનને શીતળતા મળે છે. ગરમીમાં પદ્માસન કરવાથી આપણો તણાવ પણ મહદઅંશે ઘટી શકે છે. શરીરની ઊર્જાને સંતુલિત કરી શકાય છે. પ્રાણાયામ અને ધ્યાન માટે આ ખાસ આસન છે. સાથે જ જેમને ચિડિયાપણું હોય તેમને તો પદ્માસન વિશેષરૂપે કરવું જોઈએ. પદ્માસન કરવા માટે જમીન પર બેસીને પગને સાથળની વિરુદ્ધ દિશામાં રાખવા, કરોડરજ્જુ સીધી રાખવી અને આંખો બંધ કરીને ઊંડા શ્વાસ લેવાં.

## શશાંકાસન



આ આસનની વિશેષતા એ છે કે આ આસન શરીર અને મગજને તરત શાંત કરે છે. એથી ગરમીમાં તો થાકને દૂર કરવા માટે આ આસન ખૂબ જ લાભદાયી છે. આ આસન નિયમિત કરવાથી મગજને ઠંડક પ્રદાન થાય છે. બ્લડપ્રેશર નિયંત્રિત રહે છે. માનસિક તણાવ અને બેચેની ઘટે છે. શશાંકાસન માટે સૌથી પહેલા વજ્રાસનમાં બેસવું. શ્વાસ છોડતાં આગળની તરફ નમવું. ધીરે ધીરે એવી રીતે નમવું કે માથું જમીનને સ્પર્શ કરે. બાદમાં હાથને આગળની તરફ ફેલાવી દો. આવી રીતે શશાંકાસન કરવામાં આવે છે.

## ભુજંગાસન



ભુજંગાસનને કોબરા આસન પણ કહેવામાં આવે છે. કોઈ સતર્ક કાળો નાગ જે મુદ્રામાં હોય એને જ ભુજંગાસન કહેવાય છે. એના માટે પેટ પર નીચે સૂઈ જાવ, હથેળીઓને ખભાની નજીક રાખો. ધીરે ધીરે છાતીને ઉપરની તરફ ઉઠાવો. એનાથી જે મુદ્રા બને છે એને જ ભુજંગાસન કહેવાય છે. એનાથી કરોડરજ્જુ મજબૂત બને છે. ફેફસાની કાર્યક્ષમતા વધે છે, શરીરને ઊર્જા પ્રાપ્ત થાય છે અને બ્લડ સર્ક્યુલેશન પણ વધે છે. ઉનાળામાં ભુજંગાસન એટલા માટે ફાયદાકારક છે, કેમ કે એનાથી શરીરની અકડન દૂર થાય છે અને સુસ્તી પણ ઓછી થાય છે.

## તાડાસન

તાડાસનને માઉન્ટ પોઝ કહેવાય છે. તાડાસન કરવાથી શરીરનું સંતુલન સૂધરે છે અને ગરમીમાં તો એ આળસને પણ ખંખેરી નાખે છે. આ આસનમાં શરીરને પૂરી રીતે ઉપરની તરફ ખેંચવામાં આવે છે. એનાથી માંસપેશીઓ સક્રિય થાય છે. થાક અને સુસ્તી ઓછી થાય છે. તાડાસન માટે સૌથી પહેલાં તો સીધા ઊભા રહી જાઓ, હાથને ઉપરની તરફ ઉઠાવો અને ઊંડા શ્વાસ લો. આવી રીતે તાડાસન આખા શરીરને નવી ઊર્જા આપે છે.



## શવાસન

શરીરના તાપમાનને સંતુલિત રાખવા માટે શવાસન લાભદાયી છે. માનસિક થાક દૂર થાય છે અને પૂરા યોગાભ્યાસ બાદ એને કરવામાં આવે તો માનસિક તણાવ ઓછો થાય છે, નવી ઊર્જા મળે છે. ગરમીમાં શરીરને આરામ આપતું આસન એટલે શવાસન. એના માટે સીધા જમીન પર સૂઈ જાવ, હાથ-પગ ઢીલા છોડી દો અને શ્વાસ પર પૂરું ધ્યાન આપો. આને શવાસન કહેવાય છે.



## આસન કરતી વખતે ખાસ સાવધાની

- યોગાસન હંમેશાં સવારે અથવા સાંજે કરવા.
- સખત તડકામાં કદી પણ આસન ન કરવા.
- યોગાસન કરતાં પહેલાં અને બાદમાં પૂરતી માત્રામાં પાણી પીવું.
- હલકા અને કોટનના કપડાં પહેરવાં.
- ઊનાળામાં વધારે પ્રેશર આપતાં આસનો ન કરવાં.
- યોગની સાથે જ પ્રાણાયામ ખાસ કરવાં. એનાથી શરીરને ઠંડક મળે છે.

feedback@bombaysamachar.com
ટૂંકું ને ટચ
રશ્મિ શુકલ

# આ છ વાનગીથી વજન ઘટાડવું હવે સરળ બનશે

સ્વાદનો ભોગ આપ્યા વિના છ સરળ અને સ્વાદિષ્ટ વાનગીઓ અપનાવો, જે તમારા આહારને પૌષ્ટિક બનાવશે.

શું તમને પણ લાગે છે કે વજન ઘટાડવા માટે તમારે સ્વાદનો ભોગ આપવો પડશે? તો એક મિનિટ રાહ જુઓ! યોગ્ય ભોજન પસંદ કરવાથી ન માત્ર વજન ઘટાડવામાં મદદ મળે છે, પણ તમારી ભૂખ પણ સંતોષાય છે.

અહીં અમે છ સરળ અને સ્વાદિષ્ટ વાનગીઓ લાવ્યા છીએ જે તમારા આહારને સ્વસ્થ અને રસપ્રદ બનાવશે.

**મિક્સ શાકભાજી સૂપઃ** મિક્સ શાકભાજીનો સૂપ પેટ ભરે છે અને પાચનમાં મદદ કરે છે. આમાં તમે ગાજર, કઠોળ, કોબી અને વટાણા જેવા શાકભાજી ઉકાળી શકો છો અને કાળા મરી અને લીંબુ સાથે સ્વાદ વધારી શકો છો.

**શેકેલા પનીર સલાડઃ** પનીરને હળવાશથી ગ્રીલ કરો અને તેમાં



કાકડી, ટામેટા, કેપ્સિકમ અને કોબી મિક્સ કરો. ઉપર થોડું ઓલિવ તેલ અને લીંબુ ઉમેરો.

મગ દાળ ખીચડીઃ મગ દાળ અને ચોખામાંથી બનેલી ખીચડી પેટ માટે હળવી હોય છે અને વજન ઘટાડવામાં મદદ કરે છે.

સ્વાદને અકબંધ રાખવા માટે તેમાં થોડું ઘી અને હળદર ઉમેરો.

ઓટ્સઃ ઓટ્સ બનાવવા માટે, તેમને હળવા શેકી લો અને તેમાં ડુંગળી, ગાજર, કઠોળ, સરસવ અને કઢી પત્તા ઉમેરો. આ એક સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ભોજન છે જે વજન નિયંત્રિત કરવામાં પણ મદદ કરે છે.

શાકભાજી પુલાવઃ આ એક ઉચ્ચ પ્રોટીન અને ઓછી કેલરી ધરાવતો ખોરાક છે.

તમારી પસંદગીના શાકભાજી ઉમેરીને પુલાવ બનાવો. હળવા મસાલાથી બનેલ આ પુલાવ વજન ઘટાડવા માટે એક શ્રેષ્ઠ વિકલ્પ છે.

દુધી અને રોટલીઃ જો તમને યોગ્ય અને પૌષ્ટિક ભોજન ખાવાનું મન થાય, તો તમે ઘીમાં ટામેટાં ઉમેરીને સાદી દુધીનું શાક બનાવી શકો છો અને તેની સાથે બે રોટલી ખાઈ શકો છો. ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# બાટલી ચડી જાય ને બાટલો ચડાવવો પડે...

### એક ખાનગી ખતરનાક દર્દનાક પ્રેમકહાની




ગઈકાલે રાત્રે લગભગ ૧૧.૩૦ વાગે એનો ફોન આવ્યો

‘હેલ્લો કેમ છો?’

‘સારું છે’

‘હજી સુધી સુતા નથી?’

‘ના ઊંઘ નથી આવતી’

‘મને પણ... એક વાત કઉં? કાલે તમે પાર્ટીમાં શું લાગતા હતા બાકી... બહુ જ હેન્ડસમ. ધ્યાન રાખજો કોઈની

નજર... કોઈની શું મારી જ નજર ન લાગે...’

‘થેંક્યું’ મુકરી જેવા ચહેરામાં પણ હું હેન્ડસમ? હું ફુલાયો

‘આ ઉંમરે પણ તમે એટલા જ સુંદર લાગો છો’

‘સાચ્ચેજ?’ મારા અંતરમાં ૫૪૭ રોમેન્ટિક ઘંટડીઓ વાગી

‘ખોટું બોલી મારે નરકમાં નથી જવું. એવું હોય તો મારી બાને પૂછી જુઓ, બસ?’

‘અચ્છા’

‘આજે કોઈ ઘરમાં નહોતું ને મને તમારી સાથે વાત કરવાનું મન થયું. ગમ્યુ?’ એ બોલી.

મારા હૈયામાં ૭૪૭ રોમેન્ટિક દીવડા પ્રગટ્યા

‘તમને એક વાત કરવી છે’ સંકોચ સાથે એ બોલી :

‘હું કંઈ માગું તો તમે ઇનકાર તો નઈ કરોને?’

‘ના, બોલો તમારે શું જોઈએ છે?’ હૃદયમાં પ્રેમની ભરતી આવી

‘ખાઓ મારી સોગંદ.’

‘તમારી કસમ બસ ... હવે જલદી બોલો આમ તલસાવો કે તડપાવો નઈ.’

‘થેંક યુ ડિયર...પણ થોડી શરમ આવે છે.’

‘અરે બેશરમ થઇ...’

‘હે’ એ ચમકી

‘આઈ મીન...શરમ રાખ્યા વગર ખોલીને બોલો.’

એ જરા ખચકાતા ખચકાતા બોલી ‘પ્લીઝ ત...ત..તમારી પાસે એક્સ્ટ્રા ગેસ સિલિન્ડર છે?’

બાપરે. આ તો મારી કલ્પનાનું પોપટ થઈ ગયું... મેં તુર્તજ ૧૦૦ ગાળ ટ્રમ્પને ને ૨૦૦ ગાળ ખામેનેઈને આપી ફોન પછાડ્યો. ત્યાં ચંપકલાલનો વોટ્સએપ આવ્યો :

‘વહાલા ઠાકર, તમને વોટ્સએપમાં લગ્નની કંકોતરી મોકલતા મોકલાઈ ગઈ...પણ યુ નો, કે જોતજોતામાં અચાનક પેટના ગેસની સમસ્યા રસોડાના ગેસ સુધી પહોંચી ગઈ. પેટનો ગેસ નીકળતો નથી ને રસોડામાં ગેસ આવતો નથી. ખેર, ગેસની અછત હોવા છતાં આપણે લગ્ન કેન્સલ નથી કર્યા.

ફક્ત ગેસસિલિન્ડરની અછત હોવાથી ભોજન સંભારંભ રદ કર્યો છે. ઠાકર, મહત્ત્વની વાત એ છે કે બાટલી હોય તો ચડી જાય પણ બાટલો ચડાવવો પડે પણ હવે તો ચડાવવા માટે બાટલો નથી. ગીફ્ટ-ચાંદલો સ્વીકારવામાં આવશે, પણ ગેસસિલિન્ડરના બાટલાની ભેટને પહેલી પસંદગી આપવામાં આવશે. આપ સૌ સમયસર પધારી નવયુગલને આશીર્વાદ આપી શુદ્ધ જળ પી અમને અનુગ્રહિત કરશો. રમણલાલને પણ આ મેસેજ મોકલ્યો છે. અગવડ બદલ ક્ષમા યાચના અને આભાર... આવશોને?

આપ સૌનો વહાલો ચંપકલાલ પરિવાર...’

મેં તુર્તજ વળતો રીપ્લાય કર્યો :

‘આભાર, પણ ક્ષમા કે આભારની જરૂર નહોતી તમે સાચા છો સમય સમયનો ખેલ છે. યાદ છે? ૨૦૧૬માં એ વખતે અમારા ત્યાં લગ્ન રાખેલા ત્યારે અમારા બહુ મહેમાનો હતા ગેસ પણ હતો પણ નોટબંધીના કારણે કેશ નહોતા એટલે લગ્ન કેન્સલ કરેલા પછી ૨૦૨૨માં રાખવાનું નક્કી કર્યું. કેશ પણ હતા ને ગેસ પણ હતો પણ કોરોનાને કારણે લોકો નહોતા આવી શકવાના એટલે ફરી કેન્સલ. આ વર્ષે લોકોએ આવવાની હા પાડી, કેશ પણ છે પણ હવે ગેસ નથી. અમે રમણલાલ સાથે આવશું પણ એમની કાર ગેસથી ચાલે છે. એમને જો સિલિન્ડર મળ્યુ તો ચોક્કસ આવશું. પણ તમે તમારો કાર્યક્રમ ચાલુ રાખશો.’

બીજા દિવસે માણસમાંથી પેટ્રોલીયમ મંત્રી બનેલા રમણલાલ સાથે હું અને ચંબુ એમની કારમાં લગ્નમાં જવા નીકળ્યા. પણ અધવચ્ચે રસ્તામાં ગેસ ખલાસ. હવે?

રમણલાલ બોલ્યા : ‘ચંબુ, ગામ નજીક છે, ભૂતકાળમાં વોટ માગવા નીકળતા એમ પેટ્રોલ માગવા નીકળ. ન આપે તો મારું નામ દેવાનું કહેવાનું કે રમણલાલનું પેટ્રોલ આઈ મીન એમની કારનું પેટ્રોલ ખલાસ થઇ ગયું છે.’

‘ઓકે સાહેબ’ બોલી આ ચંબુડો ઉપડ્યો તો ખરો પણ કોઈએ ગેસ કે પેટ્રોલ ન આપ્યું ને બોલ્યા ‘રમણલાલ માટે અમે ના પાડીએ? અમારે ગામમાં રહેવું છે પણ અહીં અમારે તો નળમાં પાણીનું ટીપું નથી આવતું તો પેટ્રોલ તો...’ આટલું બોલી ગામવાળા એમનાં મંગલ મંદિરના દ્વાર બંધ કરી દીધા ને ઉતરેલા ચહેરે ચંબુ થયો રીટર્ન. ને રમણલાલ બગડ્યા :

‘અરે પેટ્રોલ કે ગેસ વગર ધોયેલા મૂળા જેવો પાછો? તે મારું નામ નઈ દીધું હોય.’

‘અરે હોય શેઠ. મેં કીધું કે રમણલાલે આખા ગામનું કરી નાખ્યું.’

‘હે...’ રમણલાલનો ચહેરો તરડાયો

‘સોરી. આખા ગામ માટે શું શું નથી કર્યું. આ વર્ષે નળ ને આવતા વર્ષે પાણીનું વચન આપ્યું ... આ વર્ષે બ્રીજ ને આવતા વર્ષે નદી બનાવી(!) આપવાનું...’

‘ચિંતા ન કરો શેઠ, આ ચંબુડાને બુદ્ધિ ઉછીની આપવી પડે. ચાલો હું ટ્રાય કરું’ એટલું બોલી હું ઉપડ્યો ને બે કલાકમાં તો બે મોટા ટ્રંક પેટ્રોલ ને બે મોટા ગેસ સિલિન્ડર હાજર...

‘વાહ વાહ મારા સુભાષીયા’ રમણલાલ ખુશ થઈ બોલ્યા ‘મને સમજાવ તો ખરા આટલી તંગીમાં આટલું પેટ્રોલ ને ગેસના સિલિન્ડર..’

‘અરે શેઠ. તમે મમમમથી કામ રાખોને ટપટપનું શું કામ છે? ગામવાળા તો હજી આપવા તૈયાર હતાં મેં કીધુ જરૂર પડશે તો જરૂર આવીશ ને ગામવાળા તો રાજી થતા બોલ્યા ‘મુંઝાતો નઈ ગેસની તંગીમાં પણ આવા સત્કાર્ય માટે પાછા નઈ પડીએ અમારો સંપૂર્ણ સહકાર છે.’

‘પણ તારી વાણીમાં એવો તે કેવો જાદુ હતો કે...’

‘શેઠ, થોડું ભેજુ દોડાવવું પડે. ગુસ્સો ને દુખ ન થાય તો કઉં...’

‘અલ્યા ડોબા, તે આટલું સરસ કામ કર્યું ને હું ગુસ્સે થતો હોઈશ.’

‘તો સાંભળો શેઠ,ગામમાં જઈ બધાને કીધું આ ઈઝરાયલ-અમેરિકા ને ઈરાનના યુદ્ધમાં આપણા નેતા રમણલાલગુજરી ગયા છે. એમની લાશ આવી રહી છે. પણ લાશને બાળવા માટે પેટ્રોલ જોઈએ છે. તમારી પાસે ગેસસિલિન્ડર હશે તો પણ ચાલશે. તમે જ બોલો શેઠ, કોઈ ઇનકાર કરે?’

બોલો, શું કહો છો? ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# ડુંગળી

## ગરમીથી બચવાનો સરળ ઉપાય

ગરમીની શરૂઆત થઈ ગઈ છે. ધીમે ધીમે તાપ આકરો બનવા લાગશે. ગરમીના દિવસોમાં શરીરને તાજગી સભર રાખવું કસોટી સમાન છે. વારંવાર ઠંડા પીણાં, ઘરે બનાવેલો બરફનો ગોળો કે પછી રસદાર ફળોનું સેવન કરવું જરૂરી બની જાય છે. અનેક વખત ગરમીમાં નાના-મોટા પ્રત્યેકને લૂ લાગી જતી હોય છે. જેને કારણે શરીરમાં નબળાઈ, પાણીની અછત, નસકોરી ફૂટવી, ચક્કર આવવા, ઉલટી-પિત્તની સમસ્યા સર્જાય છે. તેનાથી બચવું હોય તો એક સરળ ઉપાય છે. કાચી ડુંગળીનું સેવન ગરમીમાં ખાસ કરવું જોઈએ. કાચી ડુંગળી કાપતી વખતે આંખોમાંથી પાણી નીકળવા લાગે છે. તેનું મુખ્ય કારણ ડુંગળીમાં રહેલી સલ્ફરની માત્રા.

કાચી ડુંગળીનું સેવન કરવાથી શરીરમાં પ્રવાહીની માત્રા જળવાઈ રહે છે. શરીરનું તાપમાન જળવાઈ રહે છે. ડુંગળીમાં રહેલું ક્વેરસેટિન ફેંફસાના કૅન્સરની કોશિકાને વધતાં રોકવામાં મદદ કરે છે.

ડુંગળીનું સેવન વર્ષભર કરવામાં આવે તો ધીમે ધીમે શરીરનું તાપમાન કોઈપણ સંજોગોમાં સમાન રહે છે. ડુંગળી એક એવું શાક છે, જેનું સેવન સંપૂર્ણ વર્ષભર કરી શકાય છે. ડુંગળીનું સેવન વિવિધ રીતે કરી શકાય છે. જેમ કે કાચી ડુંગળીની પાતળાં પતીકાં બનાવીને સલાડ તરીકે, ડુંગળી-ટામેટાંનું કચુંબર કે રાઈતું બનાવીને ખાઈ શકાય છે. ડુંગળી-કાચી કેરીનું છીણ બનાવીને કે ઝીણાં ટુકડા કરીને તૈયાર કરવામાં આવતું કચુંબર ઉનાળામાં સ્વાદની સાથે સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. ડુંગળીનો ઉપયોગ વિવિધ શાક કે કઠોળ બનાવતી વખતે કરી શકાય છે. ડુંગળીના પરાઠા, ડુંગળીનું ચણાના લોટવાળું શાક બનાવીને ખાઈ શકાય છે. ગરમીમાં કાચી ડુંગળીનું સેવન કરવાથી વિશેષ લાભ થાય છે. કેમ કે ડુંગળીમાં ઍન્ટિ-ઓક્સિડન્ટના ગુણો, વિટામિન સીની માત્રા ભરપૂર પ્રમાણમાં સમાયેલી હોય છે. જેને કારણે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે. ડુંગળીને વિવિધ રીતે ખાઈ શકાય છે. કાચી, તેની ગ્રેવી બનાવીને, પુલાવ કે બિરયાનીમાં તેને તળીને ઉપયોગમાં લેવામાં આવે છે. જે 'બરિસ્તા'ના નામે ઓળખાય છે.

તેથી જ વડીલો સદાય કહેતાં કે ગરમીમાં લૂથી બચવું હોય તો એક કાચી ડુંગળી સવારના ભોજનમાં અવશ્ય ખાવી જોઈએ. કાચી ડુંગળીનું સેવન કરવાથી શરીરમાં પાણીની માત્રા જળવાઈ રહે છે. શરીરનું તાપમાન નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. ડુંગળીમાં સલ્ફર તથા એલિસિન નામક સત્ત્વ ભરપૂર માત્રામાં સમાયેલું હોય છે. જેને કારણે ઉનાળાની કાળઝાળ ગરમીમાં શરીરમાં રહેલી ગરમીની માત્રા નિયંત્રિત રહે છે.



### ડુંગળીનું સેવન કરવાથી શરીરને થતાં વિવિધ લાભ:

**શરીરના સોજા ઘટાડવામાં મદદરૂપ :** ડુંગળીમાં સોજાને નિયંત્રણમાં રાખે તેવા ગુણો છે. ઍન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણોથી ભરપૂર હોવાથી ડુંગળીનું સેવન કરવાથી સોજાને કારણે શરીરમાં થતા કળતરથી રાહત મળે છે. ક્વેરસેટિન નામક ઍન્ટિ-ઓક્સિડન્ટની માત્રા ડુંગળીમાં હોવાથી શરીરના વિવિધ અંગો ઉપર રહેતાં સોજાને ઓછા કરવામાં મદદ કરે છે. શરીરમાં સોજા બનાવતાં વાત-પિત્ત-કફની માત્રા ઘટાડવામાં મદદ કરે છે.

**પાચન સુધારવામાં ગુણકારી :** ગરમીમાં પાચનશક્તિને સુધારવી હોય તો ડુંગળીનું સેવન કરવું જોઈએ. તેનું મુખ્ય કારણ ડુંગળીમાં ફાઈબરની માત્રા વધુ હોય છે. જે લાંબા સમય સુધી પેટને ભરેલું રાખે છે. ગેસ, અપચો, એસિડિટીથી રાહત મળે છે.

**લૂથી બચાવે છે :** લૂથી બચવામાં કાચી ડુંગળીનું સેવન અથવા તો નાની ડુંગળી ખિસ્સામાં રાખવાથી લૂથી બચી શકાય છે. ડુંગળીમાં ઍન્ટિ- કાર્સિનોજેનિક, ઍન્ટિ-ઓક્સિડન્ટ, ઍન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણો સમાયેલાં હોય છે. જે શરીરને લૂથી બચાવવાની સાથે શરીરને તાજગીસભર બનાવી રાખવામાં મદદ કરે છે. અનેક લોકો ગરમીથી બચવા ડુંગળી તથા કડવા લીમડાનો રસ શરીર ઉપર લગાવીને ઘરની બહાર નીકળવાનું પસંદ કરે છે.

**ગરમીમાં ઈલેક્ટ્રોલાઈટની સમતુલા જાળવી રાખવામાં લાભકારી :** ગરમીને કારણે વ્યક્તિને અઢળક પરસેવો થતો હોય છે. જેને કારણે શરીરમાંથી પાણી ઘટવા લાગે છે. યોગ્ય કાળજી રાખવામાં ન આવે તો ડિહાઈડ્રેશનની સમસ્યા ઊભી થાય છે. ડુંગળીમાં કુદરતી ઠંડક મળે તેવાં ગુણો સમાયેલાં હોય છે. જે શરીરના તાપમાનને જાળવી રાખવામાં મદદ કરે છે. ડુંગળીમાં રહેલું સલ્ફર શરીરને ઠંડક પહોંચાડવામાં મદદ કરે છે. રસદાર ડુંગળીમાં પોટેશિયમની માત્રા ભરપૂર પ્રમાણમાં સમાયેલી હોય છે. જે શરીરની તંદુરસ્તી જાળવી રાખવામાં મદદ કરે છે.

**હૃદયની તંદુરસ્તી જાળવવામાં ગુણકારી :** ઉનાળામાં ગરમીનું પ્રમાણ વધી જતું હોય છે. આવા સંજોગોમાં હૃદયને શરીરનું તાપમાન જાળવી રાખવામાં વધુ મહેનત કરવી પડતી હોય છે. ડુંગળીમાં સલ્ફર નામક કમ્પાઉન્ડની માત્રા વધુ હોય છે. જેને કારણે શરીરમાં લોહીનું પરિભ્રમણ સરળતાથી થાય છે. બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખવામાં ડુંગળીનું સેવન લાભકારક ગણાય છે.

**ત્વચા તથા વાળ માટે ગુણકારી :** કાચી ડુંગળીનું સેવન કરવાથી ત્વચા તથા વાળના આરોગ્યમાં સુધારો જોવા મળે છે. જેમ કે ડુંગળીમાં રહેલી સલ્ફરની માત્રા ત્વચાને ચમકદાર બનાવે છે. વાળની મજબૂતાઈ જાળવી રાખવામાં કાચી ડુંગળીનો રસ માથામાં લગાવવાથી ફાયદો થાય છે. વાળ ખરતાં હોય અથવા વાળમાં ખોડો વારંવાર થતો હોય તો કાચી ડુંગળીનો રસ માથામાં લગાવવાથી અચૂક ફાયદો થાય છે. હવે તો મોટી મોટી કંપનીઓ વાળની સમસ્યાથી રાહત મેળવવા ડુંગળીનો શેમ્પૂ વેચવા લાગી છે.

**ડાયાબિટીસમાં ડુંગળી ગુણકારી :** કાચી ડુંગળીનું સેવન ડાયાબિટીસની સમસ્યામાં લાભકારી ગણાય છે. કેમ કે ડુંગળીનું સેવન કરવાથી લોહીમાં ઈન્સ્યુલિનનું સ્તર જાળવી રાખવામાં મદદ મળે છે. શરીરની શક્તિ વધારવાની સાથે કાચી ડુંગળીનું સેવન પેશાબની સમસ્યામાં ગુણકારી ગણાય છે. ડુંગળીના રસનું સેવન નવશેકા પાણી સાથે કરવાથી પેશાબ અટકી અટકીને આવતો હોય તેમાં રાહત મળે છે.

### લચ્છા ડુંગળીનો સલાડ



૨ નંગ ડુંગળી, ૧ ચમચી લીંબુનો રસ, સ્વાદાનુસાર સંચળ, ચપટી લાલ મરચાંનો પાઉડર, ૧ નાની ચમચી કોથમીર, ૧ નાની ચમચી ફુદીનાના પાન.

**બનાવવાની રીત :** ડુંગળીને એક સરખી પાતળી લાંબી કાપી લેવી. તેમાં સ્વાદાનુસાર સંચળ, કોથમીર, ફુદીનાના પાન ઝીણાં કાપેલાં, લીંબુનો રસ તથા મરચાંનો પાઉડર ભેળવવો. બરાબર ભેળવીને ગરમાગરમ રોટલી, બાજરીના રોટલા કે ભાખરી સાથે ખાવાનો આનંદ અલગ ને જરા હટકે મળે છે.

### ડુંગળી વિશેની કેટલીક અજબ-ગજબ વાતો

**ડુંગળીનો ઉપયોગ વિનિમય તરીકે :** મધ્ય યુગમાં ડુંગળીનો ઉપયોગ વસ્તુઓ તથા સેવાના વિનિમય માટે નાણાં તરીકે કરવામાં આવતો. ઉધાર વસ્તુનો વિનિમય કરવા માટે ડુંગળીનો અચૂક ઉપયોગ કરવામાં આવતો.

**ગંભીર બીમારીમાં ઉપયોગી ઉપચાર :** અમેરિકી સરકાર દ્વારા પ્રકાશિત થયેલાં એક સંશોધન દ્વારા મળેલી જાણકારી અનુસાર ડુંગળીમાં ક્વેરસેટિન નામક સમૃદ્ધ સ્રોત છે. ક્વેરસેટિન ફેંફસાના કૅન્સરની કોશિકાઓને વધતી રોકે છે. ડુંગળીનું સેવન મોતિયાબિંદુની તકલીફમાં ઉપયોગી ઉપચાર ગણાય છે.

**પાળેલાં શ્વાનને ડુંગળી કદી ન ખવડાવવી :** પાળેલાં શ્વાનને ડુંગળી ખવડાવવાથી તેને ઍનિમિયાની તકલીફ થઈ શકે છે. શ્વાનની રક્તકોશિકાને પ્રભાવીત કરે છે. ક્યારેક જાનલેવા બની શકે છે. શ્વાનને શરીરમાં નબળાઈ, ઉલ્ટી કે ભૂખ ન લાગવા જેવાં લક્ષણો દેખાવા લાગે છે.

**વિશ્વની સૌથી મોટી ડુંગળી :** ગિનીઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડસ મુજબ દુનિયાની સૌથી મોટી ડુંગળી બ્રિટેનની હૈરોગેટ કે ટોની ગ્લોવરને ઉગાડી હતી. ગ્લોવરે ૮.૫ કિલોગ્રામની એક મોટી ડુંગળીનો પાક લઈને ૨૦૧૪માં વિશ્વ રેકાર્ડ બનાવ્યો હતો.

**ડુંગળી શક્તિવર્ધક ગણાય છે :** પ્રાચીન યૂનાની વિદ્યા મુજબ ડુંગળીનું સેવન કરવાથી વ્યક્તિમાં શક્તિનો સંચાર થાય છે. તેથી જ યુદ્ધ પહેલાં તથા યુદ્ધ દરમિયાન સૈનિકોને ડુંગળી ખવડાવવામાં આવતી હતી. કેમ કે ડુંગળીમાં ઍન્ટિ-ઓક્સિડન્ટના ગુણો સમાયેલાં છે. જે સૈનિકોની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરી શકે છે.

**પ્રાચીન ઉત્પત્તિ :** પુરાતત્ત્વવિદો દ્વારા કરેલી નોંધ મુજબ ડુંગળીની ઉત્પત્તિ ૫ હજાર ઈસા વર્ષ પૂર્વ થઈ હતી. કાંસ્ય યુગની વસતીમાં ડુંગળીના અવશેષો મળી આવ્યા હતા.

**મિસ્રવાસી ડુંગળીની પૂજા કરતા હતા :** પ્રાચીન મિસ્રવાસી ડુંગળીની પૂજા કરતા હતા. ડુંગળીમાં રચાયેલાં સ્વકેન્દ્રિત ચક્રો જીવનચક્રના પ્રતીક ગણવામાં આવતાં. તેમનું દૃઢ માનવું હતું કે ડુંગળીમાં જાદુઈ શક્તિ સમાયેલી હોય છે. જે પરલોકમાં દેવતાઓને પ્રસન્ન કરવામાં સહાયક બનતી. તેથી જ શાસકોના શબની સાથે અસલી માટી કે લાકડીથી બનાવેલી ડુંગળી રાખવામાં આવતી.


ડુંગળીને ગરીબોની કસ્તુરી ગણવામાં આવે છે. કેમ કે તેનું સેવન કરવાથી સાદા ભોજનમાં મીઠાશ ભરાઈ જાય છે. શરીરને ઓછા ખર્ચે શક્તિવર્ધક બનાવે છે. જેથી સરકાર દ્વારા તેના ભાવ ઉપર નિયંત્રણ રાખવામાં આવે છે. આજે પણ ભારતમાં અનેક પરિવારો સવારનું શિરામણ હોય કે રાત્રિનું વાળું કરતી વખતે બાજરીના, જુવારના કે મકાઈના રોટલા સાથે ડુંગળી-લીલા મરચાંનો ઉપયોગ કરે છે.

ભારતમાં ડુંગળીની ખેતી સૌથી વધુ મહારાષ્ટ્રમાં થાય છે. વર્ષમાં બે વખત ડુંગળીનો પાક મળે છે. એક નવેમ્બરમાં બીજો મે માસની શરૂઆતમાં. ભારતમાંથી ડુંગળીની નિકાસ પાકિસ્તાન શ્રીલંકા, બાંગ્લાદેશ વગેરે દેશોમાં કરવામાં આવે છે. ભારતમાં કુલ ૨૮૭ હજાર હૅક્ટરમાં ડુંગળીનું ઉત્પાદન થાય છે. ૨૪૫૦ હજાર ટન ઉત્પાદન પ્રાપ્ત થાય છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા

## પ્રાથમિક સારવાર શ્રેણી

# જીવજંતુઓ તથા પ્રાણીઓના ડંખમાં સારવાર



### મધમાખીનો ડંખ

**મધમાખી પાછળ પડી હોય ત્યારે તેનાથી બચવાના ઉપાયઃ**

* પવનથી વિરુદ્ધ દિશામાં દોડવું. કેમ કે, મધમાખીની સામાન્ય સ્પીડ કલાકે ૨૪થી ૩૨ કિ. મી. હોય છે, પરંતુ જ્યારે તેને પવનથી વિરુદ્ધ દિશામાં ઊડવાનું થાય ત્યારે તેની સ્પીડ તેનાથી અડધી થઇ જાય છે.
* વાંકા-ચૂકા નહીં, પરંતુ સીધા દોડવું. કેમ કે, વાંકા-ચૂકા દોડવાથી આપણી સ્પીડ ઘટી જાય છે, પરંતુ મધમાખીની સ્પીડ ઘટતી નથી.
* મકાનની અંદર જવાનું શકય હોય તો તળાવ કે નદી જેવા કોઇ જળાશયોમાં ન પડવું.
* ઘારે રંગીન કપડાં, ઘરેણાં અને અત્તરની સુગંધ મધમાખીને આપણા તરફ વધારે આકર્ષે છે. માટે તેવા સમયે સાવધાની રાખવી.
* શક્ય હોય ત્યાં સુધી મોઢાને ઢાંકીને રાખવું.

**મધમાખી કરડી હોય તેના એલર્જી-રિએકશનનાં લક્ષણ :**

* શ્વાસ લેવામાં તકલીફ પડવી.
* ડંખની જગ્યાની ચામડી લાલ થઇ જવી અને સોજો ચડવો.
* મોઢા અને ગળા ઉપર સોજો આવવો.
* આખું શરીર સોજી જવું અને ખંજવાળ આવી શકે.
* બ્લડપ્રેશર ઘટી જવું.

### સાવધાની

* જો મધમાખીના ડંખથી અહીં દર્શાવેલાં રિએકશનનાં લક્ષણ જણાતા હોય તો તરત જ ચિકિત્સક પાસે જઇ યોગ્ય સારવાર લેવી.
* મધમાખીને કોઇ પણ હેતુથી જાણી જોઇને છંછેડવી નહીં.
* જ્યાં મધમાખી કરડી હોય ત્યાં હાથથી ચોળવું, ખંજવાળવું કે ઘસવું નહીં.

### મધમાખી કરડી હોય તો...

૧) મધમાખીનો કાંટો શક્ય હોય તેટલો જલદી કાઢી નાખવો. જેટલો જલદી કાંટો કાઢવામાં આવે તેટલું તેનું ઝેર શરીરમાં ઓછું પ્રસરશે.
૨) મધમાખી કરડી હોય તે જગ્યાએ તરત જ તુલસીના પાનને મસળીને તેનો રસ લગાડવો અને ૧૦-૧૫ તુલસીના પાન ચાવી જવા.
૩) ખાવાના સોડા જરાક પાણીમાં ઓગાળીને ડંખ પર વારંવાર લગાવવા.
૪) મધમાખી કરડી હોય ત્યારે ડંખ પર આ લગાડી શકાય... મીઠું, મીઠા લીમડાનો રસ, કપડાની અંદર બરફના ટુકડાઓ, કુંવારપાઠું, ટૂથપેસ્ટ, મધ, બટેકાના ટુકડા, પપૈયાની ચીર વગેરે ૧૫-૨૦ મિનિટ હળવા હાથે ઘસવા-લગાવવા.
૫) ચીકણી માટી થોડાં પાણી સાથે ભેગી કરી ડંખ પર લગાવવી.

### કૂતરું કરડે તો તેની પ્રાથમિક સારવાર




૧) સહુ પ્રથમ જયાં કૂતરું કરડયું હોય ત્યાં સાબુ અને પાણીથી વ્યવસ્થિત સાફ કરી, પાટાથી વીંટાળી દેવું,
૨ ) જો વધારે લોહી નીકળતું હોય તો તે ભાગને પાટાથી દબાવી રાખવો.
૩) હોસ્પિટલમાં ચિકિત્સક પાસે જઇ યોગ્ય સારવાર લેવી.

### સાવધાની...

* કૂતરાઓ જયારે ખાતા, ઝઘડતા, સૂતા કે મૈથુન કરતા હોય ત્યારે કાંઇ પદાર્થ મારીને વિક્ષેપ ન કરવો, તેમ કરવાથી તેઓ ગુસ્સે થઇ આપણા પર હુમલો કરીને કરડી શકે છે.
* કૂતરાની નજીક દોડવું નહીં, કૂતરાની આંખોમાં સીધું જોવું નહીં, જો કૂતરું તમારી નજીક આવે તો ત્યાં જ સ્થિર થઇ જાવું. મોટા ભાગના કૂતરાઓ તમને સૂંઘીને જતા રહેશે.

### સર્પનો ડંખ વખતે...



સર્પ કરડયો હોય તેની પ્રાથમિક સારવારઃ

૧) દર્દીઓ અથવા સાથેની વ્યક્તિએ સર્પના ડંખના ઘાનું અવશ્ય નિરીક્ષણ કરી લેવું, જેથી સર્પડંખની ગંભીરતાનો ખ્યાલ આવી શકે.



ઝેરી સાપનો દંશ -નિર્વિષ સાપનો દંશ

૨) જખમી વ્યકિતને જમીન પર સીધો સુવડાવી દેવો. તેને હલન-ચલન કરવાનું બંધ કરાવી દેવું.
૩) શરીર પર પહેરેલા ફીટ કપડાં તથા ઇજાના ભાગવાળા અંગના ઘરેણાં વગેરે કાઢી નાખવા.
૪) સર્પ કરડયો હોય ત્યારે જખમીને અહીં દર્શાવેલ રીત મુજબ તરત જ પાટો બાંધવો.

### સાપ કરડયો હોય ત્યારે પાટો બાંધવાની રીત

૧) જે અંગમાં સાપ કરડયો હોય તે અંગમાં નીચેથી પાટો બાંધવાનું શરૂ કરવું.
૨) પાટો ખૂબ જ દબાણથી બાંધવો.
૩) પાટો શકય હોય તેટલો ઊંચે સુધી બાંધવો.
૪) ઇજાગ્રસ્ત પગમાં ખપાટ મૂકવી.
૫) પાટો બાંધ્યા બાદ તુરંત જ ચિકિત્સક પાસે જઇ યોગ્ય સારવાર લેવી.

### સર્પ કરડયો હોય ત્યારે શું ન કરવું ?

* જયારે સર્પ કરડયો હોય ત્યારે જખમીએ કોઇ પ્રકારના ભયમાં કે ટેન્શનમાં આવી જવું નહીં. કારણકે, ઘણાં લોકોને ઝેરી સાપ કરડયો ન હોય છતાં પણ ઝેરના ડરથી જ મૃત્યુ પામી જતા હોય છે.
* જયાં સર્પ કરડયો હોય તે ભાગને કાપવો નહીં કે બરફથી ઘસવો નહીં.
* મોઢેથી સર્પનું ઝેર ચૂસીને કાઢવાનો પ્રયત્ન કરવો નહીં.
* જખમીને તે સમયે કાંઇ ખાવા-પીવાનું આપવું નહીં.
* કોઇ પણ પ્રકારની ટયૂબ કે લોશન લગાવવું નહીં.

****

* કોઇ પણ પ્રકારના ઝેરી જાનવર કે જીવજંતુ કરડે ત્યારે તેના ડંખ પર પોતાનો પેશાબ કરવાથી બહુ જ ફાયદો થાય છે.
* જો પુરુષને સર્પ કરડયો હોય તો બીજા પુરુષનું અને સ્ત્રીને સર્પ કરડયો હોય તો બીજી સ્ત્રીનું મૂત્ર પીવડાવવું.
* ૨૫૦ ગ્રામ શુદ્ધ ઘીને ગરમ પ્રવાહીરૂપ કરી દર્દીને વારંવાર પીવડાવવું. જેથી ઝાડા-ઊલટી થઇ ઝેર નીકળી જશે.
* દર્દીને વારંવાર ઊલટી કરાવવી. જો કડવા લીમડાના પાન દર્દીને મીઠા લાગે તો તેને ઝેરની અસર છે તેમ સમજવું. પાન કડવા ન લાગે ત્યાં સુધી વારંવાર ચવરાવ્યા કરવા.
* કરડેલા ભાગમાં તુલસીના પાનનો રસ વારંવાર લગાડવો.
* કરડેલા ભાગમાં ત્યાં સુધી આંકડાનું દૂધ ભરતા રહો, જયાં સુધી તે ભાગ દૂધ ચૂસવાનું બંધ ન કરે.
* કુતરિયા નામના ઘાસને મૂળ સહિત વાટીને તેનો રસ કાઢી ડંખ ઉપર તથા આસપાસ લગાડવો. આંખ તેમ જ નાકમાં પણ તે રસના ટીપાં નાખવાં અને તેના રસમાં સાકર નાખી ચમચી-ચમચી રસ દર બે કલાકે પીવડાવવો.
* કેળના થડનો રસ એક કપ જેટલો વારંવાર પીવડાવવો.
* વટાણાના મૂળ વાટીને પાવા અને ડંખ ઉપર તેનો લેપ કરવો.




### નોંધ :

શકય હોય ત્યાં સુધી દર્દીને તુરંત જ હૉસ્પિટલ લઇ જવો. અહીંયા દર્શાવેલ ઉપચારો કોઇ વિકલ્પ ન હોય ત્યારે કરવા.

### વિષપાનના ઉપચારો :

* ૧૦ ગ્રામ વાટેલી રાઇ અને ૧૦ ગ્રામ મીઠું ગરમ પાણીમાં પાવાથી ઊલટી થઇ ઝેર બહાર નીકળી જાય છે.
* ૨૦થી ૪૦ ગ્રામ જેટલું મીઠું પાણીમાં મેળવીને પાવાથી તાત્કાલિક ઊલટી થઇ ઝેર બહાર નીકળી જાય છે.
* કોઇ પણ પ્રકારનું ઝેર પેટમાં ગયું હોય તો તુલસીનો રસ જેટલો પી શકાય તેટલો પીવાથી ઝેરનો દોષ નીકળી જશે.
* ઝેર પીધેલ વ્યક્તિને બને તેટલું ચોખ્ખું ઘી પાવું.
* જયાં સુધી ઊલટી થઇને વાદળી પિત્ત કે જેમાં ઝેર હોય છે, તે બહાર ન નીકળે ત્યાં સુધી વારંવાર લીમડાનો રસ પાઇને ઊલટી કરાવતાં રહેવું.

### નોંધ :

* શરીરમાંથી વિષ નીકળ્યા બાદ રોજ સાત દિવસ સુધી ગાજરનો રસ ૧૦૦-૨૦૦ મિ. લિ. પીવાથી શરીરમાં રહેલો પચ્યા વગરનો કચરો, ઝેરી તત્ત્વો અને નુકસાનકર્તા પદાર્થો શરીરમાંથી બહાર નીકળી જાય છે. ■

# માર્ચમાં કાતિલ ઠંડી, ભયંકર ગરમી અને ભારે વરસાદ પણ...

## શું છે મહિનામાં ત્રણેય ઋતુના અનુભવનું કારણ?

નવી દિલ્હીઃ ઉત્તર ભારતમાં હિમાલય પર થઈ રહેલી ભારે હિમવર્ષાના કારણે અત્યારે વરસાદી વાતાવરણ જોવા મળી રહ્યું છે. થોડા દિવસ પહેલા ગુજરાતના અનેક જિલ્લાઓમાં વરસાદ નોંધાયો હતો. પશ્ચિમી વિક્ષોભને માર્ચમાં પણ ઝડપથી ગરમી પર અંકુશ શરૂ કર્યો હતો. આવી સ્થિતિમાં ખાસ તો ખેડૂતો વધારે ચિંતત રહેતા હોય છે. ઉત્તર ભારતની વાત કરવામાં આવે તો, ગંગોત્રી, યમુનોત્રી, બદરીનાથ અને કેદારનાથ સહિત અનેક વિસ્તારો બરફથી ઢંકાયેલા છે. આ વિસ્તારમાં થયેલી હિમવર્ષાના કારણે હવામાન બદલાઈ રહ્યું છે.

ગુજરાતના અનેક જિલ્લાઓમાં વરસાદ નોંધાયો હતો

આ હિમવર્ષાના કારણે ઉત્તર પ્રદેશ, દિલ્હી, પંજાબ, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં ભારે પવન સાથે વરસાદ થયો છે. ઉનાળાની ઋતુમાં પણ ગરમીનો પારો નીચે ગયો છે, જેથી શહેરમાં રહેતા લોકોને ગરમીથી રાહત મળી હતી, પરંતુ ગામડાંમાં રહેતા ખેતી કરતા ખેડૂતોને વધારે હેરાન થવું પડી રહ્યું છે.

માર્ચનું હવામાન હવે ધીમે ધીમે ગરમીથી મિશ્ર હવામાન પરિસ્થિતિઓના તબક્કામાં બદલાઈ રહ્યું છે. વધારે વિગતે વાત કરવામાં આવે તો, પશ્ચિમી વિક્ષેપ પણ આમાં એક કારણ સાબિત થઈ રહ્યું છે. સતત સક્રિય પશ્ચિમી વિક્ષેપોને કારણે વાદળો, વરસાદ અને ઠંડા પવનો ઉત્તર અને મધ્ય ભારતમાં પહોંચી રહ્યા છે, જેના પરિણામે હવામાનની સ્થિતિમાં ફેરફાર થઈ રહ્યો છે. ■

## ‘હવામાનનું સંતુલન બગડ્યું, હજારો વર્ષ પરિણામ ભોગવવા પડશે’

જિનિવાઃ યુનાઇટેડ નેશન્સની ડબ્લ્યુએમઓ હવામાન અને આબોહવા એજન્સીએ તેના મુખ્ય સ્ટેટ ઓફ ધ ગ્લોબલ ક્લાઇમેટ વાર્ષિક અહેવાલમાં પુષ્ટિ આપી હતી કે અત્યાર સુધી નોંધાયેલા ૧૧ સૌથી ગરમ વર્ષો ૨૦૧૫ અને ૨૦૨૫ વચ્ચેના હતા.

ડબ્લ્યુએમઓ કહે છે કે ગ્રીનહાઉસ વાયુઓના પ્રમાણ ઓછામાં ઓછા ૮૦૦,૦૦૦ વર્ષોમાં તેમના ઉચ્ચતમ સ્તરે વધવાથી આ સંતુલન બગડ્યું છે.

યુએનએ સોમવારે ચેતવણી આપી હતી કે ૨૦૨૫માં પૃથ્વી પર ગરમીનું પ્રમાણ રેકોર્ડ સ્તરે પહોંચ્યું હતું, અને આવા ઉષ્ણતાના પરિણામો હજારો વર્ષો સુધી રહેવાની આશંકા છે.

વિશ્વ હવામાન સંગઠને જણાવ્યું હતું કે ગયા વર્ષે રેકોર્ડ પર બીજું કે ત્રીજું સૌથી ગરમ વર્ષ હતું, જે ૧૮૫૦-૧૯૦૦ના સરેરાશ તાપમાન કરતાં લગભગ ૧.૪૩ સેલ્સિયસ વધારે હતું.

યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે જણાવ્યું હતું કે માનવતાએ રેકોર્ડ પરના ૧૧ સૌથી ગરમ વર્ષોનો સામનો કર્યો છે. જ્યારે ઇતિહાસ ૧૧ વખત પોતાને પુનરાવર્તિત કરે છે, ત્યારે તે હવે સંયોગ નથી. તે કાર્ય કરવા માટેનું આહ્વાન છે. ■



**કૉલ્ડ સ્ટોરેજે જીવ લીધાઃ** પ્રયાગરાજમાં સોમવારે બપોરે કૉલ્ડ સ્ટોરેજ તૂટી પડતાં તેનાં કાટમાળ હેઠળ દબાઈ જવાને કારણે ચાર શ્રમીકનાં મોત થયા હોવા ઉપરાંત ૧૨ મજૂર ઘાયલ થયા હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમ જ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે ઘટના અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી હતી અને અસરગ્રસ્તોના પરિવારજનો પરત્વે સહાનુભૂતિ વ્યક્ત કરી તેમને આર્થિક સહાય પૂરી પાડવાની જાહેરાત કરી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી રિલિફ ફંડમાંથી ઈજાગ્રસ્તોને રૂ. ૫૦,૦૦૦ અને મૃતકના પરિવારજનોને બે લાખ રૂપિયા ફાળવવાની જાહેરાત કરી હતી. (એજન્સી)

# કાશ્મીરીઓ ઈરાનની મદદેઃ ઘરેણાં, ઈદીના પૈસાનું દાન

શ્રીનગરઃ અમેરિકા અને ઈઝરાયલના હુમલાને કારણે ભારતના મિત્ર દેશ ઈરાનમાં લોકોને મોટું નુકસાન પહોંચી રહ્યું છે, સામાન્ય જીવન જરૂરિયાતની વસ્તુઓની અછત સર્જાઈ છે. એવામાં કાશ્મીરના લોકો ઈરાનના લોકોની મદદે આવ્યા છે. બડગામ અને બારામુલ્લા સહીત કેટલાક જિલ્લાઓના રહેવાસીઓએ ઈરાનના લોકોને મદદ કરવા માટે માનવતાવાદી અભિયાન શરૂ કર્યું છે.

અહેવાલ મુજબ ઈદ-ઉલ-ફિતરની ઉજવણી બાદ કાશ્મીરના શિયા બહુમતી ધરાવતા વિસ્તારોમાં કેટલાક સ્વયંસેવકોએ ઈરાનમાં ભોગ બનેલા લોકો માટે રાહત સામગ્રી એકઠી કરવાનું અભિયાન ચલાવ્યું હતું. સ્વયંસેવકોએ ઘરે ઘરે જઈને દાનનું એકઠું કર્યું હતું, લોકોએ માત્ર રોકડા પૈસા જ નહીં પરંતુ સોના-ચાંદીના ઘરેણાં, પશુઓ, તાંબાનાં વસાણો અને અન્ય ઘરવખરી દાનમાં આપી.

ભારતમાં ઈરાની દૂતાવાસે તેના ઓફિશિયલ સોશ્યલ હેન્ડલ પર ફોટા અને વીડિયો શેર કર્યા અને ઉદારતા દાખવવા બદલ કાશ્મીરના લોકોનો આભાર માન્યો.

અહેવાલ મુજબ ઈરાન માટે કાશ્મીરના તમામ વર્ગના લોકોએ દાન આપ્યું હતું. સ્ત્રીઓએ તેમના અંગત સોનાના દાગીના અને કિંમતી ઘરવખરી દાન આપી. આ દર્શાવે છે કે ભારતના લોકો ઈરાનના લોકો સાથે ભાવનાત્મક રીતે કેટલા જોડાયેલા છે.

અહેવાલ મુજબ એક કાશ્મીરી વિધવા મહિલાએ તેના સ્વર્ગસ્થ પતિની યાદમાં ૨૮ વર્ષથી સાચવી રાખેલા સોનાનું સ્મૃતિચિહ્ન ઈરાન માટે દાનમાં આપી દીધું. કેટલાક લોકોએ તેમના પશુઓ દાનમાં આપ્યા. બાળકોએ પોતાની બચત અને ઈદ માટે મળેલા પૈસા દાનમાં આપ્યા. બડગામના વિધાનસભ્ય મુન્તઝીર મેહદીએ એક મહિનાનો પગાર દાનમાં આપવાનું વચન આપ્યું. ■

## અમેરિકાની કડક વિઝા નીતિની ભારત-ચીન પર સૌથી વધુ અસર

વૉશિંગ્ટનઃ અમેરિકાની કડક વિઝા નીતિની ભારત-ચીન પર સૌથી વધુ અસર જોવા મળી રહી છે. વર્ષ ૨૦૨૪ની સરખામણીએ વર્ષ ૨૦૨૫ના પ્રથમ આઠ મહિના એટલે કે જાન્યુઆરીથી ઑગસ્ટ સુધીમાં ટ્રમ્પ વહીવટી તંત્રએ ૨.૫ લાખ ઓછા વિઝા મંજૂર કર્યા હોવાનું પ્રસાર માધ્યમના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.

એ જ પ્રમાણે અમેરિકાના વિદેશ ખાતાએ આ સમયગાળામાં ૧૧ ટકા ઓછા પરમેનન્ટ રેસિડન્ટ અને ટેમ્પરરી વિઝા મંજૂર કર્યા હોવાનું બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

સામાન્ય રીતે આ વિઝા વિદ્યાર્થીઓ, વર્કરો તેમ જ નાગરિકોના પરિવારના સભ્યો અને કાયદેસર વસવાટ કરતા લોકોને આપવામાં આવે છે. (એજન્સી) ■

# પાકિસ્તાનની સિદ્ધિઓથી ચીન ખુશઃ શી જિનપિંગ

બેઇજિંગઃ ચીનના પ્રમુખ શી જિનપિંગે સોમવારે પાકિસ્તાનની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડતાનું રક્ષણ કરવા બદલ પ્રશંસા કરી હતી. તેમ જ તેમણે ચીન પાકિસ્તાનની સામાજિક વિકાસ સિદ્ધિઓથી ખરા હ્રદયથી ખુશ હોવાનું કહ્યું હતું.

જિનપિંગે પાકિસ્તાન દિવસ નિમિત્તે તેમના સમકક્ષ આસિફ અલી ઝરદારીને લખેલા સંદેશમાં આ વાત કહી હતી. તેમણે કહ્યું કે લાંબા સમયથી પાકિસ્તાનની સરકાર અને લોકોએ દ્રઢતાપૂર્વક રાષ્ટ્રીય સાર્વભૌમત્વ, સ્વતંત્રતા, પ્રાદેશિક અખંડિતતા અને રાષ્ટ્રીય ગરિમાનું રક્ષણ કર્યું છે. પાકિસ્તાને વિવિધ જોખમો અને પડકારોનો સામનો કર્યો છે, રાષ્ટ્રીય વિકાસને આગળ વધાર્યો છે અને પ્રાદેશિક શાંતિ, સ્થિરતા તથા વિકાસમાં યોગદાન આપ્યું છે.

જિનપિંગે વધુમાં જણાવ્યું કે એક નજીકના મિત્ર તરીકે ચીન પાકિસ્તાનની વિકાસ સિદ્ધિઓથી ખરા હ્રદયથી ખુશ છે. તેમજ ચીન દ્વિપક્ષીય સંબંધોના વિકાસને ખૂબ મહત્વ આપે છે. તેમણે કહ્યું કે આ વર્ષ ચીનની ૧૫મી પંચવર્ષીય યોજનાની શરૂઆત અને ચીન તથા પાકિસ્તાન વચ્ચે રાજદ્વારી સંબંધોની ૭૫મી વર્ષગાંઠનું પ્રતીક છે.

ચીન પ્રમુખ શી જિનપિંગે આશા વ્યક્ત કરી કે બંને પક્ષો તેમની પરંપરાગત મિત્રતાને આગળ વધારશે, વ્યૂહાત્મક સંચાર અને વિકાસ વ્યૂહરચનાઓનું સંકલન વધારશે અને આધુનિકીકરણના પોતપોતાના માર્ગો પર સાથે મળીને આગળ વધશે. ■

# ક્યાં છે મોજતાબા ખામનેઈ?

## સીઆઈએ અને મોસાદ પણ અસમંજસમાંઃ ઈરાની સુપ્રીમ લીડર સતત ઠેકાણાં બદલતા હોવાનું કહેવાય છે

દુબઈઃ ઇરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનઈની આસપાસનું રહસ્ય ઘેરું બની રહ્યું છે. આ વાત ત્યારે સામે આવી છે જ્યારે સીઆઈએ અને મોસાદ સહિતની વૈશ્વિક ગુપ્તચર એજન્સીઓ તેમના ઠેકાણા અને તહેરાનમાં ચાલી રહેલા સંઘર્ષમાં તેમની ભૂમિકા પર નજીકથી નજર રાખી રહી છે. તેમના પિતા અલી ખામેનીની ૯ માર્ચે હત્યા બાદ, સત્તા સંભાળ્યા પછી, મોજતબા મોટાભાગે જાહેર દૃષ્ટિથી દૂર રહ્યા છે. નવરોઝના લેખિત નિવેદન અને તાજેતરમાં પ્રકાશિત થયેલા એક વિડીઓ સિવાય, જેમાં તેમને ધાર્મિક અભ્યાસ શીખવતા દર્શાવવામાં આવ્યા છે, તેમણે કોઈપણ વ્યક્તિગત અથવા પૂર્વ-રેકોર્ડેડ દેખાવાનું ટાળ્યું છે. ટેલિગ્રામ પરના તેમના નવરોઝ સંદેશમાં, મોજતબાએ રાષ્ટ્રીય એકતા માટે હાકલ કરી હતી અને દાવો કર્યો હતો કે ઈરાને દુશ્મનને હરાવી દીધો છે. ઈરાની અધિકારીઓ દ્વારા તેમની સાથે રૂબરૂ મુલાકાતો સુનિશ્ચિત કરવાના નિષ્ફળ પ્રયાસો જેવા પુરાવા સૂચવે છે કે મોજતબા જીવંત છે પરંતુ કડક સુરક્ષા હેઠળ છે. ઇઝરાયલી અધિકારીઓએ પણ ચેતવણી આપે છે કે ઈરાનના ટોચના નેતાઓ ભાગેડુઓની જેમ કાર્ય કરી રહ્યા છે, સલામત ઘરો વચ્ચે ફરતા રહે છે અને ડિજિટલ સંદેશાવ્યવહાર ટાળી રહ્યા છે. ■

# એટલાન્ટા એરપોર્ટ પર ફેડરલ ઈમિગ્રેશન એજન્ટ તહેનાત

એટલાન્ટાઃ સોમવારે સવારે, હાર્ટ્સફીલ્ડ ‘‘જેક્સન એટલાન્ટા ઇન્ટરનેશનલ એરપોર્ટ’’ પર વ્યસ્ત લાઇનો પાસે એસોસિએટેડ પ્રેસ દ્વારા કેટલાક ફેડરલ એજન્ટો જોવા મળ્યા હતા. આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ફેડરલ એજન્ટો નિયમિત હાજર હોય છે, જ્યાં કસ્ટમ્સ અને બોર્ડર પ્રોટેક્શન અધિકારીઓ આવતા મુસાફરોની તપાસ કરે છે અને હોમલેન્ડ સિક્યુરિટી ઇન્વેસ્ટિગેશન એજન્ટો દાણચોરી, ટ્રાફિકિંગ અને છેતરપિંડી સાથે જોડાયેલા ફોજદારી કેસોનું સંચાલન કરે છે.

હાલમાં અસામાન્ય બાબત એ છે કે ટીએસએ સુરક્ષા ચેકપોઇન્ટ્સ પર તેમની દૃશ્યતા, જે ભૂમિકા સામાન્ય રીતે ફેડરલ તપાસકર્તાઓને બદલે પરિવહન સુરક્ષા અધિકારીઓ દ્વારા સંભાળવામાં આવે છે.

પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ દેશભરમાં સુરક્ષા ચોકીઓ પર લાંબી લાઇનો ઉભી કરનારા સરકારી શટડાઉન દરમિયાન ટ્રાન્સપોર્ટેશન સિક્યુરિટી એડમિનિસ્ટ્રેશનને પૂરક બનાવવા માટે એજન્ટો તૈનાત કરશે.

ગયા મહિને કોંગ્રેસ ડીએચએસ ભંડોળ રિન્યૂ કરવામાં નિષ્ફળ ગઈ ત્યારથી ટીએસએ, યુએસ સિક્રેટ સર્વિસ અને કોસ્ટ ગાર્ડ સહિત સેંકડો હજારો હોમલેન્ડ સિક્યુરિટી કર્મચારીઓએ પગાર વિના કામ કર્યું છે.

ટ્રમ્પે રવિવારે કહ્યું હતું કે તેઓ ફેડરલ ઇમિગ્રેશન એજન્ટોને એરપોર્ટ પર એક્ઝિટ લેનનું રક્ષણ કરીને અથવા પેસેન્જર આઈડી તપાસીને ટીએસએને મદદ કરવા આદેશ આપશે સિવાય કે ડેમોક્રેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીને ભંડોળ આપવા સંમત થાય. ■

---

# ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ખિતાબ | OPPOSE |
| ખિદમત | ANGRY |
| ખિજાવું | TITLE |
| ખિલાફ | MIXED |
| ખિચડિયું | SERVICE |

## માતૃભાષાની મહેક

ફરતા ફરતા તરણા ઘણાં થયા કહેવતમાં ઉદ્યમી માણસનો મહિમા ગાવામાં આવ્યો છે. ફરતા રહેવાથી, મતલબ કે પુરુષાર્થ કરવાથી અનેક લોકોને પોતાના હેતુમાં, કાર્યમાં સફળતા મળી હોય એવા અનેક ઉદાહરણ છે. ફરે તે ચરે ને બાંધ્યો તે ભૂખ્યો મરે કહેવતમાં પણ અસલ આ જ ભાવના વ્યક્ત થાય છે.

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ TRYPANOPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) કોશિશ
બ) પ્રયત્ન
ક) સોય
ડ) તલવાર

## ઈર્શાદ

તારા વિના જિવાય નહીં, એવું કંઈ નથી,
જીવ્યા છતાં મરાય નહીં, એવું કંઈ નથી.
-- ભગવતીકુમાર શર્મા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ■ | ૨ | | | ૩ | ■ | ૪ | ■ |
| ૫ | | ૬ | | ■ | ■ | ૭ | ૮ | | ૯ |
| ૧૦ | | | ■ | ૧૧ | | ■ | | ■ | |
| | ■ | ૧૨ | | | ■ | ૧૩ | | ૧૪ | |
| | ■ | | ■ | ૧૫ | ૧૬ | ■ | ■ | | ■ |
| ■ | ૧૭ | ■ | ■ | ૧૮ | | ■ | ૧૯ | ■ | ૨૦ |
| ૨૧ | | ૨૨ | | ■ | ૨૩ | | | ■ | |
| | ■ | | ■ | ૨૪ | | ■ | ૨૫ | ૨૬ | |
| ૨૭ | ૨૮ | | ૨૯ | ■ | ■ | ૩૦ | | | |
| ■ | | ■ | ૩૧ | | | | ■ | | ■ |

### આડી ચાવી

૨ પ્રપંચ, ખટપટ (૪)
૫ ચડામણી, ભંભેરણી (૪)
૭ ચન્દ્ર (૪)
૧૦ પળ, ક્ષણ (૩)
૧૧ પતિ (૨)
૧૨ ત્વરા (૩)
૧૩ રવિવાર (૪)
૧૫ ---- ત્યાં જંપ (૨)
૧૮ શ્વાસ (૨)
૨૧ સારવાર, સંભાળ (૪)
૨૩ રાજાને યોગ્ય (૩)
૨૪ નુકસાન, ગેરલાભ (૨)
૨૫ પૂજન (૩)
૨૭ કર્કશા સ્ત્રી (૪)
૩૦ સ્વાર્થી (૪)
૩૧ આરોપ, આળ (૪)

### ઊભી ચાવી

૧ અઘરું, કઠણ (૩)
૨ તેલી બી પીલવાનું યંત્ર (૨)
૩ વેલ (૨)
૪ મોતી ---- માં પાકે (૨)
૫ બોધ, શિખામણ (૪)
૬ ખેંચાખેંચી, તકરાર (૪)
૮ દુઃખમાં દિલસોજી, મદદ (૩)
૯ અંધારું (૩)
૧૧ અણગમતું, અમાન્ય (૪)
૧૪ નીર, પાણી (૨)
૧૬ સુગંધ, ફોરમ (૪)
૧૭ ફરિયાદ (૨)
૧૯ વીલ (૪)
૨૦ અજ્ઞાત, અજાણ્યું (૪)
૨૧ કેફી (૩)
૨૨ મોટું, ભારે (૩)
૨૬ પાણીમાં ઉત્પન્ન થતું (૩)
૨૮ જમવાનું પીરસેલી થાળી (૨)
૨૯ ---- વિના ભાત નહીં (૨)
૩૦ અભિપ્રાય (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ર | ૨ ઝ | ળ | ૩ પા | ટ | ■ | ૪ વ | ૫ ન | ૬ રા | જ |
| ૭ ખ | ટ | ■ | મ | ■ | ■ | ■ | ૮ વા | ઘ | ■ |
| પ | ■ | ૯ શ | રી | ૧૦ ર | ■ | ૧૧ ક | ર | વ | ૧૨ ત |
| ૧૩ ત | ૧૪ મા | મ | ■ | ૧૫ બ | ખો | લ | ■ | ■ | ટ |
| ■ | ૧૬ લ | તા | ૧૭ ડ | ■ | ■ | ર | ■ | ૧૮ દા | ■ |
| ■ | કું | ■ | ર | ■ | ■ | ૧૯ વ | ૨૦ ત | ન | ■ |
| ૨૧ દિ | ■ | ■ | ૨૨ પો | ત | ૨૩ રો | ■ | ૨૪ મા | ત | ૨૫ મ |
| ૨૬ લ | ૨૭ વ | ૨૮ ચી | ક | ■ | ૨૯ ફ | ૩૦ સ | લ | ■ | ધુ |
| ■ | ૩૧ ર | વ | ■ | ■ | ■ | મ | ■ | ૩૨ ભા | વ |
| ૩૩ ટ | ક | ટ | ક | ■ | ૩૪ શિ | સ્ત | પા | લ | ન |

## ઓળખાણ પડી?

કાશ્મીર એના વિશિષ્ટ સૌંદર્ય ઉપરાંત સંગીત માટે પણ પ્રખ્યાત છે. મધુર ધ્વનિ માટે જાણીતા તસવીરમાં નજરે પડતા વાદ્યની ઓળખાણ પડી?



અ) સારંગી બ) સંતૂર ક) સરોદ ડ) રબાબ

## ચતુર આપો જવાબ માથું ખંજવાળો

‘પારકા છોકરાને જતિ કરવો’ પંક્તિમાં ‘જતિ’ શબ્દનો અર્થ જણાવો.

અ) જાદુગર બ) સાધુ ક) જુવાન ડ) ઉછેર

## માઈન્ડ ગેમ

આંકડામાં લખવામાં આવતી સંખ્યા રોમન નંબર્સમાં લખતી વખતે અંગ્રેજી અક્ષરનો ઉપયોગ થાય છે? DCXL એટલે કઈ સંખ્યા?

અ) ૩૯૦ બ) ૫૧૦ ક) ૬૪૦ ડ) ૬૯૦

## સુડોકુ-૯૨૫૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | ૮ | | | ૪ | | |
| | | | ૭ | ૩ | | | ૮ | ૫ |
| ૬ | | | ૪ | ૨ | | ૭ | | |
| ૪ | | ૨ | | ૬ | | | ૭ | |
| | ૭ | | | ૪ | | | ૫ | |
| | ૬ | | | ૭ | | ૩ | | ૪ |
| | | ૮ | | ૧ | ૭ | | | ૬ |
| ૧ | ૨ | | | ૯ | ૪ | | | |
| | | ૭ | | | ૨ | | ૧ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૫૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૨ | ૩ | ૪ | ૯ | ૧ | ૮ | ૫ |
| ૩ | ૮ | ૪ | ૫ | ૧ | ૭ | ૯ | ૨ | ૬ |
| ૫ | ૯ | ૧ | ૬ | ૮ | ૨ | ૩ | ૭ | ૪ |
| ૯ | ૧ | ૩ | ૪ | ૨ | ૮ | ૬ | ૫ | ૭ |
| ૪ | ૨ | ૭ | ૧ | ૬ | ૫ | ૮ | ૯ | ૩ |
| ૬ | ૫ | ૮ | ૭ | ૯ | ૩ | ૪ | ૧ | ૨ |
| ૨ | ૪ | ૬ | ૯ | ૫ | ૧ | ૭ | ૩ | ૮ |
| ૧ | ૭ | ૫ | ૮ | ૩ | ૬ | ૨ | ૪ | ૯ |
| ૮ | ૩ | ૯ | ૨ | ૭ | ૪ | ૫ | ૬ | ૧ |

## ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ખોરાક | FOOD |
| ખોરું | RANCID |
| ખિન્ન | SAD |
| ખિસિયાણું | ASHAMED |
| ખિસ્સું | POCKET |

**ગુજરાત મોરી મોરી રેઃ** ગરમી

**ઓળખાણ પડી?** તારપા

**માઈન્ડ ગેમ :** ૧૧૯

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** હિંમત

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) નીતા દેસાઈ (૬) ખુશરૂ કાપડિયા (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) શ્રદ્ધા આશર (૧૦) પુષ્પા પટેલ (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) ભારતી બુચ (૧૩) લજિતા ખોના (૧૪) પ્રવીણ વોરા (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૮) હર્ષા મહેતા (૧૯) મીનળ કાપડિયા (૨૦) મહેન્દ્ર લોઢાવિયા (૨૧) નિખિલ બંગાળી (૨૨) અમીશી બંગાળી (૨૩) ભરત કજરિયા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) જયવંત પદમશી ચિખલ (૨૭) હરીશ મનુભાઈ ભટ્ટ (૨૮) વિણા સંપટ (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) ભાવના કર્વે (૩૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૨) અરવિંદ કામદાર (૩૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) હિના દલાલ (૩૭) રમેશ દલાલ (૩૮) અલકા વાણી (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) ડાયના સંતોકે (૪૧) વિજય આસર (૪૨) ડો. પ્રકાસ કટકિયા (૪૩) મહેશ દોશી (૪૪) પ્રતિમા પમાણી (૪૫) ધીરેન્દ્ર મુલરાજ (૪૬) નયના ગિરીશ મિસ્ત્રી (૪૭) કમલ મટાલીયા (૪૮) પદ્મનાભ

# યુદ્ધના ઊકળાટ અને ક્રૂડના ઉછાળા વચ્ચે ખરડાયેલા સેન્ટિમેન્ટમાં નિફ્ટી ૨૨,૫૧૨ સુધી નીચે પટકાયો

મુંબઈઃ ચોથા સપ્તાહમાં પ્રવેશેલા અમેરિકા-ઈરાન યુદ્ધના કારણે ફુગાવો ભડકવાના ભયથી વૈશ્વિક ઇક્વિટી માર્કેટ સાથે ભારતીય શેરબજારમાં પણ જોરદાર ધોવાણ જોવા મળ્યું હતું. સેન્સેક્સ સત્ર દરમિયાન ૧૯૭૪.૫૨ પોઇન્ટના કડાકા સાથે ૭૨,૫૫૮.૪૪ પોઇન્ટની નીચી સપાટીને અથડાનિ અંતે ૧૮૩૬ પોઈન્ટ અથવા ૨.૫૪ ટકા ઘટીને ૭૨,૬૯૬ પોઇન્ટના સ્તરે જ્યારે નિફ્ટી ૬૦૨ પોઈન્ટ અથવા ૨.૬ ટકા ઘટીને ૨૨,૫૧૨.૬૫ પોઇન્ટના સ્તર પર બંધ થયો હતો. ટાઇટનમાં સેન્સેક્સના શેરોમાં ૬.૨૪ ટકાનો સૌથી મોટો કડાકો બોલાયો હતો. ટ્રેન્ટ, અલ્ટ્રા ટેક સિમેન્ટ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, ઇન્ટર ગ્લોબ એવિએશન, ટાટા સ્ટીલ અને એચડીએફસી બેન્કમાં પણ નોંધપાત્ર ધોવાણ જોવા મળ્યું હતું. એચસીએલ ટેક, પાવરગ્રીડ, ઇન્ફોસિસ અને ટેક મહિન્દ્રાના શેરોમાં સુધારો રહ્યો હતો. બ્રેન્ટ ક્રૂડ ૦.૯૭ ટકા ઉછળીને ૧૧૩.૩૦ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

પ્રાઇમરી માર્કેટમાં ઇનોવિઝન લિમિટેડના શેર તેના રૂ. ૫૧૯ના ઇશ્યૂ ભાવ સામે ૧૦.૨૧ ટકાના ડિસ્કાઇન્ટ સાથે રૂ. ૪૬૬ના ભાવે લિસ્ટેડ થયા હતા. બોશ લિમિટેડે ઇલેક્ટ્રીક મોબીલિટી સેકટરમાં પ્રવેશ કરવા માટે ટાટા ઓટોકોમ્પ સિસ્ટમ લિમિટેડ સાથે સંયુક્ત સાહસ સાધ્યું છે. ચાંદીના ભાવના કડાકા સાથે હિંદુસ્તાન ઝિંકના શેરમાં છ ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. સ્ટેટ બેન્ક, બેન્ક ઓફ બરોડા, ઇન્ડિયન ઓવરસીઝ બેમન્ક અને કેનેરા બેન્કમાં પણ નોંધપાત્ર ધોવાણ જોવા મળ્યું હતું.

સ્વસ્તિક કાસલ લિમિટેડ હાઇ પ્રિસિઝન એલ્યુમિનિયમ કાસ્ટિંગ અને કાર્યક્ષમ ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરીને વૈશ્વિક પાવર અને પરિવહન ઉદ્યોગોના મુખ્ય સપ્લાયર બનવાની દિશામાં છે. વડોદરા સ્થિત કંપનીએ તેની કરજણ સુવિધામાં રેતી, ગ્રેવીટી ડાઇ અને સેન્ટ્રિફ્યુગલને એકીકૃત કરીને ઉપયોગ માટે તૈયાર એન્જિનિયર્ડ કોમ્પોનન્ટ તૈયાર કરી રહી છે. આ ક્ષમતાએ તેને એબીબી, સિમેન્સ, જીઇ પાવર અને હિતાચી જેવી વૈશ્વિક કંપનીઓ સાથે ભાગીદારી બનાવવામાં મદદ કરી છે.

સવારના સત્રમાં સેન્સેક્સના ત્રીસે શેર નેગેટીવ ઝોનમાં ધકેલાયા હતા. યુએસ ડોલર સામે રૂપિયો પણ ૩૩ પૈસા ઘટીને ૯૩.૮૬ની નવી ઓલ-ટાઇમ નીચી સપાટી પર અથડાયો હોવાથી સેન્ટિમેન્ટને ભારે ફટકો પડ્યો હતો. નિફ્ટી પરના તમામ ક્ષેત્રો પણ ધાતુઓ, બેંકો, નાણાકીય સેવાઓ અને ઓટો ઇન્ડેક્સેના નેતૃત્વમાં રેડ ઝોનમાં સરકી ગયા હતા, જ્યારે મિડકેપ અને સ્મોલકેપ ઇન્ડેક્સ બેન્ચમાર્ક સામે નબળા પ્રદર્શન સાથે લગભગ ચાર ટકા તૂટી ગયા હતા. બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું એકંદર માર્કેટ કેપિટલાઇઝેશન શુક્રવારે રૂ. ૪૨૯ લાખ કરોડ હતું તે સવારના સત્રમાં ઘટીને રૂ. ૪૧૫ લાખ કરોડ થઈ ગયું હોવાથી રોકાણકારોએ સત્રના પહેલા કલાકમાં લગભગ રૂ. ૧૪ લાખ કરોડ ગુમાવ્યા હતા.

ત્રણ અઠવાડિયા જૂના યુદ્ધને આગળ ધપાવતા, ઈરાને રવિવારે કહ્યું હતું કે જો યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ૪૮ કલાકની અંદર ઈરાનના વીજળી ગ્રીડને નિશાન બનાવવાની ધમકીનો અમલ કરવાની કોશીશ કરશે તો તે તેના ગલ્ફ પડોશીઓની ઊર્જા અને પાણી પ્રણાલીઓ પર હુમલો કરશે. ઈરાને ચેતવણી પણ આપી હતી કે જો તેની સુવિધાઓ પર હુમલો કરવામાં આવે તો તે એક મહત્વપૂર્ણ જળમાર્ગને સંપૂર્ણપણે બંધ કરી શકે છે અને ઊર્જા, આઇટી અને ડિસેલિનેશન માળખાને લક્ષ્ય બનાવી શકે છે.

ટ્રમ્પે શનિવારે સાંજે (ન્યૂ યોર્ક સમય પ્રમાણે) ચેતવણી જારી કરી હતી, જેનાથી વ્યાપક પ્રાદેશિક સંઘર્ષ અને વૈશ્વિક ઊર્જા પુરવઠામાં વિક્ષેપનો ભય વધ્યો હતો. એવા પણ અહેવાલો હતા કે યુએસ સૈન્ય મધ્યપૂર્વમાં હજારો વધારાના મરીન અને ખલાસીઓને તૈનાત કરી રહ્યું છે, જેને કારણે ચિંતાઓ વધુ તીવ્ર બની હતી. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની તાજેતરની ટિપ્પણીઓએ ઈરાનમાં યુદ્ધના વહેલા અંતની આશાઓને ઠપ્પ કરી દીધી હોવાથી સોમવારે બજારમાં કડાકો બોલાયો હતો. જોકે, ટ્રમ્પે પાછળથી યુદ્ધમાં પાંચ દિવસ વિરામની જાહેરાત કરી હોવાથી આજે મંગળવારે બજારમાં સુધારો જોવા મળે એવી આશા છે.

દરમિયાન, સોમવારના અહેવાલ અનુસાર ફ્રાન્સનો સીએસી-૪૦ ઇન્ડેક્સ શરૂઆતના ટ્રેડિંગમાં ૧.૫ ટકા ઘટીને ૭,૫૪૮.૮૩ પોઇન્ટ પર બંધ થયો હતો, જ્યારે જર્મનીનો ડેક્સ ૨.૦ ટકા ઘટીને ૨૧,૯૪૪.૨૬ પર બંધ થયો હતો. બ્રિટનનો ફુટ્સી ૧૦૦ ઇન્ડેક્સ ૧.૭ ટકા ઘટીને ૯,૭૫૪.૮૦ પર બંધ થયો હતો. યુએસ શેરબજારમાં ડાઉ ફ્યુચર્સ ૦.૫ ટકા ઘટીને ૪૫,૬૫૯.૦૦ પર બંધ થયો હતો. એસએન્ડપી ૫૦૦ ફ્યુચર્સ ૦.૭ ટકા ઘટીને ૬,૫૧૫.૨૫ પર બંધ થયો હતો.

એશિયામાં, જાપાનનો બેન્ચમાર્ક નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ ૩.૫ ટકા ઘટીને ૫૧,૫૧૫.૪૯ પર બંધ થયો હતો. તાઇવાનમાં, તાઇએક્સ ૨.૫ ટકા ઘટીને ૩૨,૭૨૨.૫૦ પર બંધ રહ્યો. ઓસ્ટ્રેલિયાનો એસએન્ડપી એએસએક્સ ૨૦૦ ૦.૭ ટકા ઘટીને ૮,૩૬૫.૯૦ પર બંધ રહ્યો. દક્ષિણ કોરિયાનો કોસ્પી ૬.૫ ટકા ઘટીને ૫,૪૦૫.૭૫ પર બંધ રહ્યો. હોંગકોંગનો હેંગ સેંગ ૩.૫ ટકા ઘટીને ૨૪,૩૮૨.૪૭ પર બંધ રહ્યો, જ્યારે શાંઘાઈ કમ્પોઝિટ ૩.૬ ટકા ઘટીને ૩,૮૧૩.૨૮ પર બંધ રહ્યો હતો. હવે ટ્રમ્પે એચાનક પાંચ દિવસ યુદ્ધ વિરામની વાત ઉચ્ચારી છે તે જોતાં બજારને સહેજ કળ વળી શકે છે.

# ક્રૂડતેલની તેજી સાથે ડૉલર સામે રૂપિયો ૯૪ની સપાટી કુદાવીને પાછો ફર્યો

મુંબઈઃ મધ્યપૂર્વના દેશોમાં યુદ્ધ લંબાઈ જવાની ભીતિ સાથે આજે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં તેજી, ડૉલર ઈન્ડેક્સમાં મજબૂતાઈ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ઑલ ફોલ ડાઉન અને ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવાના નિર્દેશોને કારણે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૫૮ પૈસા ગબડી ગયા બાદ સંભવિતપણે રિઝર્વ બૅન્કનો હસ્તક્ષેપ રહેતાં અંતે ગત શુક્રવારની જ ૯૩.૫૩ની જ સપાટીએ બંધ રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૩.૫૩ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૩.૮૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૪.૧૧ અને ઉપરમાં ૯૩.૮૧ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધની ૯૩.૫૩ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયામાં ૬૪ પૈસાનું ધોવાણ થયું હતુ અને ૯૩ની સપાટી પાર કરી હતી.

પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવ વધવાની સાથે ઈક્વિટી માર્કેટમાં પણ નરમાઈનું વલણ રહેતાં રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. જોકે, રિઝર્વ બૅન્ક દ્વારા સતત નીચા મથાળેથી બજારમાં હસ્તક્ષેપ થઈ રહ્યો છે, એમ મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૩.૬૦થી ૯૪.૪૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૧૪ ટકા વધીને ૯૯.૭૮ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધ્યા મથાળેથી ૧.૧૧ ટકા ઘટીને બેરલદીઠ ૧૧૩.૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૧૮૩૬.૫૭ પૉઈન્ટ અને ૪૮૪.૩૦ પૉઈન્ટ ઘટીને બંધ રહ્યા હતા અને ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૫૫૧૮.૩૯ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશો સાથે ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હતો.

# સ્થાનિકમાં ચાંદી ₹ ૧૩,૧૦૪ ગબડી, સોનું ₹ ૭૬૪૯ તૂટ્યું

મુંબઈઃ અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનું યુદ્ધ વધુ લંબાઈ જવાની ભીતિ હેઠળ આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને ક્રૂડતેલના ભાવ વધી આવતાં ફુગાવો વધવાની અને વૈશ્વિક અર્થતંત્રો પર માઠી અસર પડવાની શક્યતાને ધ્યાનમાં લેતા અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી ધારણા રોકાણકારો મૂકી રહ્યા હોવાથી લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં ૪.૯ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ ૫.૫૦ ટકા ઘટી આવ્યા હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૩,૧૦૪ ગબડી ગયા હતા અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૬૧૮થી ૭૬૪૯ સુધીનો ઘટાડો આવ્યો હતો. આજે વિશ્વ બજાર પાછળ વેરારહિત ધોરણે ૯૯૯ ટચ ચાંદીના કિલોદીઠ ભાવ આગલા બંધ સામે રૂ. ૧૩,૧૦૪ ગબડીને રૂ. ૨,૧૯,૨૬૦ના મથાળે રહ્યા હતા. જોકે, વધુ ભાવઘટાડાના આશાવાદે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી ખપપૂરતી રહી હતી. વધુમાં આજે વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૭૬૧૮ ઘટીને રૂ. ૧,૩૯,૦૧૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૬૪૯ ઘટીને રૂ. ૧,૩૯,૫૬૯ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં ઘટયા મથાળેથી રોકાણકારોની છૂટીછવાઈ રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની વધુ ભાવ ઘટે તેવી ધારણા હેઠળ લેવાલી પાંખી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સની મજબૂતી અને અમેરિકી ૧૦ વર્ષીય બૉન્ડની યિલ્ડ વધી આવતાં હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે એક તબક્કે આઠ ટકા સુધી ઘટ્યા બાદ આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે ૪.૯ ટકા ઘટીને ઔંસદીઠ ૪૨૬૬.૪૭ ડૉલર અને એપ્રિલ ડિલિવરી વાયદામાં ભાવ ૬.૭ ટકા ઘટીને ૪૨૬૭.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૫.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૬૪.૦૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગત ૨૮મી ફેબ્રુઆરીથી અથવા તો અમેરિકા-ઈઝરાયલે સંયુક્તપણે ઈરાન પર હુમલો કર્યો ત્યારથી અત્યાર સુધીમાં સોનાના ભાવમાં બાવીસ ટકાનો અને ઊંચા મથાળેથી ૨૫ ટકાનો ઘટાડો આવી ગયો છે. સામાન્યપણે ફુગાવો વધે ત્યારે સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓમાં રોકાણકારોની હેજરૂપી લેવાલી રહેતી હોય છે, પરંતુ ઈરાન સાથેના યુદ્ધને કારણે ફુગાવો વધવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને વધતા ફુગાવાના સંજોગોમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતાને કારણે સોનાના ભાવ દબાણ હેઠળ આવે છે. હવે વર્ષ ૨૦૨૬માં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ નહીં મૂકે તેવી ઓછી અને વ્યાજદરમાં વધારો કરે તેવી શકયતા વધી રહી હોવાથી સોના-ચાંદીમાં નરમાઈ રહેતી હોવાનું જેફરીઝનાં વિશ્લેષક નિકોસે જણાવ્યું હતું. વધુમાં હાલ ક્રૂડમાં તેજીનું વલણ રહેતું હોવાને કારણે રોકાણકારો ક્રૂડ તેલમાં ખરીદી અને સોનામાં વેચવાલી રહેતી હોવાનું પણ અમુક વર્ગનું માનવું છે.

# ટીન અને નિકલ સહિતની ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલીએ સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે ખાસ કરીને નિકલ, ટીન, બ્રાસ શીટ કટિંગ્સ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ઘટયા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી નીકળતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૮, રૂ. ૨૭, રૂ. આઠ અને રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર અને લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ.એકથી બેનો સુધારો આવ્યો હતો. જોકે, આજે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ચારનો અને કોપર વાયરબાર તથા ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે નિકલ, ટીન, બ્રાસ શીટ કટિંગ્સ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૮ વધીને રૂ. ૧૬૨૩, રૂ. ૨૭ વધીને રૂ. ૪૪૫૮, રૂ. આઠ વધીને રૂ. ૮૦૩ અને રૂ. પાંચ વધીને રૂ. ૧૦૨૮ના મથાળે રહ્યા હતા, જ્યારે વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ લેવાલીને ટેકે કોપર કેબલ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૧૧૨૨ અને રૂ. ૧૯૨ અને કોપર સ્ક્રેપ હેવી તથા કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૧૧૧૬ અને રૂ. ૧૧૧૧ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં નફારૂપી વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૩૩૬ અને નિરસ માગે કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૧૨૧૩ અને રૂ. ૩૧૦ના મથાળે રહ્યા હતા.

# ક્રૂડતેલના ઉછળતા ભાવની ચિંતા, ભારતીય બૅન્ચમાર્ક બૉન્ડની યિલ્ડ ૧૪ મહિનાની ટોચે

મુંબઈઃ મધ્ય પૂર્વના દેશોમાં પ્રવર્તી રહેલા વિવાદ અને ક્રૂડતેલના ઉછળતા ભાવની ચિંતાને ધ્યાનમાં લેતા આજે ભારતીય બૅન્ચમાર્ક બૉન્ડની યિલ્ડ અથવા તો ઊપજ વધીને ૧૪ મહિનાની ઊંચી સપાટીએ પહોંચી હતી.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે સવારે અગિયાર વાગે ૧૦ વર્ષીય સરકારી બૉન્ડના વેપાર ગત શુક્રવારની ૬.૭૩૭ ટકાની યિલ્ડ સામે વધીને ૬.૮૧૭૩ની યિલ્ડ સાથે અથવા તો ૧૪મી જાન્યુઆરી, ૨૦૨૫ પછીની સૌથી ઊંચી સપાટીએ થયા હતા.

હાલમાં અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનાં યુદ્ધ અને તણાવની સ્થિતિને ધ્યાનમાં લેતા ગત જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો જે ભારતીય બૉન્ડમાં ચોખ્ખા ખરીદદાર હતા તે માર્ચ મહિનામાં ચોખ્ખા વેચવાલ બન્યા હોવાનું ચોઈસ જૂથના એરેટે કેપિટલના વાઈસ પ્રેસિડેન્ટ માતાપ્રસાદ પાંડેએ જણાવ્યું હતું. સામાન્યપણે ક્રૂડતેલના ઊંચા ભાવથી માત્ર ફુગાવો જ નથી વધતો, પરંતુ ભારતના વેપાર અને ચાલુ ખાતાની પુરાંત પર પણ અસર થતી હોવાથી તેની રૂપિયા પર નકારાત્મક અસર થતી હોય છે પરિણામે ડૉલર સામે રૂપિયો ઘસાઈ રહ્યો છે અને ૯૪ની સપાટી તરફ ધસમસી રહ્યો છે, એમ તેમણે ઉમેર્યું હતું.

આ પરિબળોથી રેટકટ અથવા તો વ્યાજદરમાં કપાતની શક્યતા તો ધૂંધળી કરે છે અને સાથે સાથે જો ભૂરાજકીય તણાવ લાંબા સમય સુધી રહે તો વ્યાજદરમાં વધારો પણ થતો હોય છે આથી માગ કરતાં પુરવઠો વધવાને કારણે બૉન્ડ પર નકારાત્મક અસર પડી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

મધ્ય પૂર્વના દેશોમાં વિવાદ ચોથા સપ્તાહમાં પ્રવેશ્યો હોવાથી આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડતેલના ભાવમાં તીવ્ર તેજી આવી છે અને ફુગાવાલક્ષી દબાણ વધવાનો ભય સપાટી પર આવ્યો છે. નોંધનીય બાબત એ છે કે અમેરિકાએ આગામી ૪૮ કલાકમાં ઈરાનની ઈલેક્ટ્રિસિટી ગ્રીડ પર હુમલો કરવાની ધમકી આપ્યા બાદ ઈરાને તેના પાડોશી અખાતી દેશોની એનર્જી તથા પાણીની યંત્રણાઓ પર હુમલો કરવાની ચીમકી આપ્યા બાદ તેલના ભાવમાં તીવ્ર ઉછાળો આવ્યો હતો અને આજે સવારે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધીને બેરલદીઠ ૧૧૨.૬૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

જોકે, વિવાદ શરૂ થયો ત્યારથી અથવા તો ગત ૨૮મી ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં ક્રૂડતેલના ભાવમાં ૫૦ ટકા જેટલો ઉછાળો આવ્યો છે.

# ડૉલર ઈન્ડેક્સની મજબૂતી અને યુદ્ધ વકરવાની ભીતિ હેઠળ ધાતુમાં નરમાઈ

મુંબઈઃ પશ્ચિમ એશિયામાં યુદ્ધ વધુ વકરવાની ભીતિ સાથે આજે ક્રૂડતેલના ભાવમાં તેજી અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી વૈશ્વિક અર્થતંત્રો પર માઠી અસર પડવાની શક્યતાને ધ્યાનમાં લેતા આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૭૫ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ મર્યાદિત રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૭૫ તૂટીને રૂ. ૪૩૮૩, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૩૮ ઘટીને રૂ. ૧૧૭૫, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૩૩ ઘટીને રૂ. ૧૫૯૦, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૮ ઘટીને રૂ. ૧૦૧૦, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ ઘટીને અનુક્રમે રૂ. ૧૧૧૦ અને રૂ. ૧૧૦૪ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ ઘટીને રૂ. ૧૧૦૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૩૦૭, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્ના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૨૬૮ અને રૂ. ૩૩૪ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૧૫ અને રૂ. ૧૯૨ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા.

# દેશી તેલમાં મથકો પાછળ ઉછાળા, આયાતી તેલમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગુજરાતનાં મથકો પર આજે ખાસ કરીને સિંગતેલમાં સ્થાનિક અને દેશાવરોની માગ પ્રબળ રહેતાં તેલિયા ટીન અને લૂઝના ભાવમાં અનુક્રમે ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ અને ૧૦ કિલોદીઠ રૂ. ૧૫નો સુધારો આવ્યાના અહેવાલ ઉપરાંત મથકો પર કપાસિયા રિફાઈન્ડ અને સરસવમાં પણ સુધારો આવ્યો હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સિંગતેલ, કપાસિયા રિફાઈન્ડ અને સરસવના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૦નો ઉછાળો આવ્યો હતો. વધુમાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૮૪ રિંગિટ વધી આવ્યાના અહેવાલ છતાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં આયાતી તેલના ભાવમાં મિશ્ર વલણ રહ્યું હતું, જેમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૩૦નો સુધારો, સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો અને આરબીડી પામોલિનમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ઈમામીની સોયા રિફાઈન્ડના માર્ચ મહિનાના સોદામાં બાયબેકમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૫૦માં અને જી-વનની બાયબેકમાં આરબીડી પામોલિનમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૭૫માં લેવાલી નીકળી હતી. વધુમાં આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રોના એપ્રિલ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦, ઈમામીના આરબીડી પામોલિનના એપ્રિલ ડિલિવરી શરતે રૂ. ૧૪૭૦ અને મે ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૫૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૫, એપ્રિલ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૪૦ અને માર્ચ ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૭૭૦, એવીઆઈના એપ્રિલ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૨૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૫ અને પતંજલિ ફૂડ્સના એપ્રિલ ડિલિવરી શરતે આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૪૬૦ અને રૂ. ૧૭૧૦ અને મે ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૦,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૦૦માં અને રાજકોટ મથકે અંદાજે ૨૨૦૦ ગૂણી મગફળીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૪૮૦માં થયા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર દેશાવરોની માગને ટેકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ વધીને રૂ. ૨૭૭૦માં લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ વધીને ૧૭૫૦માં થયા હતા. તેમ જ આજે મધ્યપ્રદેશનાં મથકો પર અંદાજે ૮૦,૦૦૦ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૩૦૦થી ૫૫૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૫૬૫૦થી ૫૭૫૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે હાજરમાં દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૦ સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૩૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૨૫, સિંગતેલના રૂ. ૧૭૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦ અને સરસવના રૂ. ૧૬૦૦ના મથાળે રહ્યા હતા.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**મધ્ય રેલવે**

**નોટિફિકેશન**

**વિષયઃ** બે વર્ષ (૭૩૧ દિવસ)ની મુદત માટે સબસીટીઝ મીલ્સ અને અન્ય આઈટમોની જોગવાઈ સાથે LTT ખાતે TTE રેસ્ટ હાઉસની જનરલ અપકીપ અને વ્યવસ્થા માટે ટેન્ડર. ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ), મધ્ય રેલવે, ૧લો માળ, રિઝર્વેશન બિલ્ડિંગ, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, મુંબઈ-૪૦૦૦૦૧ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ''બે વર્ષ (૭૩૧ દિવસ)ની મુદત માટે સબસિડિઝ મિલ્સ અને અન્ય આઈટમોની જોગવાઈ સાથે LTT ખાતે TTE રેસ્ટ હાઉસની જનરલ અપકીપ અને વ્યવસ્થા'' માટે GeM પોર્ટલ દ્વારા ટેન્ડર મંગાવે છે. **ઓપન ટેન્ડર - GeM બીડ નંબરઃ** GEM/ ૨૦૨૬/B/૭૩૫૮૮૫૬. **કામનું નામઃ** બે વર્ષ (૭૩૧ દિવસ)ની મુદત માટે સબસીડિઝ મિલ્સ અને અન્ય આઈટમોની જોગવાઈ સાથે LTT ખાતે TTE રેસ્ટ હાઉસની જનરલ અપકીપ અને વ્યવસ્થા. **ઓફિસનું સરનામુંઃ** DRM ઓફિસ, વાણિજ્યિક બ્રાન્ચ, મુંબઈ ડિવિઝન. **વર્ક સ્થળઃ** LTT સ્ટેશન, મુંબઈ ડિવિઝન. **જાહેરાત મૂલ્યઃ** રૂ. ૧,૦૧,૪૩,૩૨૫.૪૫. **બારડીરકમઃ** રૂ. ૨,૦૦,૭૨૦/- **ટેન્ડર બંધ થવાની તારીખ અને સમયઃ** ૦૪.૦૪.૨૦૨૬ ૨૧.૦૦ ક. **કોન્ટ્રાક્ટ મુદતઃ** બે વર્ષ (૭૩૧ દિવસ). **ઓફરની માન્યતાઃ** ૯૦ દિવસ. **ટેન્ડર દસ્તાવેજ વેબસાઈટઃ** https://gem.gov.in/ પર ઉપલબ્ધ છે.

DE-1011

सुरक्षित प्रवास करा, फूटबोर्डवरून प्रवास करणे टाळा.

**જાહેર સૂચના**

આથી જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે, અમારા ગ્રાહકો ક્લાસિક ટ્રેઝર પ્રા. લિ. (''**કંપની**'') શાહ હાઉસકોન પ્રા. લિ. (''**એસએચપીએલ**'') ("**SHPL**") સાથે મિલકતના પુનર્વિકાસ માટે માન્ય, કાયમી અને બંધનકર્તા કરાર ધરાવે છે, જે અહીં લખેલા શેડ્યૂલ (''**મિલકત**'') માં વધુ સ્પષ્ટ રીતે વર્ણવેલ છે. કંપની મિલકતના ભાગનો કબજો ધરાવે છે.

કંપની અને એસએચપીએલ (**SHPL**) વચ્ચે વિવાદ બાકી છે, અને કંપનીએ માનનીય બોમ્બે હાઈકોર્ટ સમક્ષ ૨૦૨૬ ની વાણિજ્યિક મધ્યસ્થી અરજી (એલ) નં. ૨૯૪૮ દાખલ કરી છે જેનો નિર્ણય બાકી છે. કંપનીએ રજિસ્ટ્રેશન નંબર ૩૩૫૫ ઓફ ૨૦૨૬ હેઠળ મિલકત પર લિસ પેન્ડન્સની નોટિસ નોંધાવી છે.

કંપનીના ધ્યાનમાં આવ્યું છે કે એસએચપીએલ (**SHPL**) અને તેના ડિરેક્ટરોએ, બી-રાઈટ રિયલ એસ્ટેટ ગ્રુપ અને/અથવા તેના સહયોગીઓ, આનુષંગિકો અને ગ્રુપ એન્ટિટીઓ સાથે મળીને, ગેરકાયદેસર અને ગેરકાયદેસર રીતે મિલકત પર ''સ્કાય ૫૪'' નામ હેઠળ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ શરૂ કરવાનો અને જાહેરાત કરવાનો ઈરાદો રાખ્યો છે, જે કંપનીના અધિકારોનું ઉલ્લંઘન કરે છે.

એસએચપીએલ (**SHPL**) અને તેના ડિરેક્ટરોના ગેરકાયદેસર અને ખોટા કૃત્યોને કારણે, કંપનીએ એસએચપીએલ અને તેના ડિરેક્ટરો સામે ફોજદારી કાર્યવાહી પણ શરૂ કરી છે અને છેતરપિંડીના ગુનાઓ માટે સી. આર. નંબર ૯૨ ઓફ ૨૦૨૬ હેઠળ મુંબઈના કસ્તુરબા માર્ગ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે.

જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ એસએચપીએલ અને/અથવા બી-રાઈટ રિયલ એસ્ટેટ ગ્રુપ અને/અથવા તેના સહયોગીઓ, આનુષંગિકો અને ગ્રુપ એન્ટિટીઝ સાથે મિલકત અને/અથવા પ્રસ્તાવિત પ્રોજેક્ટ ''સ્કાય ૫૪'' ના સંદર્ભમાં વ્યવહાર ન કરે, જે ચાલુ નાગરિક અને ફોજદારી કાર્યવાહીનો વિષય છે. આમ કરનાર કોઈપણ વ્યક્તિ / એન્ટિટી પોતાના જોખમે, જોખમો અને પરિણામો પર આમ કરશે અને આવા કૃત્યો / વ્યવહારો કંપની પર બંધનકર્તા રહેશે નહીં અને મિલકતના સંદર્ભમાં કંપનીના અધિકારોને આધીન રહેશે.

**અનુસૂચિ**

મુંબઈ ઉપનગરીય નોંધણી જિલ્લામાં અને ઉપ-જિલ્લામાં, મલાડ (પૂર્વ), મુંબઈ ૪૦૦૦૯૭ ખાતે આવેલા, ગામ મલાડ, તાલુકા બોરીવલી, ના ૫,૬૦૦ ચોરસ મીટર અથવા તેની આસપાસના જમીનના તે બધા ટુકડાઓ અને ટુકડાઓ, જે સીટીએસ નંબર ૫૧૯, ૫૧૯/૧ થી ૨, ૫૨૧, ૫૨૧/૧ થી ૮, ૫૨૧/૧૦ થી ૧૭, ૫૨૨, ૫૨૨/૧ થી ૧૧, ૫૨૩, ૫૨૪, ૫૨૪/૧ થી ૧૨, ૫૨૫, ૫૨૫/૧ થી ૪, ૫૨૬, ૫૨૬/૧ થી ૧૧, ૫૨૭, ૫૨૭/૧ થી ૨૬, ૫૨૮, ૫૨૮/૧ થી ૧૧, ૫૨૯, ૫૨૯/૧ થી ૧૫ ધરાવતા હોય છે.

**આ તારીખ ૨૪ માર્ચ, ૨૦૨૬**

**સજીત સુવર્ણ**
**ભાગીદાર**
**ડીએસકે કાનૂની**
એડવોકેટ્સ અને સોલિસિટર્સ
૧૭૦૧, ૧૭મો માળ ટાવર ૨બી, વન વર્લ્ડ સેન્ટર ૮૪૧, સેનાપતિ બાપટ માર્ગ
મુંબઈ - ૪૦૦૦૧૩, ભારત
srs.publicnotice@dsklegal.com



BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ)

DY.HE(M&E)/M-IIIA/૭૪૨૩/PP તા. ૨૦.૦૩.૨૦૨૬

ઈ-ટેન્ડર નોટીસ

બૃહન્મુંબઈના મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી ''આઈટમ રેટ ધોરણે'' નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ & સમય અને બીડ અંતિમ તારીખ & સમય ટેન્ડર સેક્શન હેઠળ B.M.C.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટિસમાં ઉલ્લેખેલ છે.

| ક્ર. નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧ | ૨૦૨૬_MCGM_૧૨૮૮૯૧૩ | સેટલિંગ પ્લાન્ટ મુંબઈ IIIA પાંજરાપુર ખાતે સ્થિત ૪૧૫V MCC પેનલનું સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે https://portal.mcgm.gov.in/ અને https://mahatenders.gov.in ખાતે મ્યુનિસિપલ વેબસાઈટની મુલાકાત લો.

સહી/-
(શ્રીમતી એસ આર કાપડનીસ)
E.E. (M&E) WTP
MIIIA પાંજરાપુર.

PRO/3365/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

નંબર ડે. ચી. એ.(O&M)/ et-૬૧ / SWD તા. ૨૩.૦૩.૨૦૨૬

**બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન**

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| વિભાગ | ચીફ એન્જિનિયર (SWD) |
| પેટા વિભાગ | ડેપ્યુટી ચીફ એન્જિનિયર (O&M) SWD |
| વિષય | ''મૂન ફર્નિચર આઉટફોલ ખાતે ચોમાસા માટે સબમર્સિબલ ડીવોટરિંગ પંપ ભાડે રાખવા સાથે પેનસ્ટોક પ્રકારના ગેટનું ફેબ્રિકેશન, SITC અને ઈન્સ્ટોલ કરેલા ગેટનું સંચાલન અને જાળવણીનું કામ'' ટેન્ડર ID: ૨૦૨૬_MCGM_૧૨૮૯૪૧૫_૧ |
| ઈ-ટેન્ડર વેચાણ | પ્રારંભ તારીખ ૨૪.૦૩.૨૦૨૬ સમયઃ ૧૧.૦૦ ક.થી |
| | પાકતી તારીખ ૦૧.૦૪.૨૦૨૬ સમયઃ ૧૬.૦૦ ક. |
| વેબસાઈટ | http://portal.mcgm.gov.in & http://mahatenders.gov.in |
| સંપર્ક અધિકારી નામ | શ્રીમતી વી. એમ. કોકટે એક્ષિક્યૂટિવ એન્જિનિયર (O&M) મીકે. SWD |
| ઈ-મેઈલ સરનામું | eeomcity01.swd@mcgm.gov.in ae03onm.swd@mcgm.gov.in |

સહી/-
એક્ષિ. એન્જિ. (O&M) M. SWD

PRO/3370/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

## સાતારા જિલ્લા પરિષદ ચૂંટણી

# ભાજપ અને મહાયુતિના સાથી પક્ષો શિવસેના, એનસીપી વચ્ચે રાજકીય વિવાદ

### નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેનાના મુખ્ય નેતા શિંદેએ પણ ઊભરતી પરિસ્થિતિ અંગે તેમના પ્રધાનો અને વિધાનસભ્યો સાથે ચર્ચા કરી




શિંદે સેના દ્વારા સાતારા જિલ્લા પરિષદની ચૂંટણીમાં થયેલી ધમાલના પડઘા સોમવારે વિધાનભવનમાં જોવા મળ્યા હતા. વિધાનભવનના દાદરા પર શિંદે સેના અને એનસીપી દ્વારા ભાજપના વિરોધમાં દેખાવો કરવામાં આવ્યા હતા. આમ સત્તાધારી મહાયુતિના ત્રણ પક્ષોમાં પડેલી ફાટફૂટ જોવા મળી હતી. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રમાં ભાજપ અને તેના મહાયુતિના સાથી પક્ષો શિવસેના અને એનસીપી વચ્ચે સતારા જિલ્લા પરિષદના પ્રમુખ પદની ચૂંટણીને લઈને એક મોટો રાજકીય વિવાદ ઉભો થયો હતો, જેમાં ભગવા પક્ષે જીત મેળવી હતી, જ્યારે તેમની સંખ્યા બે ભાગીદારો સાથે લડી રહેલા પક્ષો કરતા ઓછી હતી. જિલ્લા પરિષદના પ્રમુખપદની ચૂંટણી ગયા શુક્રવારે યોજાઈ હતી. જોકે, સપ્તાહના અંતે, એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેના પરિસ્થિતિ જે રીતે આગળ વધી તેનાથી નારાજ હતી.

નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેનાના મુખ્ય નેતા શિંદેએ પણ જે રીતે સ્થિતિ વણસી રહી છે તે અંગે તેમના પ્રધાનો અને વિધાનસભ્યો સાથે ચર્ચા કરી હતી.

શિવસેના અને એનસીપીના બે જિલ્લા

(જુઓ પાનું ૪) ▸▸

### શું ડેપ્યુટી સ્પીકરને આઈપીએસ તુષાર દોશીને સસ્પેન્ડ કરવાનો અધિકાર છે?

મુંબઈ: સાતારા જિલ્લા પરિષદના પ્રમુખ પદની ચૂંટણીને લઈને વિધાનસભામાં થયેલા હંગામા પછી, હવે સ્પષ્ટ છે કે તેનો આગામી મુદ્દો શરૂ થઈ ગયો છે. ઠાકરેની શિવસેનાએ પૂછ્યું છે કે શું વિધાન પરિષદના ઉપાધ્યક્ષ પાસે આઈપીએસ અધિકારીને સસ્પેન્ડ કરવાની સત્તા છે. ઠાકરેની શિવસેનાએ અધ્યક્ષને એક પત્ર પણ આપ્યો છે જેમાં નીલમ ગોર્હે તેમના પદનો દુરુપયોગ કરે અને તેમને પદ પરથી દૂર કરે તેવી માગણી કરવામાં આવી છે. આ સંદર્ભમાં, ઠાકરેની શિવસેના

(જુઓ પાનું ૪) ▸▸

### શાસક મહાયુતિના પક્ષોમાં ઘર્ષણ

આ પછી ગૃહમાં શાસક પક્ષમાં ઘણી લડાઈ થઈ. શિવસેના એનસીપીના વિધાનસભ્યોએ સૂત્રોચ્ચાર કર્યા અને ચૂંટણી મુલતવી રાખવાની માગણી કરી હતી. જયકુમાર ગોરે એવી માગણી કરી હતી કે તમે આઈપીએસ અધિકારીનું સસ્પેન્શન રદ કરો. આ પછી ઉદય સામંતે કહ્યું કે અમે ક્યાંય ભાજપનું નામ લીધું નથી. શંભુરાજ દેસાઈએ કહ્યું કે નીલમ ગોર્હે ગૃહમાં હાજર રહીને અમારો પક્ષ સમજી ગયા હતા. ■

### ફડણવીસે એક વાક્યમાં મોટા વિવાદનો અંત આણ્યો

દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દ્વારા જણાવવામાં આવેલા તથ્યોની તપાસ કરવામાં આવશે. 'તે મુજબ, કાર્યવાહી કરવામાં આવશે, તેમણે એક વાક્યમાં વિષયનો અંત લાવ્યો હતો. આ દરમિયાન, ગૃહમાં મુખ્ય પ્રધાન, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને શંભુરાજ દેસાઈ વચ્ચે ચર્ચા થઈ. એવું માનવામાં આવે છે કે આ સમયે મુખ્યમંત્રી ગુસ્સે હતા. આ સમયે એનસીપીના પ્રધાન મકરંદ પાટીલ પણ પાછળની બેન્ચ પર હાજર હતા.

(જુઓ પાનું ૪) ▸▸

### શાસક પક્ષમાં આક્ષેપ-પ્રતિઆક્ષેપોનો જોરદાર માહોલ

વિધાન પરિષદના ઉપાધ્યક્ષ નીલમ ગોર્હેએ સતારા જિલ્લા પરિષદની ચૂંટણી દરમિયાન થયેલી અભૂતપૂર્વ અરાજકતાની ગંભીર નોંધ લીધી છે. તેમણે સાતારા પોલીસ સુપરિન્ટેન્ડેન્ટને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો છે અને પુણે વિભાગીય કમિશનરને આ મામલાની સંપૂર્ણ તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે. બીજી તરફ પ્રધાન જયકુમાર ગોરે આ સસ્પેન્શનનો સખત વિરોધ કર્યો હતો. આના કારણે વિધાન પરિષદમાં શાસક પક્ષમાં આરોપ-પ્રત્યારોપ શરૂ થયા છે. જયકુમાર ગોરે કહ્યું કે મેડમ સ્પીકર, તમે હકીકતો જાણ્યા વિના એક

(જુઓ પાનું ૪) ▸▸

### સાતારા ઝેડપી ચૂંટણીમાં શું થયું?

- જિલ્લા પરિષદમાં ૬૫ માંથી ૩૫ બેઠકો પર શિવસેના-એનસીપી ગઠબંધન બહુમતી મેળવે છે
- ૨૭ બેઠકો સાથે ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો
- સાતારામાં બહુમતી માટે ૩૩ સભ્યોના સમર્થનની જરૂર હતી
- પ્રમુખપદની ચૂંટણીમાં તેમને પ્રમુખ બનાવવા માટે ભાજપે ૬ સભ્યોનું વિભાજન કર્યું
- ભાજપે વિભાજન કર્યું બે શિવસેનાના સભ્યો અને ૩ એનસીપીના સભ્યો
- ભાજપે એક અપક્ષનો ટેકો મેળવીને રાષ્ટ્રપતિપદની ચૂંટણી જીતી
- શિવસેનાનો આરોપ છે કે પોલીસે અન્ય બે સભ્યોને મતદાન કરતા અટકાવ્યા ■

# પોલીસે નાશિક બળાત્કાર કેસના આરોપી ધર્મગુરુને સતર્કતાથી પકડી લીધો, વિગતો બહાર આવી રહી છે: ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે રાજ્ય વિધાનસભામાં જણાવ્યું હતું કે નાસિક બળાત્કાર કેસમાં પોલીસે સમયસર કાર્યવાહી કરીને અશોક ખરાતની ધરપકડ કરી હતી, જ્યારે 'ધર્મગુરુ'ની કથિત કાર્યપદ્ધતિ વિશે ચોંકાવનારી વિગતો બહાર આવી હતી.

ફડણવીસે કહ્યું કે ગુપ્તચર માહિતીના આધારે ખરાતની ધરપકડ કરવામાં આવી હતી અને દેશ છોડી શકે તે પહેલાં જ તેને ઝડપી લેવામાં આવ્યો હતો.

પોલીસે ખરાતને ફસાવીને સતર્કતાથી ધરપકડ કરી હતી. આ ખૂબ જ ગંભીર બાબત છે. તેણે પોતાની કહેવાતી સત્તાનો દુરુપયોગ કર્યો અને મહિલાઓ સાથે ગેરવર્તન કર્યું હતું. તેની ધરપકડ કરવાની તૈયારીઓ છેલ્લા કેટલાક સમયથી ચાલી રહી હતી,' એમ પણ ફડણવીસે કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે ઘણી મહિલાઓ શરૂઆતમાં ફરિયાદ નોંધાવવામાં ખચકાટ અનુભવતી હતી, પરંતુ અધિકારીઓ દ્વારા તેમને રક્ષણ આપવામાં આવ્યું હતું. 'કોઈપણ પરિસ્થિતિમાં આ કેસમાં કોઈને પણ બક્ષવામાં આવશે નહીં,' એમ તેમણે કહ્યું હતું.

ખરાત, જે પોતાને નિવૃત્ત મર્ચન્ટ નેવી અધિકારી કહેતા હતા અને 'કેપ્ટન' તરીકે જાણીતા હતા, તેમની ૧૮ માર્ચે ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે ૩૫ વર્ષની મહિલાએ ત્રણ વર્ષમાં અનેક વખત બળાત્કારનો આરોપ તેમના પર લગાવ્યો હતો. મહિલાએ આરોપ લગાવ્યો હતો કે ૨૦૨૨માં

(જુઓ પાનું ૪) ▸▸

### ખરાત સાથે જેમના ફોટા છે તેમણે તાત્કાલિક રાજીનામા આપવા: નાના પટોલે

મુંબઈ: અશોક ખરાતના કૃત્યોને કારણે સમગ્ર મહારાષ્ટ્રની બદનામી થઈ છે અને જે લોકોના તેની સાથે ફોટા સામે આવ્યા છે, તે તમામ લોકોએ નૈતિક જવાબદારી સ્વીકારીને પોતાના પદ પરથી રાજીનામું આપવું જોઈએ, એવી માગ કૉંગ્રેસ નેતા અને ધારાસભ્ય નાના પટોલેએ સોમવારે વિધાનસભામાં કરી હતી. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તેમણે અધ્યક્ષને નિયમ ૧૦૧ હેઠળ તાત્કાલિક ચર્ચા કરવાની વિનંતી પણ કરી હતી.

વિધાનસભામાં બોલતા, નાના પટોલેએ કહ્યું કે, ખરાતને કારણે સમગ્ર રાજ્યની બદનામી થઈ છે. વિધવા મહિલાઓ, ગર્ભવતી મહિલાઓ અને નાની બાળકીઓનું તેણે શોષણ કર્યું છે, જે અત્યંત ગંભીર બાબત છે. અધ્યક્ષે આ મામલાની ગંભીરતા ધ્યાનમાં લેવી જોઈએ અને નિયમ ૧૦૧ હેઠળ

(જુઓ પાનું ૪) ▸▸

# ઘરવિહોણા બાળકો માટે 'સિગ્નલ સ્કૂલ' શરૂ કરાઈ

મુંબઈ: જાહેરાતના લગભગ ત્રણ વર્ષ બાદ, સુધરાઈએ મુંબઈ ઉપનગર જિલ્લા કલેક્ટર કચેરી અને ખાનગી સંસ્થાના સહયોગથી, ઘરવિહોણા, સ્થળાંતરિત અને શાળાએ ન જતાં બાળકોને ઔપચારિક શિક્ષણ પ્રણાલીમાં લાવવા માટે મુંબઈની પ્રથમ ''સિગ્નલ સ્કૂલ'' શરૂ કરી છે. સોમવારે ઉદ્ઘાટન કરવામાં આવેલી આ શાળા ચેમ્બુરના અમર મહલ પાસે સાન્તાક્રુઝ-ચેમ્બુર લિંક રોડ ફ્લાયઓવર નીચે બનાવવામાં આવી છે. આ પહેલ માત્ર પાયાના શિક્ષણ સુધી મર્યાદિત નથી, પરંતુ તેમાં વ્યાવસાયિક તાલીમ અને નાના પાયાના ઉદ્યોગોના પ્રત્યક્ષ અનુભવની સાથે રાંધણકળા, રોબોટિક્સ, વિજ્ઞાન અને કોમ્પ્યુટર શિક્ષણની સુવિધાઓનો પણ સમાવેશ થાય છે. પાલિકા અધિકારીએ જણાવ્યું હતું કે, ''આ મોડેલ રસ્તા પર અથવા ફ્લાયઓવર નીચે રહેતા બાળકો દ્વારા સામનો કરવામાં આવતા શૈક્ષણિક તેમજ સામાજિક, આર્થિક અને મનોવૈજ્ઞાનિક પડકારોને ઉકેલવા માટે તૈયાર કરવામાં આવ્યું છે.'' ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# થાણે-બોરીવલી ટ્વિન ટનલનું ખોદકામ ફરી વિલંબમાં

થાણે: થાણે અને બોરીવલી વચ્ચેનો પ્રવાસ સુગમ બનાવવા માટે ટ્વીન ટનલ યોજના શરુ કરવામાં આવી છે. તે માટે ટનલ બોરિંગ મશીન મગાવવાથી લઈને લોન્ચિંગ શાફ્ટ તૈયાર કરવા સુધીના કાર્યો પ્રગતિમાં હોવાના સમાચાર આવતા રહે છે. પણ હકીકતમાં ટનલ બનાવવાનું કાર્ય હજી શરૂ થયું નથી. છેલ્લા સમાચાર મુજબ તેની શરૂઆત માર્ચ મહિનામાં થવાની હતી. પણ હવે ફરી એક વખત તેમાં મોડું થવાની જાણકારી એમએમઆરડીએ દ્વારા આપવામાં આવી છે.

એમએમઆરડીએ દ્વારા મળેલી જાણકારી અનુસાર હવે ટનલનું કાર્ય એપ્રિલના પહેલા અઠવાડિયામાં શરૂ થવાની અપેક્ષા છે. ૧૮,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે થાણે-બોરીવલી વચ્ચે ૧૧.૮ કિમી લાંબી ટ્વીન ટનલ પ્રવાસનું અંતર ઘટાડીને માત્ર ૧૨ મિનિટ કરશે તેવો દાવો થઇ રહ્યો છે. થાણે તરફ લોન્ચિંગ શાફ્ટ તૈયાર થઇ ગયો છે, જ્યારે બોરીવલીના છેડા તરફ હજી શાફ્ટ પણ તૈયાર થયો નથી. પુનર્વસન બાબતનો નિવેડો આવ્યો (જુઓ પાનું ૪) ▸▸

### નવી મુંબઈ એરપોર્ટ પર નાગરિક સુવિધાઓ બાબત બેઠક યોજાશે: ઉદય સામંત

મુંબઈ: મુંબઈ શહેરમાં આવેલા એકમાત્ર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરનો ભાર ઓછો કરવાના આશયથી શરૂ કરવામાં આવેલા નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઈન્ટરનેટથી લઈને પ્રવાસમાં અગવડ જેવી અનેક સમસ્યાઓનો ઉકેલ આવવાનો હજી બાકી છે. આ બાબતે વિધાનપરિષદમાં પ્રશ્નકાળ દરમિયાન વિધાનસભ્ય સત્યજીત તાંબેએ પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો અને સચિન આહિરે એક પેટા પ્રશ્ન પૂછ્યો હતો.જવાબમાં પ્રધાન ડૉ. ઉદય સામંતે માહિતી આપી હતી કે નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ વિસ્તારમાં નાગરિક સુવિધાઓ અંગે એક બેઠક યોજાશે. એરપોર્ટ સાથે જોડાણ મજબૂત કરવા માટે મેટ્રો અને રોડ પ્રોજેક્ટ્સ પર ભાર મૂકવામાં

(જુઓ પાનું ૪) ▸▸

# છૂટાછેડાની અરજી કરનારી પત્નીની વાંધાજનક તસવીરો પતિએ સોશ્યલ મીડિયા પર વાઇરલ કરી

### રેલવેના એન્જિનિયર એવા પતિના અફેરની જાણ થતાં પત્ની અલગ રહેવા લાગી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રેલવેના એન્જિનિયર એવા પતિના કથિત અફેરની જાણ થતાં અલગ રહેવા લાગેલી પત્નીએ કોર્ટમાં છૂટાછેડા માટે અરજી કરી હતી. આ વાતથી ગિન્નાયેલા પતિએ પત્નીની કથિત વાંધાજનક તસવીરો સોશ્યલ મીડિયા પર વાયરલ કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી.

મલાડ પૂર્વમાં રહેતી ૩૧ વર્ષની મહિલાએ નોંધાવેલી ફરિયાદને આધારે દિંડોશી પોલીસે ભારતીય રેલવેમાં સિનિયર સેક્શન એન્જિનિયર તરીકે ખારમાં ફરજ બજાવતા પતિ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર ફરિયાદીનાં લગ્ન ૨૦૨૦માં આરોપી સાથે રાજસ્થાનમાં થયાં હતાં. લગ્ન બાદ દંપતી ગોરેગામમાં રહેવા આવ્યું હતું. લગ્નના ત્રણેક મહિનામાં જ આરોપીના લગ્નબાહ્ય સંબંધની જાણ પત્નીને થઈ હતી. આ વાતને લઈ દંપતી વચ્ચે વારંવાર વિવાદ થતો હતો.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે પતિ સાથેની રકઝકથી કંટાળી પત્ની પિયરમાં રહેવા ગઈ હતી. આરોપીએ પત્નીના ઘરે જઈ આત્મહત્યાની ધમકી પણ આપી હતી. હાલમાં ફરિયાદી તેની બહેનપણી સાથે મલાડમાં રહે છે. ગયા વર્ષના જૂનમાં ફરિયાદીએ બાન્દ્રા કોર્ટમાં છૂટાછેડા માટે અરજી કરી હતી. આ વાતની જાણ થતાં આરોપીએ ફોન કરી ફરિયાદીને બદનામી કરવાની ધમકી આપી

(જુઓ પાનું ૪) ▸▸

### ફ્રોડના કેસમાં ક્રિપ્ટો એક્સચેન્જ પ્લૅટફૉર્મ કોઈનડીસીએક્સના બે સહસ્થાપકની ધરપકડ

થાણે: થાણેમાં પોલીસે ૭૧.૬ લાખ રૂપિયાના કથિત ફ્રોડના પ્રકરણમાં ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ પ્લૅટફૉર્મના બે સહસ્થાપકની ધરપકડ કરી હતી.થાણેના મુંબ્રા પોલીસ સ્ટેશનમાં ૧૬ માર્ચે નોંધાયેલા એફઆઈઆર બાદ રવિવારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે કોઈનડીસીએક્સના સહસ્થાપકો સુમિત ગુપ્તા, નીરજ ખંડેલવાલ અને અન્યો વિરુદ્ધ છેતરપિંડી, વિશ્વાસઘાત અને ઠગાઈના આરોપસર ગુનો નોંધ્યો હતો.

આ મામલે ૪૨ વર્ષના ઈન્સ્યોરન્સ એડવાઈઝરે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે ક્રિપ્ટોકરન્સી પ્લૅટફૉર્મ સાથે સંકળાયેલી એક કંપનીમાં રોકાણ સામે ઊંચા વળતરનું વચન આપીને ઑગસ્ટ, ૨૦૨૫થી આ વર્ષના માર્ચ સુધીમાં આરોપીએ ૭૧.૬ લાખ રૂપિયા પડાવ્યા હતા. તેને ફ્રેન્ચાઈઝીની તકની પણ ઑફર કરવામાં આવી હતી, એવું પોલીસે જણાવ્યું હતું.

આરોપીની વાતોમાં ભોળવાઈને ફરિયાદીએ અલગ અલગ સમયે રોકડ અને ઑનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા ૭૧,૬૦,૦૧૫ રૂપિયા ટ્રાન્સફર

(જુઓ પાનું ૪) ▸▸

### એપસ્ટીન ફાઈલ્સ અને ઈરાન યુદ્ધ પર કેન્દ્રના વલણ મુદ્દે નાગપુરમાં વિરોધ પ્રદર્શન

નાગપુર: કૉંગ્રેસ અને વંચિત બહુજન આઘાડીએ સોમવારે નાગપુરમાં એપસ્ટીન ફાઇલ્સ પર નરેન્દ્ર મોદી સરકાર પાસે સ્પષ્ટતાની માગ સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમણે પશ્ચિમ એશિયાના સંકટ પર કેન્દ્રના વલણની પણ ટીકા કરી હતી. આ વિરોધ માર્ચ સંવિધાન ચોકથી આરએસએસ મુખ્યાલય સુધી યોજાઈ હતી. સહભાગીઓએ મોરિસ કોલેજ ચોક પર મોદી સરકાર, ભાજપ અને સંઘ પરિવાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.

મહારાષ્ટ્ર કૉંગ્રેસના અધ્યક્ષ હર્ષવર્ધન સપકાલે કહ્યું કે, એપસ્ટીન ફાઇલ્સમાં એવું તો શું છે કે વડા પ્રધાન આ મુદ્દે જવાબ નથી આપી રહ્યા અને ઈરાન વિરુદ્ધના યુદ્ધમાં

(જુઓ પાનું ૪) ▸▸




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**